

(અભિમન્યુનું યુદ્ધગમન, વસંત–સુલોચના, સૌભાગ્ય-
લક્ષ્મી નાટક ઇ૦ ના રચનાર.)

પ્રકાશક—બહેચરદાસ કોદાલાલ શાહ.

ગાબટ (મહિકાંઠા)

કીંમત ૦-૮-૦. પોસ્ટેજ ૦-૧-૦.

દિલિપસિંહ.

(સામાજીક નવલકથા.)

લેખક:—મણિલાલ જીવરામ ગાંધી, જાહરકર.



દિલિપસિંહ.

(સામાજીક નવલકથા.)

લેખક:-મણિલાલ જીવરામ ગાંધી, જાદરકર;

(અભિમન્યુનું યુદ્ધગમન, વસંત-સુલોચના, સૌભાગ્ય-લક્ષ્મી
નાટક, ઇ૦ ના લખનાર.)

પ્રકાશક:-મહેચરદાસ કે[illegible]દાસ શાહ.
ગાખટ, (મહિકાંઠા)

પ્રથમાવૃત્તિ. વિક્રમાર્ક ૧૯૮૨. પ્રત ૫૦૦

કીંમત ૦-૮-૦

અમદાવાદ.
ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.
ઠે. પાંચકુવા—રીચીરોડ.

મુજ દોષ ના દિલમાં ધરી, હરિ ! નયનમાં કરૂણા ભરી,
અરિદળ સબળ બળ સંહરી, તન મન તણી ચિંતા હરી;
તમ પુનિત ચર્ણ સરોજમાં અતિ હર્ષથી અર્પું કૃતી,
દીન દાસ પર લાવી દયા સ્વિકારજો શ્રૃષ્ટિ પતિ.

લી॰ કૃપાભિલાષી કિંકર
મણિલાલ જીવરામ ગાંધી જાદરકર.

અર્પણ પત્રિકા.

(હરિગીત છંદ.)

પ્રભુ પ્રાર્થના.

ગઝલ.

કરૂણાના નિધી ત્હારૂં સ્મરણ સુખકાર લાગે છે,
અચળ શાન્તી તણું ઉરમાં મધુર વાજીંત્ર વાગે છે;
સુકાની છો ત્તમે સાચા, પ્રિતે ભવ તારજો પ્યારા
કૃપાળુ ના થશો ન્યારા, અવર આશા ન એકે છે.

નથી ગુણગાન કરવાની જરાએ શક્તિ સુખદાતા,
અનુચરની ભૂલો કિંચીત ના અવલોકશો પ્યારા;
વિકટ સંસાર સાગરમાં ખડકની બીક ભારે છે,
વિભુ વિશ્વાસ અંતરની વિકળતાને વિદારે છે.

સજી હથિયાર ધન દોલત, ચળિત ચીતને ચળાવે છે,
પ્રભૂ તમ વિણુ એ વેળા મદદમાં કો ન આવે છે;
અસૂરો કૈક સંહાર્યા અભય કર ભક્ત શિર ધાર્યા,
સુદામાના બન્યા સંગી વિદુરજી વ્હાલથી તાર્યા.

દુઃખી દેખી દ્રુપદ બાળા પુર્યા પટકુળ ત્હેં પ્રીતે,
અમીમય આંખ જયાં ત્હારી દમે દુઃશ્મન કઇ રીતે;
અચળ પદ ધ્રૂવને આપ્યું, કરી કરૂણા કમળધારી,
દહ્યાં ભવ દુઃખ શવરીનાં ભરી ઉર ભક્તિનું વારી.

જીવન મોંઘું સફળ કરવા દુઃખીનાં દુઃખ સંહરવા,
દયા, દિનતા રૂપી રત્નો પ્રકાશિત અર્પજો પ્યારા;
અવિદ્યા સઘ સંહારી કરી દુર ક્લેશ દુખઃકારી,
દિલાસો દેશને દેવા હૃદય વિકસાવજો પ્યારા.

જુઠા જગની તજી પરવા, અમોલું આત્મબળ ભરવા,
ધગશ લાગી ગરૂડ ગામી, દયા દર્શાવજો પ્યારા,
ભજન વનમાં ભ્રમણ કરવા વિમળતાથી હૃદય ભરવા,
કરૂ કર જોડીને વિનતી, પ્રિતે સ્વિકારજો પ્યારા.

લી. ચર્ણરજ કિંકર

મણિલાલ જીવરામ ગાંધી બાદરકર

સ્નેહાભિવંદન.

મહાત્માજીના પવિત્ર સિદ્ધાન્તોનું ધર્મપૂર્વક પાલન કરનાર, તિવ્ર દેશપ્રેમ હ્રદયમાં ધરનાર, મોહ, લોભ ઇત્યાદિ શત્રુઓને જ્ઞાનના દિવ્ય શસ્ત્રથી સંહરનાર, કન્યાવિક્રય અને બાળલગ્ન જેવા કુચાલોને નષ્ટ કરવા માટે અવિશ્રાંત ઉપદેશ કરનાર, અને પોતાની જ્ઞાતિ તેમજ દેશનાં બાળકોનાં હ્રદયમાં સદ્‌ગુણોનું બળ ભરવાનો સતત્ પ્રયત્ન કરી દિવ્ય ઉત્સાહ રેડનાર; **વ્હાલા બંધુ બાલુભાઇ મણિભાઇ દેશાઈના પવિત્ર ચર્ણ પંકજમાં.**

(હરિગીત)

દુઃખ દીનનાં દેખી નિરંતર નિર નયન ઉભરાય છે,
સ્વાતંત્ર્યનું બળ સ્થાપવા ઉત્સુક ઉર દેખાય છે;
મેરૂ સમી દ્રઢતા, કદી નવ સ્વાર્થનો વા વાય છે,
પરમાર્થની પ્રતિમા મનોહર! સ્નેહથી સૌ ચ્હાય છે.
હણવા કુચાલ સમાજના આનંદથી પરિશ્રમ સહે,
ઇચ્છા ન કિંચીત માનની, અપમાન ના અંતર દહે!
દેશોન્નતિના વિષયને તું ચર્ચતો પ્રતિપળ રહે,
સાદાઇના સાગર! નિડર! દિલ પ્રેમની સરિતા વહે.
અજ્ઞાનરૂપ દુઃખકાર દુશ્મન બોધ શસ્ત્રે સંહરે,
તજી તુચ્છ ઇચ્છા ધન તણી તું દિવ્ય વનમાં વિચરે.
વિદ્યા પ્રતિ અતિ પ્રીત, ચિત પરહીતને નિશદિન સ્મરે,
સદ્‌ગુણ તણા ભંડાર! મુજ ઉર વ્હાલથી વંદન કરે!

લી. પ્રેમાંકિત

મણિલાલ જીવરામ ગાંધી જાદરકર.

આભાર દર્શન.

પરમપ્રિય વૈદ્યરાજ વાસુદેવભાઇ શામળદાસ.

હરિગિત.

સ્વાતંત્ર્યના સુખકર પવનમાં પ્રેમપૂર્વક મ્હાલવા,
ઇચ્છા હતી બહુ સમયથી વૈદક વિષય અવલોકવા;
પરિચય હતો બહુ અલ્પ, પણ મમતા ધરી અંતર અતી,
આભાર ભૂલું શી રીતે? મુજ આશ કીધી ફળવતી.

નિરખી ચિકિત્સામાં નિપુણતા હૃદય હર્ષિત થાય છે,
પરમાર્થ પ્રિય હૈડું! અહા! જન સમુહ આકર્ષાય છે;
અંતર તણા ઔદાર્યમાં દેખાય ના ખામી રતી,
આભાર ભૂલું શી રીતે? મુજ આશ કીધી ફળવતી.

નિતિ-ધર્મમય જીવન મધુર, ઉર સ્નેહની સરિતા ભરી,
ઉત્સુક બન્યો અભિવંદવા કરમાં કુસુમમાળા ધરી;
વરજો વિજયશ્રી વ્હાલથી એ પ્રાર્થના ઇશ્વર પ્રતી,
આભાર ભૂલું શી રીતે? મુજ આશ કીધી ફળવતી.

લી. સ્નેહાંકિત,
મણિલાલ જીવરામ ગાંધી-જાદરકર.

લેખકની પ્રસ્તાવના.

પરમ દયાઘન પ્રભુની અપરિમીત અનુકંપાથી આજે પુનઃ એક પુસ્તક વાંચક બંધુઓના કરકમળમાં મૂકવા ભાગ્યશાળી થાઉં છું એ જોઇ અંતર અત્યંત આલ્હાદિત થાય છે. પ્રસ્તુત પુસ્તક આટલી ત્વરાથી પ્રકટ કરવાના અનુકુળ સંયોગો પ્રાપ્ત થશે એવી તો સ્વપ્ને પણ આશા નહોતી, છતાં—

" મૂગો વદે વાણી વિમળ ભિક્ષુક બને દાનેશ્વરી;
પર્વત ઉલ્લંઘે પાંગળો, પળમાં, ચહે જો શ્રીહરી. "

એ ન્યાયે આજે મ્હારી નિરાશા, આશાના આનંદજનક રૂપમાં પરિવર્તિત થઇ શકી છે.

" માતા ! સંખ્યાબંધ સાક્ષરો લાલિત્યપૂર્ણ લીપિમાં હૃદય-સ્પર્શી લેખો લખી લખીને થાકયા, છતાં ત્હારાં નયનમાં ઉષ્ણુ આંસુડાંજ અવલોકાય છે, સેંકડો શ્રીમંતોએ ઉદારતાપૂર્વક પોતાના સર્વસ્વનું બળિદાન આપ્યું, છતાં ત્હારૂં અંતર નિરંતર દુઃખના આઘાતથી વિદિર્ણ થતુંજ વિલોકાય છે; અનેક વિરપુત્રોએ મોહ, માયા તજી દેશભક્તિની દિવ્યદિક્ષા લીધી, છતાં ત્હારા કરમાં તો હજુ પરતંત્રતાની લોહશૃંખલાજ જણાય છે.

જનની ! હજુ ત્હારાં લાખો અજ્ઞાન બાળકો રોટલીના એક ટૂકડા માટે પરસ્પર લડી મરે છે, ત્હારા કેટલાયે કુલાંગારો

કન્યાવિક્રય કરી પોતાનાં પાપી પેટ ભરે છે, સેંકડો શયતાનો કર્તવ્યભ્રષ્ટ બની સ્વેચ્છાના પંથપર વિચરે છે. ત્હારાં ભિનાં નેત્ર શી રીતે સુકાય ?

પણ માડી ! નિરાશ ન બનીશ. અસ્તોદયના અચળ સિદ્ધાંત પ્રમાણે એક સમય એવો પણ આવશે કે ત્હારે માટે ત્હારૂં એકે એક બાળક પ્રાણાર્પણ કરવા તૈયાર થશે, અને ત્હારા દુઃખનો અંત આવશે. ”

આ પુસ્તકની અંદર, ઉપરોક્ત લેખના અંતિમભાગમાં લખેલી લીટીઓ પોતાના મૂર્તિમંત સ્વરૂપમાં દર્શન આપે, એવા ઉદ્દેશને લક્ષમાં રાખી; કુસંપ, ગર્વ અને વિશ્વાસઘાતથી થતાં અનિષ્ટ પરિણામનું દિગ્દર્શન કરાવવાનો બનતો પ્રયત્ન કરેલો છે. તેમજ દાંપત્યસ્નેહ, દેશભક્તિ વગેરે દિવ્ય વિષયોને પણ વાર્તામાં સંકલિત કરવામાં આવ્યા છે. આ પુસ્તકના વાંચનથી પ્રિય આર્યબંધુઓનાં અંતર કંઇકઅંશે પણ આહ્લાદિત થશે તો હું, મ્હારો શ્રમ સફળ થયો માનીશ.

છેવટે, જેજે મહાશયોએ મ્હારા પ્રસ્તુત કાર્યપ્રત્યે ઉત્સાહ પ્રદર્શિત કર્યો છે તે સર્વનો આ સ્થળે આભાર માનવાનું ભૂલી શકતો નથી.

ગાબટ, એ. વી. સ્કૂલ તા. ૨૩-૧૨-૧૯૨૫	મણિલાલ જીવરામ ગાંધી, જાદરકર.

દેશભકત દિલિપસિંહ.

પ્રકરણ ૧ લું.

દૃઢ નિર્ણય.

રૈયત તણા કલ્યાણમાં મુજ હૃદયની શાન્તી વસે,
મૃત્યુ પછી પણ ઇશ પાસે માગણી એવી થશે;
રૈયત તણાં દુઃખ ના ટળે તો જીંદગી મિથ્યા ગણું,
કંટક બની પીંડનાર જાલીમ શત્રુઓ સત્વર હણું.

કુસુમપુરના શુરવિર યુવાન નૃપતિએ આગલે દિવસે પોત... સામંતો આગળ એક અગત્યના કાર્યક્રમ માટે ખાસ દરબાર ભરવાની ઇચ્છા પ્રદર્શિત કરેલી હોવાથી, આજે અનેક વિર ક્ષત્રિઓ ઉચીત વસ્ત્ર પરિધાન કરી દરબારગઢ આગળ એકત્ર થતા જાયછે પ્રત્યેકના મુખ પર ઉત્સાહ અને ગાંભિર્યનાં ચિન્હ સ્પષ્ટ જણાતાં હતાં. અધિકારી વર્ગ પોતપોતાના યોગ્ય સ્થાનમાં ગોઠવાઇ ગયો. અદ્યાપી એક મનોહર આકારનું ઉચ્ચ સિંહાસન ખાલી પડેલું હતું કારણ કે એ ઉચ્ચાસનને શોભાવનાર ક્ષત્રિય કુળ કિરિટ દિલિપસિંહના આગમનને હજુ લગભગ દશ મિનિટનો અવકાશ હતો.

આજનો દરબાર હંમેશ કરતાં ખાસ દબદબાથી ભરવામાં આવ્યો હતો. આગલે દિવસે રાજાએ આપેલી સુચના પ્રમાણે એ ભવ્ય ભૂવનમાં ઉંચી કારીગરીવાળા ગાલીચા બીછાવી દીધા હતા. વારંવાર દ્રષ્ટિ આગળ દેખાય એવી ઢબથી, હૃદયમાં "સ્વદેશ પ્રેમ" ની ભાવનાઓ પ્રદિપ્ત કરનારાં સોનેરી અક્ષરે ભરેલાં અનેક વાકયો કાચની તખ્તીઓમાં જડી, દિવાલ પર લટકાવી દીધાં હતાં.

મહારાણા પ્રતાપ, છત્રપતી શિવાજી ઇત્યાદી અનેક, દેશ અને ધર્મરક્ષક નરરત્નોના ફોટા લટકાવી દીધા હતા. મધુર પરિમળને પ્રસરાવનાર કીંમતી પદાર્થોનો છુટથી ઉપયોગ કરેલો હોવાથી આખું ભૂવન સુગંધયુક્ત થઇ રહ્યું હતું. સભામાં વિરાજેલા સામંતો પરસ્પર મંદ ધ્વનીથી વાર્તાલાપ કરતા હતા એટલામાં દ્વારપાળે મહારાજાના આગમનની નેકી પોકારી અને સભામાં સર્વત્ર શાંતતા પ્રસરી ગઇ.

દિલિપસિહના ભાલપ્રદેશપર શૌર્યની એવી અલૌકિક પ્રભા ચમકતી હતી કે તેનું દર્શનમાત્ર પ્રતિસ્પર્ધીઓના ગર્વનું ચુર્ણ કરવા માટે બસ હતું. હજુ હમણાં જ તેણે યુવાવસ્થામાં પગ મુકયો છે. મુખપર મર્દાનગીની છાપ હતી હૃદયપટપર સ્વદેશાભિમાનની વિશાળ ભાવના અંકિત થએલી હતી.

સામંતોનું અભિવંદન સ્વિકારી સિંહાસનપર બેસતાંજ દિલિપસિંહે પોતાના ગજવામાંથી એક પત્ર કાઢયો, અને તેને સર્વ સભાજનો સમક્ષ વાંચી બતાવવાની મંત્રીને સુચના કરી.

એ પત્રમાં નીચે પ્રમાણે ઉલ્લેખ હતો.

કનકપુર, તા.

કુસુમપુર નરેશ દિલિપસિંહ—

ચાલુ સાલની ખંડણીને માટે તમને અનેકવાર પત્રોદ્વારા ચેતવણી આપ્યા છતાં હજુ સુધી અમારી સુચનાઓ પ્રત્યે તમે કિંચીત પણ ધ્યાન આપ્યું નથી આ ઉપરથી અમને એમ લાગે છે કે તમે સત્તા સામે ખંડ ઉઠાવવાના વિઘાતક માર્ગનું અવલંબન કરવા ઉધુક્ત થયા હશો.

એક દયાળુ રાજ્યની ફરજ એ છે કે, સાહસ કરી એકદમ અસંખ્ય કીંમતી મનુષ્યોના જીવનનો ધ્વંસ કરી ભૂમિપર નર-રક્તની નદીયો વહેવરાવવા કરતાં બની શકે ત્યાં સુધી શાંતિ અને સલાહ સંપ કાયમ રાખવાનો પ્રબંધ રચવો. આ પવિત્ર ફરજને આધિન થઇ મ્હારે તમને છેલ્લીવાર જણાવવું પડે છે કે આ પત્ર પહોંચ્યા પછી સાત દિવસની અંદર ખંડણી મોકલી દેશો. જો તેમ કરવામાં વિલંબ થશે તો તેનું પરિણામ તમારા રાજ્યની પાયમાલીમાં જ આવશે. તમે તમારા મસ્તિષ્કમાં શુર-વિરતાનો ઘમંડ ધરાવતા હશો, પરંતુ ખૂબ ખ્યાલમાં રાખશો કે સૂર્યતેજ સમક્ષ દિપકના અલ્પ પ્રકાશની સરખામણી થઇ શકશે નહિ. હિમાલય સમાન મહાન ગિરિવર આગળ, એક પત્થર હરિફાઇ કરી શકશે નહિ. અરણ્યમાં વિરહાક વગાડનાર વિકાળ શાર્દુલ સાથેના યુદ્ધમાં શૃગાલો ટકી શકશે નહિ. માટે જો તમે તમારા પ્રાણુની, કુટુંબની, રૈયતની અને એકંદરે આખા રાજ્યની સલામતી ઇચ્છતા હો તો, પ્રાણુહારક ધારણાઓને ત્યાગી દઇ

ખંડણી સત્વરે મોકલી આપશો, નહિ તો અમે અમારા બળવાન સૈન્ય સાથે આક્રમણ કરી તમારા તસુભર રાજ્યને છિન્નભિન્ન કરી નાખીશું. પ્રત્યુત્તર તાકીદે આપશો. લી૦

મહારાજા સામંતસિંહ.

પત્રની પ્રત્યેક લીટી સભામાં વિરાજેલા ક્ષત્રિય વિરોને તીર સમાન લાગી. કારણ કે એ ક્ષત્રિયો આજકાલના રાજપુત જાતિને કાળો ડાઘ લગાડનાર ક્ષત્રિયોની પેઠે વ્યસની, વ્યભિચારી, જુગારી અને નિર્માલ્ય નહોતા. તેમનામાં પોતાના કુળનું અને ગૌરવનું અસાધારણ અભિમાન હતું.

મહારાજા દિલિપસિંહ એ પત્ર સંબંધી કંઇપણ ઉદ્દગાર કાઢે તે પહેલાં જ સેનાપતિ રણવીરે ઉભા થઇ તિક્ષ્ણ વાણીથી કહેવા માંડયું:-

" હું ધારૂં છું કે હજુ સામંતસિંહને ખરા ક્ષત્રિય-સિંહની પરિક્ષા કરવાની તક જ મળી નથી. માત્ર કુવાને જ મહાન જળાશય માનનાર દેડકાએ વિશાળ મહાસાગરનું વિલોકન કરવું જોઇએ. "

પૃથ્વીરાજ નામના એક શુરા સરદારે ઉભા થઇ કહ્યું-"મ્હને લાગે છે કે એની રાજ્યસભામાં ખરા ક્ષત્રિય વીરની ખોટજ હોવી જોઇએ, નહિતો જે કુસુમપુર પતિની વિરતા માટે આખું ભારત-વર્ષ મુક્તકંઠે પ્રશંસા કરે છે, તેના ઉપર પત્ર લખતી વેળા આવા મૂર્ખતાભર્યા અને અસભ્ય શબ્દો વાપરતા પહેલાં અવશ્ય પુખ્ત વિચાર કરત."

વિમળદેવ નામનો એક વિશ વર્ષનો, ક્ષત્રિય તેજથી વિભૂષિત યુવક કમ્મરમાંથી તલવાર બહાર કાઢીને બોલ્યો–" જો મહારાજાની આજ્ઞા હોય તો અમે હાલને હાલ એ મિથ્યાભિમાની મૂર્ખને, જગતમાં ખરા ક્ષત્રિયોના અસ્તિત્વનું ભાન કરાવી, તેની મગરૂરીનું મર્દન કરી નાખવા તૈયાર છીએ."

રાજા દિલિપસિંહે આનંદ પ્રદર્શીત કરતાં જણાવ્યું કે– મ્હારા રાજય-રક્ષક શુરવીર સરદારો ! હું તમારા મુખમાંથી આવાજ પ્રકારનાં વચનો સાંભળવાની આશા રાખતો હતો. તમારી નિઃસીમ સ્વામીભક્તિ જોઇ મ્હારૂં હૃદય હર્ષથી છલકાઈ જાય છે. જયાં સુધી મ્હારા સૈન્યમાં તમારા જેવા ક્ષત્રિયકુળપ્રતિભા રક્ષક નિમકહલાલ યોદ્ધાઓનું અસ્તિત્વ છે, ત્યાં સુધી કુસુમપુરને સ્વતંત્ર બનાવવાની ઇચ્છાના પંથમાં કોઇપણ કંટકરૂપ થઇ શકશે નહિ અને કદાચ થશે તો તેને યમપુરીનો માર્ગ પકડવો પડશે. પોતાના વિસ્તૃત રાજયનો ગર્વ ધરાવનાર એ સામંતસિંહે આજ સુધીમાં આપણી પાસેથી આપણા પૂર્વજોની ભલમનસાઇનો લાભ લઇ કોઇપણ પ્રકારના હક્ક વગર ખંડણીના સ્વરૂપમાં અઢળક ધન લુંટી લઇ આપણા રાજયની જાહોજલાલીને ભારે હાની પહોંચાડી છે. જે દ્રવ્યની, સામંતસિંહ ખંડણી તરીકે, વિના હક્કે માગણી કરે છે, તેટલું દ્રવ્ય પ્રજાના કલ્યાણ માટે વપરાય તો રાજયની આબાદીમાં અસાધારણ અભિવૃદ્ધિ થાય એમ મ્હારૂં મન્તવ્ય છે અને તેથી રાજા અને પ્રજા ઉભયના હિતની ખાતર મ્હેં કુસુમપુરના રાજય મુકુટને સંપુર્ણ સ્વતંત્ર તરીકે જાહેર કરવાનો અને એ મન્દોમત્તનો મદ ઉતાર-

વાનો દ્રઢ નિર્ણય કર્યો છે. જે સરદારને મ્હારા આ વિચાર પ્રતિકુળ ભાસતા હોય તેણે પોતાની વાંચ્છના સભા સમક્ષ સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરવી, એવી મ્હારી ઇચ્છા છે. કારણ કે એક પ્રકારનો દ્રઢ નિશ્ચય થયા પછી, પાછળથી તેમાં ભિન્ન ભિન્ન અભિપ્રાયનું અવલોકન થાય તો પરિણામ નિરાશાજનકજ આવે.

સર્વ સરદારોએ એક સાથે ગગનવેધક ધ્વનિથી કહ્યું–"મહારાજાનો વિચાર એજ અમારો વિચાર છે. અમારી ભૂમિને સ્વતંત્ર બનાવવાનો નિર્ણય આ પળેજ અમલમાં મુકાએલો જોવા અમે ઉત્સુક છીએ. વિજય પ્રાપ્ત કરી રાજ્યને સ્વતંત્ર બનાવવું, અથવા તો સમરાંગણમાં ક્ષત્રિય શૌર્યનો પરિચય કરાવી, લઢતાં લઢતાં અમરકિર્તિ સહિત મૃત્યુ પામવું એજ અમારો સર્વનો દ્રઢ નિર્ધાર છે."

એના પ્રત્યુત્તર રૂપે રાજાનાં નેત્રમાંથી હર્ષાશ્રુનાં બિંદુ ખરી પડયાં. સેનાપતિ રણવીરે તેજ ક્ષણથી શત્રુપક્ષના આક્રમણનો પ્રતિકાર કરવા માટે સૈન્યને શસ્ત્રાસ્ત્રથી સજ્જ બનાવવાની ઉચીત તૈયારીઓ કરવા માંડી તેમજ કિલ્લાના રક્ષણ માટેની આવશ્યક યુક્તિઓની પણ શરૂઆત કરી દીધી.

ઓ પ્રભુ ! આના કરતાં તો મ્હારાં માતપિતાએ મ્હને જીવતીજ સરિતામાં ફેંકી દીધી હોત તો સારૂં ! અરે ! બાળપણમાં જ ઝેર દઇ મ્હારી જીંદગીના ઉગતા છોડને ધુંદી નાખ્યો હોત તો અત્યારે આમ ઉષ્ણ આંસુ વડે ભૂમિને ભીંજાવવાનો વખત ન આવત. ઓ ખૂની કરતાં પણ અધિક ક્રૂર હૃદયી તાત ! ત્હારે ત્યાં જન્મ ધારણ કરી એવો તે મ્હેં શો અપરાધ કર્યો કે જેને માટે ત્હેં મ્હારા આશા ભરેલા અબળા અવતારમાં હળાહળ વિષ ભેળવ્યું ! સ્વર્ગસમાન્ રળિયામણા સંસારને મ્હારે માટે સળગતા સ્મશાન રૂપ કરી મુકયો ? ત્હારી સ્વાર્થાધતાને લીધે મ્હારૂં હૃદય હવે ત્હને પિતા કહી સંબોધવાની ના પાડે છે. શુ ત્હારા ઉરમાં કરૂણાનું એક પણ ટીપું નથી ? પ્રભુનો ભય, દયા, લાગણી ઇત્યાદી તત્વોને શું ત્હેં સળગાવી દીધાં છે ! ઓ નરપિશાચ ! મ્હારા શિવાય ત્હારા અંતરમાં જન્મ પામેલી દ્રવ્યવાન થવાની વાંચ્છનાને પુર્ણ કરવાનું ત્હને એકપણ સાધન

પ્રકરણ ૨ જું.

હૃદયદ્રાવક વેદના.

કરી લગ્ન નિજ સંતાનનાં માતાપિતા હરખાય છે,
પરિતાપકર પરિણામનો ના ખ્યાલ અંતર થાય છે;
ગુણ-કર્મ કે ઉમ્મર તણું મળતાપણું ન મપાય છે,
બહુ મુલ્ય માળા રત્નની મર્કટ ગળે બંધાય છે.

ન મળ્યુ ? વિશ્વરૂપી વિશાળ મેદાનમાં જીવનનિર્વાહ માટે વ્યાપાર હુન્નર, ખેતી, નોકરી ઈત્યાદિ અનેક રસ્તા છે. તેમાંથી ત્હને કંઇ ન સૂઝયું ? છેવટે ત્હને ભીખ માગતાં પણ ન આવડી ? કે વણિકના નામને કાળો ડાઘ લગાડનાર, અને મનુષ્યજાતિની અધમતાનો અંત દર્શાવનાર નર્કગામી કૃત્યમાં કર ધર્યો ? હાય ! એ વેળા મ્હારી અજ્ઞાનાવસ્થા હતી. લગ્ન એ શી વસ્તુ હશે એની કલ્પના પણ મ્હારા અંતરમાં નહોતી. નહિતો આ દુષ્ટ ! ત્હારો સ્વાર્થી હેતુ હું ભાગ્યેજ પાર પડવા દેત ! ત્હારા સ્વાર્થનો શિકાર થતા પહેલાં હુ મ્હારો જીવન દિપકજ બુઝાવી નાખત. પણ વ્યર્થ ! હવે એ પશ્ચાતાપ સર્વથા વ્યર્થ છે ! મ્હારૂ કાળજું સંતાપના આઘાતથી વિદીર્ણ થાય છે, છતાં એ દૈત્ય ! ત્હારી આકાંક્ષા સંપૂર્ણરીતે ફળવતી થએલી હોવાથી તું નિરાંતે યથેચ્છ સુખનો ઉપભોગ કરે છે. પણ નહિ ! જગત્પીતા ત્હને કદાપી જંપવા દેશે નહિ. અલ્પકાળમાંજ ત્હારા સર્વ સુખનો સંહાર કરી પાપકર્મનાં કડવાં ફળ ત્હને ચખાડશે.

પ્રિયવાંચકો ! કુસુમપુરના સોમચંદ નામના એક આગેવાન શહેરીની પુત્રવધુ કાન્તાના મુખમાંથી ઉપર પ્રમાણે શોકોદ્ગાર નીકળી રહ્યા છે. કારણકે તેના નિષ્ઠુર પિતા અર્થદાસે પોતાની દારિદ્રયાવસ્થા દુર કરવા માટે કાન્તા જેવી દેવકન્યાને સોમચંદ શેઠના ૧૦ વર્ષના પુત્ર કુંદનલાલ જોડે પરણાવી હતી. પરણાવી દેવાનુ માત્ર એજ કારણથી ઉચીત ધાર્યું હતું કે પારણામાંથીજ પુત્રનુ વેવિશાળ થવાથી પોતાની એક આગેવાન શહેરી તરીકેની પ્રતિષ્ઠા સર્વત્ર અધિક પ્રમાણમાં ફેલાશે. વળી પોતાના પુત્રનો એક પગ

તોફાનમાં ભાગ લેતાં લુલો થયો હતો. શાળાપ્રત્યે તદ્દન અભાવ હતો ઇત્યાદી કારણોને લીધે સોમચંદશેઠના પુત્રને પૈસાદાર હોવાં છતાં અથદાસ વિના કોઇપણ સાહુદય તાત પોતાની પુત્રીનું જીવન સોંપે એ સર્વથા અશકય હતું. શેઠે, અર્થદાસના અંતરની લોભવૃત્તી ઓળખીને તેને પોતાની દ્રવ્ય જળમાં સપડાવ્યો. અર્થ-દાસને પુત્રીના કલ્યાણની પરવાજ નહોતી. મનમાનતાં નાણાંની રકમ મળતી જોઇ તેને સ્વર્ગ માત્ર ત્રણ આંગળજ દુર દેખાવા લાગ્યું. અત્યંત આનંદપૂર્વક તેણે પોતાની સૌંદર્યમંડિત પુત્રીનો વિવાહ નામે કુંદનલાલ પણ ખરી રીતે પત્થરલાલ જોડે નક્કી કર્યો અને અલ્પકાળમાં ધામધૂમથી લગ્ન પણ કરી દીધું.

જ્યાં હિંદુ સંસાર, પ્રાચિન રૃષિ–મુનિ પ્રણિત લગ્નના પવિત્ર હેતુઓ પ્રત્યેની બેદરકારીને લીધે પ્રતિવર્ષે કાન્તા જેવી હજારો નિર્દોષ બાળાઓના આર્તનાદથી પતિત થાય છે, તેનો ઉત્કર્ષ સર્વથા અશકય છે. જયાં સુધી લગ્નના પવિત્ર ઉદ્દેશનું યથાર્થ પાલન ન થાય ત્યાં સુધી હિંદુ સંસારમાં સુખ–શાંતિ અને શુદ્ધ દાંપત્ય પ્રેમ જોવાની ધારણા રાખવી, એ શેખસલ્લીની આકાશ હવામાં મ્હેલ બાંધવા બરાબર છે. અસ્તુ.

વાચક! કાન્તાના શોકોદ્ગાર સાંભળી શું તું ત્હેને અસભ્ય કહી શકીશ? "પતિ ગમે તેવો મળે છતાં તેને પ્રભુતુલ્ય ગણી પુજવો એ સતિનો ધર્મ છે" એ સુત્રનું સમર્થન કરી શું તું કાન્તાને ઉચ્છૃંખલ માનીશ? આવું મન્તવ્ય ધરાવનારાઓએ સુક્ષ્મદ્રષ્ટિથી વિચાર કરવો જોઇએ કે માતાપિતા પોતાનો સ્વાર્થ સાધવા માટે જાણીજોઇનેજ પુત્રીઓને કુવામાં ધકેલે તેમાં પ્રારબ્ધ

બિચારી શું કરે ? દુઃખદાયક પરિણામની ખાત્રી હોવા છતાં તેના તરફ દુર્લક્ષ્ય કરી જયારે નીચ કૃત્યનું અવલંબન કરવામાં આવે તો ભાગ્યને શા માટે દોષ દેવો જોઇએ ?

ખચીત ! લોભી પિતાઓની સ્વાર્થાંધતાને લીધે હવે વિશ્વ માંથી વાત્સલ્ય પ્રેમ નષ્ટ થવા માંડયો છે. કન્યાવિક્રયની નર્કગામી પ્રણાલિકા પ્રચલિત નહોતી ત્યાં સુધી પુત્રીઓનાં મુખમાંથી પોતાના શિરછત્ર પુજય પિતા પ્રત્યે આવા પ્રકારના નિચ ઉદ્દગાર કદીપણ સંભળાતા નહોતા.

કાન્તાને તેની જન્મદાત્રી માતા ૭ વર્ષની મુકીને સ્વર્ગવાસી થઇ હતી એટલે વિદ્યાવિભુષિત થવાનું ભાગ્ય તે પ્રાપ્ત કરી શકી નહોતી, પરંતુ તેની માતા શુશીલાના ઉચ્ચ સંસ્કારનુ બળ ધીમે ધીમે કાન્તાના જીવનમાં ઉતરવા લાગ્યું હતું. વળી શુશીલાએ પોતાની હયાતી સુધી કાન્તાને નિર્દોષ, ધાર્મિક અને નૈતિક વાર્તાઓ સંભળાવી તેની ઉચ્ચ વૃત્તીઓને વિકસાવવાનો ઉચીત યત્ન કર્યો હતો. કાન્તાને કોઇ ગુણીયલ નરરત્નના કરમાં સોંપી તેનુ જીવન મનોરમ્ય બનાવવાની તેણે મોટી મોટી આશાઓ બાંધી હતી. પરંતુ ક્રૂરકાળનું અચાનક આગમન થતાં તેની સર્વ આશાઓ મનમાંજ રહી ગઈ.

કાન્તાએ પોતાના મનોબળ ઉપર અંકુશ મેળવા દુઃખદ સ્થિતિમાં પણ સંતોષ માનવાના શક્ય તેટલા પ્રયત્ન કર્યાં. પણ વ્યર્થ ! યૌવનના વસંતકાળમાં વિહરતી બાળાને લગ્નગ્રંથીએ ગુંથાયા છતાં, એકાંતમાં જીવનપર્યંત નિઃશ્વાસ નાખવાની સ્થિતિ અસહ્ય થઈ પડી. તેથી જ તેણે પ્રસ્તુત પ્રકરણના પ્રારંભમ દર્શાવ્યા પ્રમાણે શોકોદ્ગાર કાઢવા માંડયા હતા.

અત્યારે કાન્તાનું વય ૧૭ વર્ષનું છે, અને તેના પ્રાણેશ્વરે પંદરમા વર્ષમાં પગ મુકયો છે. કુંદનલાલના વર્તનમાં કેટલાક વ્યસની, વ્યભિચારી અને મતલબી મિત્રોના સંસર્ગને લીધે, અનીતિ અને વિવિધ પ્રકારનાં વ્યસનનો રંગ લાગવા માંડયો. પ્રથમ જણાવ્યા પ્રમાણે નિશાળનું મુખતો તે સ્વપ્નમાં પણ જોવા ઇચ્છતો નહોતો. સ્વચ્છંદપણે વર્તી દ્રવ્ય ઉડાવવું અને મવ્વાલી મિત્રોની જોડે વ્યસનમાં ચકચૂર બની મોડી રાત્રી સુધી ગામમાં ભટકવું એજ તેનો હંમેશનો કાયક્રમ હતો.

જે વખતે કાન્તા પોતાના શયનખંડમાં બેઠાં બેઠાં હૃદયમાં જામેલ દુઃખને લીધે નેત્રમાં નિર લાવી સંતપ્ત થતી હતી, તે વેળા અચાનક તેનો વ્યસની પતિ કુંદનલાલ ત્યાં લથડીયાં ખાતો ખાતો આવી પહોંચ્યો. કાન્તા ત્વરીત ગતીથી પાલવ વડે અશ્રુ લુછી સ્વસ્થ બની અને મુખમાંથી મધુર પુષ્પ વેરતી વેરતી સ્વામીનો સત્કાર કરવા ઉભી થઇ.

"પધારો પ્રિયતમ ! આજે ઘણે દહાડે કિંકરીને દર્શન દઇ કૃતાર્થ કરી."

કુંદનલાલ—હવે જાણી તને મોટી પંડિતની છોકરીને ! જયારે ત્યારે ચાવી ચાવીને બોલે છે ! મ્હારી સાફ મનાઇ છે કે હવેથી આવો નકામો બકવાટ કદી કરવો નહિ અને કરીશ તો ત્હારાં હાડકાંજ ખોખરાં કરી નાખીશ.

સન્માનના બદલામાં વજ્રસમાન પ્રત્યુત્તર સાંભળી કાન્તાનું હૃદય વિદિર્ણ બન્યું. છતાં તેણે ક્રોધની જવાળાને ઉદરમાં સમાવી દીધી અને કહ્યું—"હવે આપ જેમ કહેશો તેમ કરીશ."

કુંદનલાલે તેનું એ વાક્ય પકડી લઇને કહ્યું-શું તું મ્હારૂં કહેવું ચોક્કસ માનીશ ?

કાન્તા—મ્હારે આપનાથી અધિક બીજું શું છે મ્હારા પ્રભુ ? કે હું આપની આજ્ઞાનો અનાદર કરૂં ?

કુંદનલાલ—ઠીક ત્યારે ! મ્હારે એક મુસલમાન મિત્રનું આશરે રૂ. ૧૨૦૦) નું દેવું છે. નાણાંની તે ઘણીજ તાકીદ કરે છે અને નહિ ભરાય તો પ્રાણ લેવાની ધમકી આપે છે. પિતાજી હમણાં પૈસાની બાબતમાં બહુ તપી જાય છે, એટલે તેમની પાસે માગવાથી કામ બને તેમ નથી, માટે ત્હારો ચંદ્રહાર હાલને હાલ આપ ! !

પતીની ફરજ એ છે કે પત્નીનું યોગ્ય પ્રકારે લાલનપાલન કરી તેને સદૈવ સુખમાં રાખવી, તેને બદલે આપણા આ નફ્ટ કુંદનલાલ પત્નીને લુંટવાનોજ હિસાબ કરી રહ્યા છે ! કાન્તાને સ્થાને જો કોઇ અર્વાચીન યુગની ફૅશન વિભૂષિત વનિતા હોત તો તેણે આ માનવંતા પતીને ક્યારનાય અનેક સ્વસ્તી વચનથી વધાવી લઇ, ગૃહની આબરૂનું લીલામ કરી દીધું હોત ! પરંતુ તે એક સહનશીલ બાળા હતી. તેણે મન સાથે વિચાર કર્યો કે જ્યારથી પતિના ચારિત્ર્યમાં ભ્રષ્ટતા પ્રવેશી છે ત્યારથીજ મ્હારૂં તો સર્વસ્વ ગયુ જ છે. ત્યારે હવે નાહક અલંકારની ખોટી મમતા શા માટે રાખવી ? પ્રભુ કૃપાથી કોઇ દિવસ પણ સ્વામીની બુદ્ધિ ઠેકાણે આવશે તો સંપત્તિ પળવારમાં પ્રાપ્ત થશે અને નહિતો જીવન ત્યાગ કર્યા વિના અન્ય એક પ્રણ શાન્તિનો

માર્ગજ નથી. કારણકે મ્હેં તો શિખામણનાં વચન અનેકવાર કહ્યાં, પણ તેમને કંઈ અસરજ થતી નથી. આ વિચાર સાથે દ્રઢ થઇ તેણે તુર્તજ પોતાની ડોકમાંથી ચંદ્રહાર ઉતારીને પતીના હસ્તમાં મુકયો.

ધન્ય આર્યબાળા! ત્હારા સંયમબળને લાખ્ખો ધન્યવાદ છે! ત્હારા જેવી પતિચર્ણપંકજમાં અનુરાગ ધરાવનાર રમણીઓને લીધેજ આર્યાવર્તનું જેવું તેવું પણ ગૌરવ હજુ ટકી રહ્યું છે.

કુંદનલાલ ચંદ્રહાર લઈ પત્ની પ્રત્યે આભારદર્શક એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યા શિવાય એકદમ ચોરની માફક ચાલ્યો ગયો.

અહા! આર્યકુળોદ્ધારક કાન્તા! આવા નિષ્ઠુર હૃદયી-બેકદર પતીને બદલે જો કદાચ તું ગુણીયલ-અનુકુલ કંથ પામી હોત તો ત્હારૂં જીવન કેટલું ઉન્નત થાત? ત્હારા ઉત્કૃષ્ટ વર્તનને અનુસરીને કેટલી આર્યબાળાઓનો સંસાર સુખમય બનત? એ પ્રશ્ન હૃદયમાં ઉપસ્થિત થતાં સ્વાભાવિક રીતેજ અમારાથી એમ બોલાઇ જાય છે કે—"ઓ પુત્રીનો ભવ બગાડનાર સ્વાર્થસાધક શયતાનો! તમારા જેવા નારકી ચાંડાલોને લીધેજ ઉત્કર્ષના શિખરે વિરાજનાર ભારતવર્ષનું અધઃપતન થયું છે."

પ્રિય પાઠક! કાન્તાના કષ્ટનું અધિક વર્ણન કરતાં હવે કલમ કંપે છે! અત્યંત રૂદનને લીધે દુઃખી અબળાનાં નેત્ર સુઝી ગયાં. આખરે થાકીને ભગ્નહૃદયે પાસે પડેલા એક કોચપર તે ઢળી પડી.

પ્રકરણ ૩ જું.

ક્ષત્રિય કુલાંગાર !

અંત:કરણ લોભી થતાં નિતિ–ધર્મ સૌ વિસરાય છે,
ત્યાગી ભીતિ જગનાથની વિશ્વાસઘાતી થાય છે;
પાણી વલોવી મુર્ખ, માખણ પામવા લલચાય છે,
બાંધી હવામાં મ્હેલ સુંદર, વાસ કરવા ચ્હાય છે.

જગત્‌માં કેટલાક એવા પણ દેશદ્રોહી નરાધમો હોય છે કે જેમને ઇશ્વરભય, લોકલાજ, અને કુળઆબરૂ કરતાં પોતાના પોતાના હૃદયમાં ઉદ્ભવેલી મહત્વાકાંક્ષાને તૃપ્ત કરવાનું કાર્યજ વધારે કીંમતી માલુમ પડે છે.

ધનમદથી અંધ બનેલો કાકુ, શિલાદિત્ય નૃપની એક કાંચકી જેવી નિર્જીવ વસ્તુની માગણીને ભયંકર અન્યાયના રૂપમાં કલ્પીને ઉશ્કેરાઇ ગયો. રાજા કાંચકીનું મ્હોં માંગ્યું મુલ્ય આપવા તૈયાર હતો, એટલે ન્યાયની દ્રષ્ટિએ નીરખતાં પણ તેનો અપરાધ કેવળ નજીવો હતો. માત્ર પોતાની પુત્રીની હઠને સંતોષવાજ તેણે દુરાગ્રહ કર્યો હતો, પરંતુ કાકુ, તેનો વિનાશ કરવા માટે અઢળક દ્રવ્ય ખરચી સિંધના હાકેમને તેડી લાવ્યો અને શિલાદિત્યનો નાશ કરાવી આખા રાજયની પાયમાલી કરી. આખરે પોતે પણ એ નીચ કર્મના બદલામાં એક આત્મીય વ્યક્તિના હાથે વિના મ્હોતે માર્યો ગયો.

કરણરાજાના પ્રધાન માધવે વૈરના પ્રતિશોધ માટે દિલ્લીશ્વરને મળી જઈ પોતાના દેશપર આક્રમણ કરવા ઉશ્કેર્યો. જો કે કરણરાજાએ તેના પ્રત્યે અત્યંત દુષ્ટ વર્તન કર્યું હતું, પરંતુ બદલો લેવાને માટે દેશદ્રોહ જેવો નર્કગામી માર્ગ પકડતા પહેલાં તેણે એવો ખ્યાલ ન કર્યો કે-મ્હારો સ્વતંત્ર દેશ યવનોના હાથમાં જશે. અસંખ્યાત આત્મબંધુઓની સંપત્તી લુટાશે. દેશની અનેક અબળાઓનાં શિયળનો સંહાર થશે નંદનવન સમાન ગુર્જરભૂમિ મ્લેચ્છોના પદસંચારથી પતિત થશે-ઉજ્જડ બનશે પરિણામ એજ આવ્યું. દેશની સ્વતંત્રતા નષ્ટ થઇ, અને માધવના લલાટમાં દેશદ્રોહી તરીકેની કલંકરૂપી કાલિમા સદાને માટે રહી ગઇ.

પ્રિય વાંચકો! અત્યારે આપણે જે દેશદ્રોહીના વિચાર અને વર્તનનું વિલોકન કરવાનું છે, તેના હૃદયમાં ઉપર જણાવેલા દેશદ્રોહીઓ કરતાં પણ વધારે નીચતા ભરેલી છે. કારણ કે કાકૂ અને માધવનો દેશદ્રોહી બનવાનો પ્રાધાન્ય ઉદ્દેશ વૈરનો પ્રતિશોધ કરવાનો હતો. પરંતુ કુસુમપુર નરેશ દિલિપસિંહના પિત્રાઇ ભાઈ કનકસિંહે તો રાજ્યમુકુટને પોતાના શિરપર ધારણ કરવાના લોભને લીધેજ આ નીચ પંથપર પગ મુકયો છે.

સમય પ્રભાતનો છે. વિચારવાયુમાં ડોલતો કનકસિંહ, અવની પ્રકાશકના વૃદ્ધિ પામતા પ્રકાશો અવલોકી એકદમ મન સાથે બોલી ઉઠયો કે-મ્હારા ભાગ્યમાં અલ્પકાળની અંદર અસાધારણ ફેરફાર થવાનો છે, એ બાબતની આ ભાષ્કર ભગવાન સાક્ષી આપે છે. ખચીત! આવો અમુલ્ય અવસર મ્હારે હાથથી ગુમાવવો ન જોઇએ.

જાણે દેવેન્દ્રના દરબારમાં ગાંધર્વ કન્યા નૃત્ય કરવા આવી હોય, એવા મનોહર પોષાકમાં સજ્જ થયેલી એક તરૂણીએ ત્યાં અચાનક પ્રવેશ કર્યો અને કોયલને પણ શરમાવે એવા અવાજે ટહુકા કરવાનો પ્રારંભ કર્યો-મ્હારા યૌવન વનના માળી ! ગુલાબ પુષ્પના ભોગી ભમર ! એવો કયો કીંમતી સમય હાથમાં આવ્યો છે કે જેના વિચારમાં આપ આટલા બધા એકતાર થઇ ગયા છો ? હું લગભગ ત્રણ મિનિટથી તમારી ખુરશી પાછળ ઉભી રહી છું છતાં સામું પણ જોતા નથી ? કહો ! ગઇ કાલે મોતીની માળા ખરીદવાનું કહ્યું હતું તે લાવ્યા ?

કનકસિંહ અત્યંત હર્ષ દર્શાવી કહેવા લાગ્યો-કોણ ? મ્હારી કોયલ ? જ્યાં સુધી ત્હારો મધુરસ્વર ન સંભળાય ત્યાંસુધી અમે કેમ કલ્પી શકીએ કે ત્હારૂં આગમન થયું છે ? પ્રિયા ! અત્યારે હું એવા મહાન ગંભીર રાજકીય વિષયમાં પરોવાઇ ગયો હતો કે મ્હને મ્હારા દેહનું પણ ભાન નહોતું.

"મ્હારી વાતને ઉડાવ્યા વિના પ્રથમ જવાબ આપો કે મોતીની માળા લાવ્યા કે નહિ ?" વિલાસવતીએ પોતાના પ્રશ્નનો પ્રત્યુતર ન મળવાથી કોકિલકંઠમાં કંઇક કર્કશતાનું મિશ્રણ કરી કહ્યું.

કનકસિંહ—મ્હારી સંસાર મહાસાગરની નૌકા ! મ્હારા જીવનમાં સ્વર્ગનો આભાસ કરાવનાર કિન્નરી ! મ્હારી વાતનો મર્મ સમજ્યા શિવાય તું અવાજમાં આટલી ત્વરાથી પરિવર્તન કરી નાખે એ ત્હારા વિલાસી કંથને કેવી રીતે પાલવે ?

"ત્યારે અંતરમાં જન્મ પામેલી વિલાસની વાંચ્છનાઓ એમને એમ કરમાઇ જાય એ કષ્ટ, વિલાસીકંથની વિલાસવતી વનિતાથી

કેવી રીતે સહન થઇ શકે ?"

કનકસિંહ ઉમંગમાં આવી જઇને બોલ્યો–એ થોડો વખત થોભી જાયતો ત્હારી સર્વ આશાઓ ચક્રવૃદ્ધિ વ્યાજ સહિત પુર્ણ કરીશ ! મ્હારી કોયલ !

વિલાસવતી—કેવી રીતે ?

કનકસિંહ—એ ! કનકપુરથી દર સાલ મુજબ ખંડણી મોકલી આપવાનો દિલિપસિંહપર પત્ર આવ્યો હતો, તેને માટે રાજાએ દરબાર ભરી એવો ઠરાવ કર્યો છે કે–હવે ખંડણી મોકલવી નહિ અને કુસુમપુરને સ્વતંત્ર રાજ્ય તરીકે જાહેર કરવું.........

વિલાસવતી વચ્ચેજ બોલી ઉઠી–ઓ હો ! કનપુરપતી કે જેણે પોતાના પ્રચંડ પરાક્રમ વડે દશે દિશામાં વિજય વાવટો ફરકાવ્યો છે તેની સાથે બાથડીઆં ભરવાની દરખાસ્ત કયા બેવકુફે રજુ કરી ?

કનકસિંહ—મ્હારી કોયલ ! અત્યાર સુધી હું એમજ માનતો હતો કે તું માત્ર નૃત્યકળામાંજ નિષ્ણાત છે, પરંતુ ત્હારા પ્રસ્તુત વાક્યપરથી હવે મ્હારી ખાત્રી થાય છે કે તું રાજકિય વિષયમાં પણ એક બાહોશ મંત્રીની ગરજ સારી શકે તેમ છે. જો કે રાજ્યના તમામ મૂર્ખ સરદારોએતો હાજી હા કરી રાજાને ઉશ્કેર્યો છે કે "ખંડણી ન જ આપવી અને યુદ્ધ કરવું" પરંતુ હું એકલોજ માત્ર ત્હારા મતને મળતો છું કે જેની પાસે અગણિત વિર સૈનિકો છે-જેના ભાગ્યનો સિતારો બુલંદ છે એવા વિશાળ અને બળવાન કનકપુરના રાજ્ય સાથે હરિફાઇ કરવા જવું એ હાથે કરીને મોંઘી જીંદગીને મ્હોતના મુખમાં મુકવા બરાબર છે.

મ્હેં જો કે રાજાને મ્હારો આ મત જણાવ્યો નથી. પણ હવે હું એવાજ નિર્ણયપર આવ્યો છું કે આજને આજ અહીંથી કનકપુર તરફ પ્રયાણ કરવું અને સાર્વભૌમ નૃપતી સામંતસિંહને. મૂર્ખ દિલિપસિંહના મૂર્ખતા ભર્યા મનસુબાથી માહિતગાર કરી તેના જમણા હાથ તરીકે બની જવું, કારણ કે એ વાતતો નાનું બાળક પણ સમજી શકે એવી સ્પષ્ટ છે કે–ખંડણી ન મળવાથી સામંત-સિંહ કુસુમપુર પર ચઢાઇ કરી દિલિપસિંહને પદભ્રષ્ટ કરવાની અલ્પ સમયમાંજ તૈયારીઓ કરશે. એટલે જો હુ આવા કટોકટીના પ્રસંગે તેમની મદદે જઇ મ્હારૂં યુદ્ધ-કૌશલ્ય બતાવી, કુસુમપુર સહેલાઇથી જીતાવી આપું તો મ્હારી ખાત્રી છે કે સમ્રાટ સામતસિંહ મ્હારા ઉપર અત્યંત પ્રસન્ન થાય અને મ્હારી વફા-દારીના બદલામાં કુસમપુરનો રાજ્યમુકુટ મ્હારા ભાગ્યશાળી શિરપર વિરાજેલો દેખાય! કહે! મ્હારી કોયલ! ત્હારા વિલાસની સર્વ ઇચ્છાઓ તૃપ્ત થાય કે નહિ?

વિલાસવતી—ખરેખર! પિયુ! યુક્તિ તો એવી આબાદ છે કે એક કાંકરે બે પક્ષીનો શિકાર થાય છે કનકપુર જેવા મહાન રાજ્ય સાથે સંબંધ બંધાય છે, અને વધારામાં કુસુમપુરનું સિંહાસન પ્રાપ્ત થાય છે પણ કહો નાથ? કુસુમપુરના રાજવી થયા પછી હું કહું તેટલી વસ્તુઓ મંગાવી આપશોને?

કનકસિંહ—પછી તો કુસુમપુરના ખજાનાની કુંચીઓ જ મ્હારી કોયલની કમ્મરે લટકશે. એટલે આવો પ્રશ્નજ અસ્થાને છે.

આવી રીતે આ ક્ષત્રિયકુળ કલંક દંપતીએ કાલ્પનિક કંચનના કોટ ચણી, કોઇ જાણે નહિ તેમ ચોરની માફક કનકપુરને રસ્તે પ્રયાણ કરવા માંડયું.

પ્રકરણ ૪ થું.

પુષ્પાવતી.

નવખંડમાં તુજ શાર્યને જયનાદ પ્રિયતમ થાય છે,
સંગીત કીર્તિનાં સુણી ઉર હર્ષથી ઉભરાય છે;
મોહક મનોહર મુખકમળપર તેજ ભાસ્કર સમ દિસે,
દેવાંશી નર ? કર ઝાલવા ઉત્સુકતા અંતર વિષે.

મધ્ય નિશાનો સમય થવા આવ્યો. આખું વિશ્વ સર્વપ્રકારની ઉપાધીઓને અલિપ્ત કરી નિંદ્રાદેવીના મધુર અંકમાં ડોલે છે. પરંતુ મ્હારા પ્રિયતમના દર્શન વિના મ્હને તો મધુરનિદ્રા કોઈ દિવસ મળનાર નથી. ખાતાં, પીતાં, હરતાં, ફરતાં, અને સખીયો સાથે હાસ્યવિનોદમાં પણ હૃદય ગુપ્ત રીતે નિરંતર એ ચિત્તના ચોરનું જ ચિંતવન કરે છે. નાથ ! હજુ તમારી ચૈતન્ય મૂર્તિને તો નજરે નીરખી પણ નથી. છતાં હૃદય તમારી પાછળ કેમ આટલું ઘેલું બન્યુ છે ? અત્યારથીજ વશીકરણ ચલાવી કિંકરીની શુદ્ધિ, બુદ્ધિ સર્વ હરી લીધી છે, ત્યારે આપના સ્નેહ-સદનમાં બોલાવીને તો કોણ જાણે કેવીએ દશા કરશો ? "

જાણે એ પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપવા તેના હૃદયેશ્વરજ ન પધાર્યા હોય ! તેમ સામેથી અવાજ આવ્યો–" મુંઝાઈશ નહિ ! નવયૌવના ! મુંઝાઇશ નહિ સ્નેહસદનમાં ત્હારૂં આગમન થયા પછી વશીકરણ મંત્ર પાછો ખેંચી લેવામાં આવશે. "

પુષ્પાવતી—અહા ! સખી વિમળા ! શું તું ચોરની માફક છુપાઇને મ્હારા ઉદ્દગાર સાંભળતી હતી ? તને સખ્તમાં સખ્ત સજા કરવી જોઇએ.

વિમળા—પ્રથમ ત્હારા ચિત્તના ચોરને સજા કર, અને પછી મ્હારા નાનકડા અપરાધ પર ધ્યાન ધર ! હૃદય જેવી કીમતી વસ્તુની ચોરી કરનારને જે શિક્ષા થશે, તેના પ્રમાણમાં મ્હારા હિસ્સે જે શિક્ષા આવશે તે ખુશીથી સહન કરીશ.

પુષ્પાવતી—પણ ચિત્તના ચોરને ક્ષમા આપવાને મ્હારો વિચાર છે.

વિમળા—કાયદો બધાને માટે એકજ છે. તું રાજકન્યા થઈ આમ કાયદાનું ઉલ્લંઘન કરીશ તો રાજ્યમાં બેદિલી ફેલાશે અને પ્રજા બંડ ઉઠાવશે સમજી ! ચાલ કહે જોઇએ, કયા દેશના જાદુગરે જાદુ ચલાવ્યું છે ?

પુષ્પાવતી—વ્હાલી સખી ! હવે મશ્કરી મુકી દે અને પ્રાણેશનાં સત્વરે દર્શન થાય એવો કંઈ ઉપાય બતાવ.

વિમળા—પણ બ્હેન ! નજરે નિહાળ્યા વિના માત્ર તસ્વીર ઉપરથીજ આટલો અનુરાગ લાગ્યો છે, એ આશ્ચર્યની વાત છે.

પુષ્પાવતિ—સખી ! મ્હારૂં મન, સૌંદર્ય કે દ્રવ્ય પર નથી લોભાયું, પણ એના શૌર્યપર મોહ પામ્યું છે. એની વિશ્વવિજયી વિરતાએ મ્હારા હૃદયને લોહચુંબકની પેઠે આકર્ષી લીધું છે. દિલિપ સૌંદર્યવાન હોય કે કુરૂપ હોય, રાજ્યછત્ર ધારી હોય કે રંક હોય, પરંતુ મ્હારા સંસારનો સુકાની એજ છે ઉર-મંદિરમાં સદૈવ એનુંજ પુજન થાય છે.

પુષ્પાવતી—ધન્ય છે બ્હેન ! ત્હારી વૃત્તિઓને. હું હિમ્મતથી કહું છું કે તમારી વચ્ચે જન્મ પામેલો પ્રેમ અચળ રહેશે. જે સ્ત્રીઓનાં હૃદયમાં દ્રવ્ય લોભ અને સૌંદર્યને લીધે પ્રેમ જન્મ પામે છે, તે ઇચ્છીત વસ્તુનો અભાવ થતાં કરમાઇ જાય છે. પરંતુ ત્હારો પ્રેમ વિરતામાંથી ઉદ્‌ભવેલો હોવાથી તેમાં જીવન પર્યંત ન્યુનતા થવાનો સંભવ નથી. હું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું કે તમારા સંસારમાં સ્વર્ગ ઉતરો ! સખી ! જો જો ! સ્હામેથી ત્હારા તાત આવતા જણાય છે. મુખપર આનંદનાં ચિન્હ અવલોકાય છે. ઠીક ! કદાચ લગ્ન સંબંધીજ વાતચીત કરવા આવતા હશે. ત્યારે હવે હું રજા લઇશ, કારણ કે લગ્ન જેવા મહત્વના પ્રશ્નપર ચર્ચા કરવાની હોય ત્યારે એકાંતની અનિવાર્ય આવશ્યકતા છે.

વિમળાના ગયા પછી લગભગ બે મિનિટ થઇ હશે, એટલામાં સામંતસિંહ, મુખમુદ્રાપર હર્ષની છટા દર્શાવતો આવી પહોંચ્યો અને વાત્સલ્ય વ્હાલથી પ્રશ્ન કર્યો–કેમ બ્હેન ! આનંદમાં તો છે ને ?

પુષ્પાવતી—જે પુત્રી આપના જેવા માયાળુ પિતા પામી હોય, તેના આનંદની બાબતમાં શંકા કરવી અસ્થાને છે.

સામંતસિંહ—બેટા ! હું ત્હને એક ખુશ ખબર કહેવા આવ્યો છું.

પુષ્પાવતી—શું પિતાજી !

સામંતસિંહ—ત્હારી માતાના અત્યાગ્રહને લીધે રમણિકપુરના યુવાન રાજા વિમળદેવ જોડે ત્હારૂં વેવીશાળ નક્કી કર્યું છે.

આ સાંભળી પુષ્પાવતીનો પ્રફુલ્લ ચહેરો એકદમ કરમાઇ ગયો. ઘડી પહેલાં પોતાના મનમાં જે ભાવનાઓ ઉપસ્થિત થઇ હતી, તેની કલ્પના કરતાં હૃદય વિદિર્ણ થવા લાગ્યું.

પરંતુ પુષ્પાવતી એક ક્ષત્રિય બાળા હતી. જીવનના સિદ્ધાંત લગ્નના ઉદ્દેશ ઇત્યાદિ ન સમજવાથી સ્વાર્થિ પિતાની જાળમાં સપડાતી વણિક કન્યાઓ જેવી તે અજ્ઞાન નહોતી. તેની નસે-નસમાં વિરતાયુક્ત રૂધિર વહિ રહ્યું હતું.

પુષ્પાવતિના જીવનનો સ્વામિ એકજ છે, તેના નિર્ણયને ફેરવે એવી કોઇ વ્યક્તિ આ વિશ્વમાં અસ્તિત્વ ધરાવતી નથી. તેણે મનને દ્રઢ બનાવીને કહ્યું–પિતાશ્રી ! આપની પ્યારી પુત્રીનું જીવન સોંપવાનું સ્થાન શોધતા પહેલાં શુ આપે પૂર્ણ વિચાર કર્યો છે ?

સામંતસિંહે આશ્ચર્યયુક્ત સ્વરે કહ્યું–ત્યારે શું બેટા મ્હારૂં હૃદય ત્હારૂં અહિત કરવા ચ્હાય છે ! મ્હારી બુદ્ધિમાં ત્હને કંઇ પરિવર્તન થએલું દેખાય છે !

પુષ્પાવતી—ના પિતાજી ! આપનુ હૃદય સરિતાના નિર સમાન નિર્મળ છે અને યોગી સમાન પવિત્ર છે. પરંતુ આપને કોઇએ સ્વાર્થયુક્ત–નીચ–સલાહ આપી છેતર્યો છે.

સામંતસિંહ—કેવી રીતે બ્હેન !

પુષ્પાવતી—પિતાજી ! કહો વારૂ ! ક્ષત્રિય બાળાને માટે કેવા પતિની પસંદગી કરવી જોઇએ ?

સામંતસિંહ—શુરવીર અને કુળવાન રાજપુત્રની.

પુષ્પાવતી—ત્યારે કહો પિતાજી ! વિમળદેવ કે જે આપની કૃપાદષ્ટિ વિના પોતાના રાજ્યની રક્ષા કરવા જેટલું પણ સામર્થ્ય ધરાવતો નથી. ગયા વર્ષે માત્ર સાધારણ સંખ્યામાંજ ધાડપાડુઓએ તેના રાજ્યપર હલ્લો કર્યો હતો એટલામાં તો તેણે ભયભીત થઇ, જાતે અહિં આવી આપના ચર્ણમાં શીર નમાવ્યું અને મદદ માટે સૈનિકો લઇ ગયો. આવા એક ભીરૂ રાજાને આપની કન્યા પતિ તરીકે શી રીતે સ્વિકારી શકે !

સામંતસિંહ—બ્હેન ! ત્હારૂ કહેવું કંઇક અંશે સત્ય છે. પરંતુ ખુશી થવા જેવું એ છે કે વિમળદેવ એક અત્યંત નમ્ર સ્વભાવનો રાજપુત્ર છે. એટલે રમણિકપુરપર ત્હારા તાતની સદા અમીદ્રષ્ટિજ રહેશે. વળી વિમળદેવ સૌંદર્ય અને સમૃદ્ધિમાં સર્વોપરી છે. એટલે મ્હારી દ્રષ્ટિમાં તો આખા રાજસ્થાનના ક્ષત્રિઓમાં એ એકજ રાજા ત્હારે માટે યોગ્ય જણાય છે.

પુષ્પાવતી—પિતાશ્રી ! નમ્ર સ્વભાવ વણિક કે વિપ્રના હ્રદયમાં શોભા આપે છે. જેણે શસ્ત્ર ઝાલી સમરાંગણમાં વિરહાક વગાડવાની શક્તિ ગુમાવી છે તેને તમારી પુત્રી પતિ તરીકે કદાપી સ્વીકારશે નહિ. સૌંદર્ય અને સમૃદ્ધિ ગમે તેટલી હોવા છતાં વિમળદેવમાં ક્ષત્રિયોના મુખ્ય ગુણ "શૌર્ય"નો અભાવ હોવાથી હુ આ જીવનમા તો એને મ્હારા પતિ તરીકે પ્રાણાન્તે પણ કબુલ કરનાર નથી.

સામંત—પણ ત્યારે બ્હેન ! આ વખતમાં ખરો ક્ષત્રીય મળવો મુશ્કેલ છે.

પુષ્પા૦—પિતાશ્રી! આપની તપાસ અપૂર્ણ હશે! હું હિંમતથી કહું છું કે પરશુરામ પૃથ્વીને નિક્ષત્રિય કરવામાં નિષ્ફળજ નિવડયા છે! ભારતવર્ષ હજુ એક ખરા-અટંકી ક્ષત્રીય વિરરત્નના પ્રકાશથી પ્રકાશીત છે

સામંત૦—તે કોણ!

પુષ્પાવતિ પ્રથમ તો શરમને આધિન થઇ. પરંતુ વખતની વિલક્ષણતા વિલોકી શરમનો ત્યાગ કરી દ્રઢતાથી બોલી-કુસુમપુરનો શુરવીર નૃપતિ કે જેની વીરતા માટે આખું આર્યાવર્ત મુક્ત કંઠે પ્રસંશા કરે છે.

આ સાંભળી સામંતસિંહ એકદમ ઉશ્કેરાઇ ગયો. ઘાસની ગંજીમાં અગ્નિકણ મુકયો હોય અને જેવી જવાળા ઉત્પન્ન થાય તેવીજ ભયંકર ક્રોધ જવાળા તેના હૃદયમાં કુસુમપુર પતિના નામ શ્રવણથી પ્રકટ થઇ. વાંચકવૃંદના સ્મરણમાં હશે કે કેટલાક સમયથી ખંડણીના કારણથી સામંતસિંહ અને દિલિપસિંહ વચ્ચે વૈમનસ્ય ઉત્પન થયેલું છે અને સામંતસિંહ પોતાના મન સાથે કુસુમપુરને છીન્નભિન્ન કરવાનાજ ઘાટ ઘડી રહ્યો છે. છતાં પુત્રિ કદાચ આ વૈમનસ્યથી અજ્ઞાત હશે, એમ ધારી તેણે ક્રોધની જવાળા કંઇક શાન્ત કરી કહ્યું-પુત્રિ! મ્હારી ત્હને ખાસ સુચના છે કે એ ઉચ્છૃંખલ મગજના દિલિપનું નામ ન લઇશ! શું તું જાણુતી નથી કે તેણે ગર્વથી મ્હારા આધિપત્યનો સ્પષ્ટ અસ્વિકાર કરી ચાલુ સાલની ખંડણી અટકાવી હાથે કરી મૃત્યુને આમંત્રણ કર્યું છે! હું અલ્પ કાળમાંજ સબળ સૈન્ય સાથે જઇ તેને પદભ્રષ્ટ કરવાનો છું.

પુષ્પા૦—પિતાશ્રી ! એક શુરવીર ક્ષત્રિય પોતાના દેશને સ્વતંત્ર બનાવવાની ઇચ્છા કરે એને શું આપ મિથ્યાભિમાન માનો છો ? જે રાજાઓ પોતાના દેશનુ રક્ષણ કરવા અસમર્થ છે તેમને સંકટના પ્રસંગોમાં વખતો વખત સ્હાય કરી આપ ખંડણી લઇ શકો એ કદાચ ન્યાયની દ્દષ્ટિએ કંઇક ઠીક કહેવાશે ! જો કે વસ્તુતઃ તો એક શુદ્ધ ક્ષત્રિની એજ ફરજ છે કે બીજા ક્ષત્રિને જીવન પર્યંત નિસ્વાર્થપણે બનતી મદદ આપવીજ જોઇએ છતાં ધારો કે એ બાબત પ્રતિ દુર્લક્ષ્ય કરીએ તો પણ જે રાજા પોતાના પરાક્રમ વડે દેશની રક્ષા કરવા, પ્રજાને પુર્ણ રીતે સંભાળવાની શક્તિ ધરાવે છે તેની પાસેથી આપ ખંડણીનો હક્ક કેવી રીતે ધરાવી શકો છો ?

સામંત૦—પુષ્પાવતી ! ત્હારી જીભને કંઇક અંકુશમાં રાખ ! મ્હારી પુત્રીનાજ મુખથી મ્હારા કટ્ટા શત્રુનાં યશોગાન થાય એ હું સાંભળવા બીલકુલ ઇચ્છતો નથી.

પુષ્પા૦—પિતાશ્રી ! પ્રલ્હાદના રાક્ષસ પિતાએ પ્રભુના ગુણગાન ન કરવાની તેને ઘણી સુચનાઓ કરી હતી, અનેક પ્રકારનો ભય બતાવ્યો હતો છતાં પ્રલ્હાદજી પિતાની એ કુપથગામિની આજ્ઞા પાળી શકયા નહોતા. આપ કદાચ મ્હને એકલીને દિલિપનાં કીર્તિગાન ગાવાનો મના કરશો, પણ જગતને તેમ કરતાં આપ શી રીતે અટકાવી શકશો ?

સામંત૦—હું નથી સમજી શકતો કે તું અકારણ એ અભિમાનીની પ્રશંશા કરી શા માટે મ્હારા સ્નેહથી બેનસીબ થાય છે ? મ્હને આ બાબતમાં કંઇક સંદેહ સમજાય છે. મ્હારી

દ્રષ્ટિમાં ત્હારા પક્ષપાતનુ કંઈક વિચિત્ર કારણજ દ્રશ્યમાન થાય છે જે હોય તે સાચે સાચું કહી દે.

પુષ્પા૦—પિતાશ્રી ! જયારે આપ સત્યજ કહી દેવાની આજ્ઞા કરો છો ત્યારે મ્હારે જણાવવું પડે છે કે કુસુમપુરના વિર નૃપતિ સાથે મેં માનસિક લગ્ન કર્યું છે. માત્ર દૈહિક સંબંધજ બાકી છે. સામંતસિંહ લાલચોળ આંખો કરી બોલ્યો ! જયાં સુધી સામંતસિંહના શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી તો મારી કન્યા શત્રુના રાજ્યમાં કદાપી જઇ શકશે નહિ. પુત્રી ! હું હજુ પણ વાત્સલ્ય ભાવથી તને સમજાવું છું કે આ પ્રાણઘાતક દુરાગ્રહ ત્યાગી દે, નહિ તો પરિણામ ઘણુંજ ભયંકર આવશે.

પુષ્પા૦—પિતાશ્રી ! આપ જો કે તેને શત્રુના સ્વરૂપમાં કલ્પો છો પરંતુ તે એક ખરો ક્ષત્રિય વીર છે; વળી ઉદાર હૃદયી અને ગુણવાન છે, એટલે વૈરનું કારણ નષ્ટ કરશો તો મૈત્રીનો ઉત્તમ સંબંધ થશે. જો આપને આપની બાળકીની દયા આવતી હોય તો મ્હારી આ વિનંતિનો સ્વિકાર કરો ! હું આપના ચર્ણમાં પડીને આટલી ભિક્ષા માગું છું !

સામંતસિંહે તેના પ્રત્યુત્તરમાં નિષ્ઠુર બની કહ્યું ! હું તારી માગણીને ઠોકરે ઉડાવું છું અને સાથે સાથે ત્હને આજ્ઞા કરૂ છું કે વિમળદેવ સાથેનો સંબંધ તું આનંદથી કબુલ કર, નહિ તો ત્હને બળાત્કારે તેમ કરવાની ફરજ પાડવામાં આવશે. તું ઉચ્છૃંખલ મગજની હોવાથી ત્હારા પ્રત્યેનો મ્હારો વાત્સલ્યભાવ નષ્ટ થાય છે.

પુષ્પાવતિ—પિતાશ્રી ! આપે ખ્યાલમાં રાખવું જોઇએ કે આપની પુત્રી એક શુદ્ધ ક્ષત્રાણિ છે. ક્ષત્રિય બાળાને જીંદગીમાં એકજ પતિ હોઇ શકે છે. એટલે એક પુરૂષને મનથી વરીને પતિ તરીકે સ્વિકાર્યો પછી અન્યની સ્વપ્ને પણ કલ્પના કરૂં તો કિરતારની દ્રષ્ટિમાં હું મહાન દોષિત ગણાઉં.

કદાચ આપ મ્હને વિમળદેવ જોડે બળાત્કારથી પરણાવવાની હિલચાલ કરશો તો લગ્ન મંડપમાં આપની પુત્રિને બદલે તેનો મૃતદેહ જ પ્રાપ્ત થશે, વિશ્વમાં આપની અપકીર્તિ ફેલાશે. આપ શુરવીર ક્ષત્રિય હોવા છતાં શુરવીરને બદલે ક્ષત્રિય કુળ કલંક કાયરની સાથે સંબંધ બાંધવાની વાંછના વ્યક્ત કરો છો એ અત્યંત શરમાવનારી વાત છે

સામંતસિંહ—એક પિતા તરીકે ત્હારાપર મ્હારો પૂર્ણ હક્ક છે-એટલે લગ્ન જેવા મહત્વના કાર્યમાં ત્હારી ઇચ્છાના પંથપર ટદી પ્રયાણ કરવા દઇશ નહિ !

પુષ્પાવતિ—આપ મ્હારા પુજ્ય પિતા છો, અને આપનો તે હક્ક વ્યાજબી છે. પરંતુ આપે સ્મર્ણમાં રાખવું જોઇએ કે તે-હક્કનો દુરૂપયોગ ન થવો જોઇએ. અનંતશક્તિ-પ્રભુ આખા વિશ્વનો સ્વામી છે. પરંતુ પ્રત્યેક પ્રાણિને તે પોતાના ધર્મ પ્રમાણે વર્તવા દેવાની છુટ આપે છે. એટલુંજ નહિ પણ તેના કાર્યમાં સહાયક થાય છે-દિલિપસિંહનો કોઇ મહાન દુર્ગુણ જો આપ સાબીત કરી શકતા હોવ તો હું હાલ જ મ્હારી હઠ ત્યાગી દેવા તૈયાર છું.

સામંતઃ—તે ગમે તેવો હોય પરંતુ મ્હારો કટ્ટો શત્રુ છે. ખસ! હવે હું ત્હારી સાથે વધારે વિવાદ કરવા નથી ઇચ્છતો. કાંતો મ્હારી આજ્ઞાને આધીન થા, નહિ તો અનંત દુઃખ ભોગવવા તૈયાર થા.

પુષ્પાવતિ—પિતાજી! શું આપ મ્હને દુઃખનો ભય બતાવી મ્હારા નિર્ણયમાંથી ફેરવવા ઇચ્છો છો! તેમ કદી બની શકશે નહિ. હું એવાં સેંકડો સંકટોને સહન કરીશ. ભયંકર અગ્નિની જ્વાળામાં આનંદપૂર્વક કુદી પડીશ! વૃક્ષઃસ્થળમાં પ્રાણનાશક શસ્ત્ર ભોંકીને પ્રાણ ત્યાગ કરીશ. પરંતુ મ્હારા નિશ્ચયમાંથી તો કદાપિ ડગીશ નહિ.

આ સાંભળી સામંતસિંહનો ક્રોધ કાબુમાં રહ્યો નહિ. તેણે એકદમ બે પ્હેરેગીરોને બોલાવ્યા અને કહ્યું! આ ઉદ્ધત છોકરીને આજ ખંડની અંદર કેદ કરો અને એના પર પુરતી દેખરેખ રાખો! એટલું કહી રાજા ઉશ્કેરાએલી હાલતમાં દરબારગઢમાં ગયો.

તુર્તજ મકાનનાં દ્વાર બંધ થયાં અને બે દ્વારરક્ષકો હાથમાં નગ્ન તરવાર ઝાલી તેનો બંદોબસ્ત રાખવાના કાર્યમાં નિયુક્ત થયા.

પ્રકરણ ૫ મું.

અધમતાની પરિસિમા.

જે વ્યાક્તના અંતઃકરણમાં લોભનો અધિકાર છે,
જગ તાત ભય, કે કિર્તિની તેને ન કંઈ દરકાર છે;
સંતોષવા નિજવૃત્તિને નિચ શ્વાનપેરે કરગરે,
અપકીર્તિ કેરો ગાંસડો શીરપર મૂકી આખર મરે!

રાજ્યદ્રોહને અંતઃકરણમાં સ્થાન આપી, કુસુમપુરથી નીકળેલો કનકસીંહ મજલ દર મજલ કરતો કનકપુરમાં આવી પહોંચ્યો. તેની સ્ત્રી વિલાસવતી કે જેના હ્રદયમાં નિરંતર હીરાનાહાર, મોતીની બંગડીઓ અને સાચી ઝીકની સાડીઓ ઇત્યાદિ અમુલ્ય વસ્ત્રાલંકાર સજી પોતાની સુંદર દેહલતાને શોભાવવાનાજ વિચારોનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે; તે પણ પોતાની સર્વ આશા પાર પડવાની હોંશે હોંશે શ્રમ સહન કરી સાથેજ આવેલી છે. કુસુમપુરથી તેઓ કેટલાંક કીંમતી ઘરેણાં અને જરૂર જેટલાં વસ્ત્ર શિવાય કંઇપણ વધારે સામાન સાથે લાવ્યાં નથી કારણકે થોડા સમય પછી આખું કુસુમપુરજ પોતાની સત્તા તળે આવશે એવી તેમની દ્રઢ ખાત્રી હતી.

દંપતીએ પ્રથમ ધર્મશાળામાંજ ઉતરવાનું ઉચિત ધાર્યું ત્યાં ભોજનાદિ કાર્યથી નિવૃત્ત થઇ કનકસિંહ લડાયક પોષાકમાં

સજ્જ થયો અને વિલાસવતીને નિશ્ચિંતપણે બેસવાનું સુચવી રાજ્યદરબારમાં નિકળ્યો.

કનકપુર પતિની રાજ્ય સભા અત્યારે ઇંદ્રના દરબારનો આભાસ આપે છે. કોમળ અંગવાળી વારાંગનાઓ કીંમતી વસ્ત્ર પરિધાન કરી વાજીંત્રના મધુરનાદ સાથે ઉત્તમ પ્રકારે અભિનય યુક્ત નૃત્ય કરે છે; પ્રેક્ષકવર્ગ જાણે શૃંગારની સરિતામાં ભીંજાઈ ગયો હોય એમજ લાગે છે. કેટલીકવારે નર્તકીઓનું કાર્ય પૂર્ણ થયું. ઉચીત ઉપહાર પામી તેઓ પોતાના સ્થાનપર ચાલી ગઇ. એટલામાં દ્વારપાળે રાજાને નમન કરી પુછયું. મહારાજાધિરાજ! કનકપુરથી કનકસિંહ નામનો એક ક્ષત્રિય અત્રે આવ્યો છે અને તે આપ નામદારને મળવા ઇચ્છે છે! તેને અંદર આવવાની આજ્ઞા છે?

એના પ્રત્યુત્તરમાં રાજાએ મસ્તક વડે સંમતી દર્શક સંજ્ઞા કરી, અને એ ત્રણ ક્ષણમાંજ કનસિંહ રાજ્યસભામાં ઉપસ્થિત થયો.

સભામાં પ્રવેશ કરતાંજ કનકસિંહે રાજાને માનપૂર્વક નમન કર્યું અને પછી યોગ્ય આસન પર બેઠો, એટલામાં તો રાજાએ તુર્તજ તેને ઉપરાઉપરી પ્રશ્ન કરવાની શરૂઆત કરી દીધી કનકપુરમાં શું વર્તમાન છે! ખંડણીના સંબંધમાં તમારા રાજાએ છેવટમાં શું નિર્ણય કર્યો છે! તમારૂં આગમન કયા કારણને આભારી છે?

એ ત્રણે પ્રશ્નના ઉત્તરરૂપે કનકસિંહે અત્યંત નમ્રતાથી કહેવા માંડયું-નામદાર! પ્રથમ તો આપને મ્હારે એજ જણાવવાનું છે કે કુસુમપુર પતિના ગર્વયુક્ત અને મુર્ખતા ભર્યા વિચારો સાથે સંમત ન થવાથી તેણે મ્હારો હોદ્દો છીનવી લીધો. અને સર્વ

સભાજનો સમક્ષ કાયર તરીકે મારૂં સખ્ત અપમાન કર્યું. એ અપમાનની ગગનગામીની અગ્નિજ્વાળાને દિલ્હીપસિંહના શોણિત સિંચન વડે શાંત કરવાના ઉદ્દેશથીજ હું અત્રે આવ્યો છું. આપના જેવા ચક્રવર્તી ભૂપાળ સામે અકારણ ખંડ ઉઠાવી રાજ્યની સર્વાંગ શાંતિમાં ભંગ કરવો એને હું મહાન પાપ માનું છું. કુસુમપુર, કનકપુરનું ખંડીયું રાજ્ય છે. એ વાત ઘમંડી દિલિપસિંહ પોતાના બાહુ બળના ગુમાનથી વિસરી ગયો છે, અને તેણે પોતાના સામંતો સાથે ગુપ્ત મંત્રણા કરી યુદ્ધની યોજનાઓ યોજવા માંડી છે.

સામંતસિંહ—તમારા વફાદારી ભર્યા વિચારો-મ્હારા-હૃદયમાં તમારા માટે મોટું માન ઉત્પન્ન કરે છે !

કનકસિંહ—નામદારની ઉદાર ભાવના માટે સેવક અત્યંત આભારી છે.

સામંતસિંહ—હું આજથીજ તમારી ત્રણસો ઘોડેસ્વારના ઉપરી તરીકે નીમણુંક કરૂં છું. અને રાજ્યમ્હેલની બાજુના ભવ્ય ભૂવનમાં તમારે માટે રહેવાનો પ્રબંધ કરૂં છું.

કનકસિંહે ફરીથી આભારની લાગણી પ્રદર્શીત કરી કહ્યું ! નરેન્દ્ર ! આપની આવી અપરિમિત ઉદારતા માટે મ્હારે કયા શબ્દમાં ઉપકાર માનવો એ સમજી શકાતું નથી.

સામંતસિંહ—એમાં આભાર માનવાની કિંચિત પણ આવશ્યકતા નથી. એક ક્ષત્રિય બીજા ક્ષત્રિને ઉચીત આશ્રય આપે એ કાર્ય ફરજ કરતાં અધિક ન કહેવાય ! ચાલો હવે એ વાત વેગળી મુકી આપણે મુદ્દાની વાત કરીએ ! અલ્પ કાળમાંજ કુસુમ-

પુર પર ચઢાઈ કરવાનો મ્હારો દૃઢ વિચાર છે, હું આશા રાખું છું કે તમે તેમાં મારાં જમણા હાથ તરીકે ઉપયોગી થશો.

કનકસિંહ—નામદાર? આપે આ કિંકર પ્રત્યે આટલી સીમા પર્યંત ઔદાર્ય ન દર્શાવ્યું હોત તો પણ મ્હેં આપના પક્ષમાં મળી જવાનો હૃદયમાં પ્રથમથીજ નિર્ણય કરી રાખ્યો હતો અને એ બાબત હું આપણા વાર્તાલાપના પ્રારંભમાં જણાવી ગયો છું. કુસુમપુરના કિલ્લાના સર્વ ગુપ્ત માર્ગ દર્શાવી આપને સ્હેલાઈથી વિજય કરાવવો એજ મારો મુદ્રાલેખ છે.

સામંત૦—તો કનકપુર નરેશ તમને તેનો બદલો ઘણીજ કદરદાનીથી વાળી આપશે.

કનકસિંહ—સેવક પ્રત્યે આપની આટલી મમતા છે એને હું પૂર્ણ બદલો મળી ગયા તુલ્ય માનું છું-હવે આપ નામદારને મારી એજ વિનંતિ છે કે યુદ્ધનું કારણ ઉપસ્થિત કરવાનો આરોપ પ્રજાવર્ગ એ ઘમંડીનાજ શીર પર મુકે અને આપની ઉચ્ચ રાજ્યનીતિ માટે કોઇપણ વ્યક્તિને કિંચિત પણ શંકાશીલ થવાનું પ્રયોજન ન રહે એ ઉદ્દેશથી આપ એક માનવંતા ઉમરાવને ખંડણી વસુલ કરવા કુસુમપુર મોકલો. આ છેવટનો ઉત્તર પ્રાપ્ત થયા પછી આપણે લડાઇ જાહેર કરીશું.

સામંતસિંહે તેની એ ઇચ્છાને માન આપી તુર્તજ પોતાના ગજસિંહ નામક નજીકના સગાને પત્ર સાથે કુસુમપુર રવાના કર્યો.

એ પછી કનકસિંહ ધર્મશાળામાં રાહ જોઈ બેસી રહેલી પોતાની વિલાસી પત્નીને લઈ રાજ્યમહેલ સમાન સુશોભિત મકાનમાં આવ્યો અને ભાવી સુખના તરંગોમાં ડોલવા લાગ્યો.

પ્રકરણ ૬ ઠું.

યૌવન પ્રસરતાં અંગમાં રસવેલડી શરમાય છે,
શાન્તિ તજી અંતર સદૈવ વિચાર યુક્ત જણાય છે;
વૈભવતણા સાધન વડે વ્યાકુળતા ન કપાય છે,
રસરાજના દર્શન વિના ના સુખદ અન્ય ઉપાય છે.

ગ્રીષ્મઋતુના પ્રખર તાપથી કંટાળી કેટલીક સરખી વયની સાહેલીઓ કુસુમપુરના કુસુમ બાગમાં એકત્ર થઇ પરસ્પર હાસ્ય-વિનોદ કરે છે. એકાંત રમણિય સ્થાન, વિવિધ પ્રકારનાં સુંગધીત સુમન, ઉત્તમ પ્રકારના છોડવા ઇત્યાદિને લીધે, ગરમીની શાન્તિ માટે કુસુમબાગ અત્યારે સ્વર્ગસમાન સુખદાયક લાગતો હતો.

નવમાલિકા નામની એક બાળાએ પોતાની સખીને સંબો-ધીને પ્રશ્ન કર્યો–અલી ! સૌદામિની ! સુગંધીત પવનની મંદમંદ લહેરીઓ વડે વૃક્ષની લતાઓ અને પાંદડાં આનંદમગ્ન થઇને ડોલે છે. અંગપર પરિધાન કરેલાં પટકુળ અને છુટા મુકેલા આ શીર કેશ પણ આમતેમ નાચીને પોતાનો હર્ષ પ્રદર્શીત કરે છે. ત્યારે મ્હારા અંતરમાં કેમ શાન્તિનો અભાવ જણાય છે !

સૌદામિની–બાળા સુકોમળ મૃદુલપર છૂટયું કુસુમ શર મદનનું,
ઘેરાયલાં લોચન દીસે ના ભાન કિંચીત અંગનું.
શિત્કાર કરતી ઓઠમાં, ભીંજવે ભૂમિ અશ્રુ વડે;
શત્રુ પડયો પાછળ, પછી આનંદ કયાંથી સાંપડે !

માલતી–આભુષણો અતી કિંમતી, મણીધર સમા દેખાય છે.
શીતળ મધુર સુખકર સમીર, જવાળા સમાન જણાય છે.
શય્યા મનોહર પુષ્પની, કંટક સમી સમજાય છે,
સમજાય ના શું રોગ છે! દિન દિન બને કૃશ કાય છે.

ઉર્વશી–આશ્રય ચહે તરુવર તણો કોમળ લતા દિન ભાવથી,
કાન્તા સ્મરે ઉર કંથને બચવા મદનના ઘાવથી.
પણ હૃદયદેવ વિદેશ છે. દુઃખ સમનનો સંભવ નથી.
વાતાવરણને ઉષ્ણ કરતી તારૂણી નિશ્વાસથી.

નવમાલિકા—અલી? તમે બધાંય મળી મ્હને પજવવાનો ધંધો લઈ બેઠાં છો! પરંતુ આ બીચારી કાન્તા એકલી ઉદાશ વદને બેસી રહી છે તેની કોઇને જરા પણ દરકાર છે!

સૌદામિની—બ્હેન? એ બીચારીનું સંકટ એવા પ્રકારનું છે કે જગતપીતાની કૃપા વિના એનો અન્ય ઉપાય નથી. એનો પતિ હંમેશાં તિરસ્કારયુક્ત વર્તનમાં મગ્ન થઈ દુરાચારી મિત્રોની જોડે ભટકયા કરે છે. બિચારી પરણ્યા પછી એક દિવસ પણ પિયુના મુખનો મધુર શબ્દ સાંભળવા ભાગ્યશાળી થઇ નથી.

ઉર્વશી—હાય! ધિક્ક એ પતિને? બિચારી કેટલી મર્યાદાશીલ અને કુલિન છે! આટલું આટલું કષ્ટ હોવા છતાં કોઇની આગળ એક શબ્દ પણ ઉચ્ચારતી નથી!

બધી સખીઓ કાન્તા પાસે જાય છે અને પોતાની પાસે એક બેંચપર બેસાડે છે.

ઉર્વશી–બ્હેન કાન્તા? ત્હારૂં હૃદય દુઃખની પ્રબળ જવાળાથી

સળગી જાય છે. એ હું જાણી શકું છું! બ્હેન? તું તારા સસરાને કહીને કેમ એમને અંકુશમાં રાખવાના ઉપાય યોજતી નથી?

કાન્તા—સખી! જયાં સુધી સદ્બુદ્ધિનું દ્વાર ઉઘડયું નથી ત્યાં સુધી અંકુશમાં રાખવાના યત્ન ફોગટ છે. બાળપણથી માતાપિતા પુત્રને યોગ્ય કેળવણી ન આપે, અને વર્તનપર પૂરતી દેખરેખ ન રાખે તો પરિણામ આવું દુઃખજનકજ આવે! કુમળુ ઝાડ વાળીએ તેમ વળે! એ ન્યાયે નાનપણમાં જેવા સંસ્કાર પાડીએ તેવા પડી શકે છે. હવે મારા દુઃખનો અંત લાવવાની શક્તિ માત્ર સર્વેશ્વરમાંજ છે. પ્રભુ! આ દિન બાળાપર કોઇ દિવસ દયા લાવી મારા નાથની મતિ સુધારશે તો સુખના દિન પણ દેખાશે.

નવમાલિકા—ધન્ય સખી ત્હારા આત્મબળને! ત્હારે સ્થાને કોઇ અન્ય અબળા હોત તો ખચીત! અનાચારના માર્ગપર ચઢી ભ્રષ્ટ થઇ કુળ કલંકિની બની હોત! અરેરે! મુખ કેવું નિસ્તેજ દેખાય છે! કાયા કેટલી બધી દુર્બળ જણાય છે!

આ પ્રમાણે કાન્તાના કષ્ટ પ્રતિ પ્રત્યેક સખી દિલસોજ લાગણી પ્રદર્શિત કરે છે એટલામાં પાછળના દરવાજેથી રાજવંશી પોષાકમાં સજ્જ થએલ કોઈ પુરૂષ આવતો હોય એમ જણાયું. સર્વ બાળાઓ વાર્તાલાપને વેગળો મૂકી સ્થિર થઇ ગઇ પ્રથમ તો તેમને એજ બાબત અત્યંત આશ્ચર્યજનક લાગી કે દિલીપસિંહ મહારાજાએ આ બાગમાં માત્ર અબળાઓ સિવાય કોઇનો પણ પ્રવેશ ન થઇ શકે એવો બંદોબસ્ત કર્યો છે છતાં પુરૂષનું આગમન શી રીતે થઇ શકે? આ પ્રમાણે વિચાર કરે

છે. એટલામાં તો તે બાળાઓની છેક સમીપમાં આવીને ઉભો રહ્યો ? સર્વ બાળાઓ સલજ્જ નયને નીચું જોઇ ભયથી વૃક્ષના પર્ણની માફક કંપવા લાગી.

કુસુમપુરપતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર આ વ્યક્તિ કોણ હશે !

ક્ષત્રિયકુળકલંક કનકસિંહની સુચનાને માન્ય કરી કનકપુરના મહારાજા સામંતસિંહે ગજસિંહ નામના પોતાના માનવંતા દરબારીને દિલીપસિંહનો ખંડણી સંબંધી અંતિમ વિચાર જાણવા કુસુમપુર મોકલ્યો હતો, તે વાંચક બંધુઓના સ્મર્ણમાં હશે. ગજસિંહના હૃદયમાં એક ચક્રવર્તી રાજ્યના માનીતા ઉમરાવ તરીકેનું અત્યંત અભિમાન હતું વિશ્વમાં વિલાસ વૈભવનાં જે જે સાધનો છે. તે સર્વપર પોતાનો પ્રથમ હક્ક છે એવી તેની માન્યતા હતી કનકપુરમાં તેણે વિકારવશ થઈ એક સૌંદર્યવાન સ્રીને ભ્રષ્ટ કરવાનો નીચ યત્ન કર્યો હતો પરંતુ તે સ્રી શુદ્ધ ક્ષત્રિય બાળા હતી; શિયળ રક્ષાનું સબળ સાધન હંમેશાં પોતાની સાથેજ રાખતી હતી તૂર્ત જ તેણે કમ્મરમાંથી કટાર કાઢી એટલે પ્રાણ નાશના ભયથી આ મહારથી પાછા પગે પલાયન કરી ગયા હતા.

ગજસિંહે કેટલેક દૂરથી બાગમાં હાસ્યવિનોદ કરતી બાળાઓના મંજુલ ધ્વની સાંભળ્યા કંઇક નજીક આવી તેણે પહેરવેશ ઇત્યાદિથી કલ્પના કરી લીધી કે આ શુરવીર ક્ષત્રિય બાળાઓ નથી પણ વણિક કિંવા વિપ્ર કન્યાઓજ છે અંતરમાં ઉદ્ભવેલી ઇચ્છામાં કંટકરૂપ થનાર કટાર પોતાના વિકાળ સ્વરૂપનું દર્શન

અહિં નહિજ કરાવે એવો મન સાથે ચોક્કસ ખ્યાલ કરીને તેણે બાગમાં પાછળના દરવાજે થઇ પ્રવેશ કર્યો જેમ જેમ તે નજીક આવતો ગયો તેમ તેમ સૌંદર્યવતી નવયૌવનાઓને વિલોકી તે વધારે વિહ્વળ બનતો ગયો તેને એવોજ ભ્રમ થયો કે જાણે નવીનતા નિહાળવાની ઇચ્છાથી પૃથ્વીપટપર ઉતરેલી સ્વર્ગની અપ્સરાઓ, શ્રમપરિહાર માટે બે ઘડી કુસુમ બાગમાં હવા ખાવા બેઠલી છે.

ગજસિંહને છેક સમીપમાં આવેલો જોઇ અન્ય બાળાઓ ગભરાઇ ગઇ પરંતુ કાન્તા દ્રઢ બની ઉભી થઇ. આવું નિર્લજ વર્તન તેનાથી સહન ન થઇ શક્યું તેણે મુખ ઉપર ગંભીરતા ધારણ કરી કહ્યું તમારા પહેરવેશ પરથી એમ પ્રતિત થાય છે કે તમે ક્ષત્રિય કુમાર છો ! ઇતિહાસના પૃષ્ટપર એવાં સેંકડો દ્રષ્ટાંતો છે કે અનેક ક્ષત્રિયોએ સ્ત્રીઓની શિયળ રક્ષા માટે પોતાના વહાલા પ્રાણ ગુમાવ્યા છે એટલે પ્રથમ હું એજ જાણવા ઇચ્છુછું કે તમે એવા શુદ્ધ ક્ષત્રિયોના કુળદિપક સંતાન હોવાનું હૃદયમાં અભિમાન ધરાવો છો કે નહિ ?

ગજસિંહતો આ પ્રશ્ન સાંભળી દિગ્મુઢ બની ગયો ! શું પ્રત્યુત્તર આપવો તેની કલ્પના કરવા લાગ્યો. પ્રત્યુત્તર આપવાની કલ્પના કરતાં તેનું ધ્યાન કાન્તાના સૌંદર્યનું વિલોકન કરવામાં વધારે પ્રમાણમાં એકતાર થયું નિસ્તેજ પણ ચંદ્રના સરખી તેની મનોહર મુખાકૃતિ અત્યંત મોહક લાગતી હતી. તિવ્ર દુઃખોથી તેનું સર્વાંગ ફિક્કું થયું હતું, તથાપિ તેનું નૈસર્ગિક સૌંદર્ય જરા પણ ઓછુ થયું નહતું. બ્રહ્માએ તેના અંગની રચના

કરતી વેળા એટલી બધી કાળજી રાખી હતી કે દુર્બળ દેહવડે પણ તે ઉર્વશી કે રંભાનું માન મુકાવે એટલી સુંદર દેખાતી હતી.

ગજસિંહના મુખપર પ્રતિપળે પ્રકટ થતા ભાવોની ચતુર કાન્તાએ તૂર્ત કલ્પના કરી લીધી તેણે પ્રભાવ યુક્ત સ્વરે કહ્યું.

મ્હારા પ્રશ્નનો પ્રત્યુત્તર મળવામાં વિલંબ થતો હોવાથી હું ધારૂં છું કે તમારા વિચારનો રંગ શુદ્ધ ક્ષત્રિયો કરતાં કંઇ જુદાજ પ્રકારનો હશે. ભલે ગમે તેમ હોય! તેની સાથે અમારે કંઇ સંબંધ નથી! પરંતુ આ બાગમાં કુસુમપુરપતીએ પુરૂષોને આવવાનો પ્રતિબંધ કરેલો હોવા છતાં તમે શા માટે આવ્યા છો? એ સમજી શકાતું નથી. બાગના દરવાજા આગળ વૃદ્ધ માળી બેઠેલો છે. તેણે તમને એ બાબત કંઇ સુચના પણ ન કરી?

ગજસિંહ—ઓ સ્વર્ગની અપ્સરા! તું જો કે ક્રોધથી બોલવાનો પ્રયત્ન કરે છે પરંતુ ત્હારૂં આખું અંગ અમૃતથી ભરેલું હોવાથી ત્હારા યત્નમાં નિષ્ફળતા પ્રાપ્ત થાય છે મુખમાંથી ક્રોધને બદલે અમૃતજ નીકળી જાય છે. બાળા! ત્હારા રાજાની આજ્ઞા સાધારણ માણસો માટે હશે. મ્હારી સત્તાથી તું જ્યારે જ્ઞાત થઇશ ત્યારે ભાગ્યેજ ત્હારા મુખમાંથી આ શબ્દો નીકળશે.

કાન્તા—સ્ત્રીયોની સાથે વાત કરતાં આવા નિર્લજ શબ્દનો ઉપયોગ કરો છો એજ એમ કહી આપે છે કે તમારામાં મનુષ્યત્વ નથી. અમારા મહારાજાની આજ્ઞા એવી છે કે સ્ત્રીયો વિના ચક્રવર્તી ભૂપાળ પણ આ બાગમાં પ્રવેશી શકે નહિ.

નાજુક સુંદરી! હું જેમ જેમ ત્હારા પ્રત્યે સ્નેહભરી મીઠી

દ્રષ્ટીએ જોતો જાઉં છું તેમ તેમ તું વાણીમાં વધારે ને વધારે તિક્ષણતાનું મિશ્રણ કરે છે. એ શું ! ત્હારી કદરદાની છે ! કાદવમાં રજળતા રત્નને યોગ્ય સ્થાનમાં અલંકૃત કરવાના ઉચ્ચ ઉદ્દેશથી આવેલા પ્રેમીના મધુર મધુર શબ્દો પ્રત્યે દુર્લક્ષ કરી પ્રત્યુત્તરમાં આમ ઘુરકીઆં કરવાં એ શું ડહાપણની નીશાની છે ? એમ કહી ગજસિંહે કાન્તાના કમળનાળ જેવા કરને સ્પર્શ કરવા પોતાનો હાથ લંબાવ્યો.

કાન્તા તૂર્તજ પોતાના સ્થાન પરથી ચાર ડગલાં પાછી ખસી ગઇ અને રોષપૂર્વક કહ્યું.

ક્ષત્રિય જેવી મહાન કોમમાં અવતાર પામ્યા છતાં વિષયી લંપટ બની શ્વાનપેરે હડધુત થતાં તમને શરમ પણ નથી આવતી ? તમારી અધમતાનો આટલેથીજ અંત આણો અને સીધી રીતે આવ્યા છો તે રસ્તે ચાલ્યા જાઓ ! નહિતો પરિણામ ભયંકર આવશે. આવા નિચ વર્તન માટે જગત્પીતા તમને ત્રાસદાયક શિક્ષા કરશે.

ગજસિંહે એના પ્રત્યુત્તરમાં કહ્યું-મનમોહક માનુની ! શિક્ષા થવામાં હવે બાકી શું રહ્યું છે ! નેત્રનું ખંજર હૃદયની આરપાર નીકળી ગયું છે, ઘાયલ થએલા દર્દીની માફક જીવ તરફડીયાં માર્યા કરે છે. શું ! સ્નેહના ભાલા કરતાં લોખંડનો ભાલો તમે વધારે દુઃખદાયક માનો છો ! જો એમજ તમે માનતાં હોવ તો તમારી ભુલ સુધારવાની ખાતર મ્હારે જણાવવું જોઇએ કે લોખંડનો ઘા તો ઉપચાર વડે પણ રૂઝાય છે પણ પ્રેમનો ઘા રૂઝાય એવી દવા શોધવા જશો તો ધન્વંતરી પાસે પણ મળશે નહિ !

કાન્તાએ કંટાળીને કહ્યું—અરે ઓ નાદાન! વિષયપંકના કીડા! ત્હારો મિથ્યા બકવાટ બંધ કર! ત્હારાં પાપયુક્ત વચનો વડે પવિત્ર વાતાવરણને ભ્રષ્ટ ન કર!

અપમાન સુચક શબ્દ સાંભળી ગજસિંહ છેડાયો. તૂર્તજ તેણે કમ્મરમાંથી તરવાર બહાર કાઢી અને કહ્યું-ઓ ગુમાની અબળા! મ્હારી નમ્રતાનો બદલો ત્હેં તિરસ્કારથી આપ્યો! ઠીક છે! જોઉં છું કે આ શુરવીર આગળ ત્હારો ગર્વ કેટલીકવાર ટકી શકે છે! ચાલ! હવે એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યા વિના મ્હારી ઇચ્છાને આધીન થઈ મ્હારી સાથે સાથે ચાલ નહિ તો પળમાત્રમાં ત્હારા જીવનનો અંત લાવીશ.

આ ભયંકર દ્રશ્ય જોઇ બાજુમાં ઉભી રહેલી બાળાઓએ રક્ષણ માટે મોટા અવાજથી કારમી ચીસો નાખવા માંડી. એટલામાં દૈવ યોગે-અશ્વારૂઢ થએલો દિલીપસિંહ શીવદર્શન કરીને બાગ આગળ થઇને રાજ્ય મહેલ તરફ જતો હતો, તેણે આ ાચત્કાર સાંભળ્યા. તૂર્તજ અશ્વને એડી મારી બાગમાં આવ્યો અને ગજસિંહના મસ્તક સામે રિવોલ્વર ધરી સિંહ સમાન ગર્જના કરી કહ્યું:-ખબરદાર! જો એક ડગલું પણ આગળ વધ્યો તો આજ પળે ત્હારા પ્રાણ પરલોકમાં ચાલ્યા જશે! નીચ! શયતાન! એકાંત અવલોકી અસહાય અબળાઓપર જુલમ કરવાના ઇરાદાથી આવ્યો છે કેમ! ત્હારા કૃત્યનાં ફળ ત્હને હમણાંજ મળશે! ચાલ! તરવાર હાથમાંથી એકદમ નીચે મુકી દે! જો મારી આજ્ઞાનો અમલ કરવામાં એક ક્ષણપણ વિલંબ કરીશ તો તુર્તજ આ ગોળીથી ત્હને વિંધી નાખીશ.

ગજસિંહે મૃત્યુના ચક્રને પોતાની આસપાસ ફરતું જોયું. જીવ બચાવવાની આશાથી તુર્તજ તરવાર વેગળી મુકી દીધી.

દિલીપસિંહ—હવે આ બાળાઓને બન્ને હાથ જોડી નમન કર અને ભૂલને માટે માફી માગ !

પ્રથમ ગજસિંહે તેમ કરવા જરાક આનાકાની કરી પરંતુ દિલીપસિંહે વિકાળ વદન કરી તેની છાતીમાં લત્તાપ્રહાર કરીને કહ્યું-મ્હારા હુકમનો અમલ કરવો છે કે યમપુરીના મ્હેમાન થવું છે ?

ગજસિંહે ભોંય પડતાં પડતાં આર્જવતાથી કહ્યું-ક્ષમા કરો સરદાર ! હવે આવું કૃત્ય કદી નહિ કરૂં ! આટલી શીક્ષા મ્હારે માટે બસ છે !

દિલીપસિંહ—મ્હારી ક્ષમા માગતા પહેલાં આ બાળાઓ કે જેમને ત્હેં વિના વાંકે ભયભીત કરી હેરાનગતિ પહોંચાડી છે. તેમની ક્ષમા માગ. આવા નીચ કૃત્યને માટે મ્હારા રાજ્યમાં કેવી ત્રાસદાયક શિક્ષા થાય છે એનો સાક્ષાત્કાર તો ત્હને હજુ હવે થશે.

ગજસિંહે બાળાઓને નમન કર્યું. દિલીપસિંહની આજ્ઞાનુસાર ક્ષમાની પ્રાર્થના કરી.

દિલીપસિંહે સર્વ બાળાઓને ઉદ્દેશીને કહ્યું-બ્હેનો ! હવે ત્હમે સર્વથા નિર્ભય છો ! જ્યાં સુધી મ્હારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી ત્હમારો વાંકો વાળ કરવા સૃષ્ટિમાં કોઇ સમર્થ નથી, હૃદયમાંથી ભીતિને દુર કરી પ્રથમની પેઠે જ આનંદમગ્ન બનો !

કાન્તા આભારની લાગણી પ્રદર્શીત કરતી, અચકાતી અચકાતી નમ્ર સ્વરે કહેવા લાગી–દયાળુ રાજન ! આપનું રાજ્ય અમારાપર સૂર્ય ચંદ્રની પેઠે અચળ રહો ! એવી પ્રભુ પાસે અમે સર્વ બાળાઓ અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ છીએ. જો આ વખતે આપનું આગમન ન થયું હોત તો સર્વ નિરાધાર બાળાઓની શી દશા થઇ હોત એની કલ્પના કરતાં કાળજું કંપે છે. પ્રભુ આપની વિજયપતાકા પ્રત્યેક દેશમાં ફરકાવે એજ અમારી આંતરિક ભાવના છે.

દિલીપસિંહ—બ્હેનો ? સત્યસહાયક વિભુ સર્વ વ્યાપિ છે ! જગતમાં થતાં પ્રત્યેક નાનાં મોટાં કાર્ય તે જુએ છે, અને અનાથને મદદ કરવાની વેળાએ તે કોઇપણ વ્યક્તિને ગુપ્ત પ્રેરણા કરી ધર્મનું રક્ષણ કરે છે.

આ પ્રમાણે કહી ગજસિંહને પોતાની આગળ ચાલવાની આજ્ઞા કરી દિલીપસિંહ ઘોડેસ્વાર થયો, એટલામાં નવમાલીકાએ આગળ આવી દિલીપસિંહને હાથ જોડી કહ્યું–કૃપાળુ નરેન્દ્ર ! અત્યારે અમને એક દ્રષ્ટાંતનું સ્મરણ થાય છે. અને તે એ કે ભાગ્ય યોગે પ્રભુનાં દર્શન થાય ત્યારે સર્વ દુઃખ દૂર થાય છે. જો આ વાત સર્વાંશે સત્ય હોય તો અમારી આ સખી કાન્તા કે જે એક પ્રકારના કષ્ટને લંધે અત્યંત દુખમાં જીવન વ્યતિત કરે છે તેને પ્રભુ સમાન રાજેન્દ્રનાં દર્શન થવાથી તેનું દુઃખ દૂર ન થઇ શકે ?

દિલીપસિંહ—ત્હારી સખીને કયા પ્રકારનું દુઃખ છે તે કહે ? હું પ્રાણના ભોગે પણ તે દુઃખ દૂર કરીશ.

નવમાલિકા આનંદિત થઇ કહેવા લાગી-પ્રભુ ! એનો પતિ દુષ્ટ-વ્યસની મિત્રોની સોબતથી દિન દિન ભ્રષ્ટ થતો જાય છે. માતા-પિતાના અંકુશમાં રહેતો નથી એને લીધે આ પતિવૃતાના જીવનમાં વિષ રેડાય છે, જો આપ નામદાર તેને અંકુશમાં લઇ એના વર્તનમાં સુધારો કરવાની દયા દર્શાવશો તો અમારાપર આપનો અનંત ઉપકાર થશે. અમારી ખાત્રી છે કે એનો વ્યસની પતિ રાજયાજ્ઞાથી ઠેકાણે આવી જશે.

દિલીપસિંહે નામ ઠામ લખી લીધું અને કહ્યું-કાલે પ્રભાતમાંજ હું મારા સેવકને મોકલી એ બાબતનો પૂર્ણ બંદોબસ્ત કરીશ એમ કહી દિલીપસિંહે કનકપુરના માનવંતા ઉમરાવને લઇ રાજય મહેલના માર્ગ તરફ અશ્વને દોડાવવા માંડયો.

પ્રકરણ ૭ મું.

પ્રેમની પરિસીમા.

જયમ યોગીઓ ઉલ્લાસપૂર્વક ધ્યાન ઇશ્વરનું ધરે,
વ્યાપારીઓ રાત્રિદિવસ ધન, માલનું ચિંતન કરે;
તેવી રીતે પ્રેમી હૃદયમાં પ્રેમની માળા ફરે,
પ્રતિપળ સ્મરે પ્રિયજન મુખે, ને નેત્ર અશ્રુથી ભરે.

"વ્હાલા દિલીપ ! ત્હારા પ્રેમ સલીલમાં સ્નાન કરવાની આશાથી કેદીની દશા પણ વ્હાલથી વેઠીશ ! આથી પણ કદાચ

ભયાનક શિક્ષા થશે તે છતાં હિંમત હારીશ નહિ ! પણ શું ! અંતે મ્હારા મનની ઇચ્છા પાર પડશે ! પ્રિય દિલીપના આલ્હાદક મુખચંદ્રનું જીવનમાં એકવાર પણ દર્શન થશે ! ઓ જગત્પીતા ! તું શુદ્ધ પ્રેમનો સ્હાયક છે, પ્રેમીઓનાં હૃદયની ગુપ્ત વેદના તું જાણે છે. શું તું એક વખત પણ આ દિન દાસીને દિલીપસિંહ સાથે નહિ મેળવે ! હાય ! હૃદયમાં નિરાશાનું સામ્રાજ્ય કેમ વધારેને વધારે પ્રવર્તતું હશે ! અરે ! પણ હુંજ પ્રેમમાં દિવાની બની ગઇ છું અને પ્રિયજનને મળવાના કાલ્પનીક કિલ્લા ચણું છું નહિ તો આ કારાગૃહ કે જયાં પક્ષીપણ પ્રવેશ કરવા અશક્ત છે ત્યાં અન્ય કોણ આવી મારૂં દુઃખ સાંભળે ! જો કોઇ શત્રુએ મને બંધનમાં નાખી હોત તો હું કુટુંબીજનની મદદની અપેક્ષા કરત ! પણ આ તો પિતાએ જ મ્હારી જીંદગી કચડી નાખવાનો નિર્ણય કર્યો છે ! હવે મદદ કેવી ! હવે બસ ! મરણ એજ શાન્તિદાયક ઉપાય દેખાય છે. મરતા સુધી દિલીપના આનંદદાયક નામનું પ્રેમપૂર્વક સ્મરણ કરવું એજ કર્તવ્ય અવશિષ્ટ છે. પિતાનું હૃદય વૈરના આવેશથી વજ્રસમાન કઠણ બન્યું છે, તેને વિનંતિ કરી પિગળાવવાની આશા રાખવી એ ફોકટ ફાંફાં છે. નાસી જવાનું કોઇ ગુપ્ત દ્વાર પણ નથી. ત્યારે હવે કરવું શું !" રાજયમ્હેલના એક શુશોભિત ખંડમાં રાજયબાળા પુષ્પાવતિ ઉપર પ્રમાણે મનોગત ઉદ્ગાર કાઢી રહી છે એટલામાં પહેરેગીરે દ્વાર ઉઘાડયું અને દરરોજના નિયમ પ્રમાણે એક દાસી થાળ લઇને ખાવાનું આપવા આવી. દાસી એક ખાનદાન કુટુંબમાં જન્મ પામેલી હતી. તેનું નામ મોતી હતું અને ગુણમાં પણ તે એક અમુલ્ય મોતી સમાનજ હતી.

જે વખતે મોતી ભોજનનો થાળ લઈ અંદર આવી તે વખતે અંતરમાં નિરાશાનું પ્રમાણ વધી જવાથી રાજબાળાના નેત્રમાં ચોધારે આંસુ વ્હેતાં હતાં. આ દશ્ય જોઇ મોતીના નેત્રમાં પણ જળજળીઆં આવી ગયાં. તેણે રાજબાળાને ઉદ્દેશી કહ્યું-પુષ્પાવતિ ! ત્હમે ક્ષત્રિય બાળા થઇ આમ રૂદન કરશો તો પછી જગત વિરબાળાઓ કોને કહેશે ! જરાક હૃદયમાં ધૈર્ય ધારણ કરો, અને શાન્તિથી દુઃખમુક્ત થવાનો પ્રયત્ન આદરો. તમારા ઇચ્છીત પંથમાં કંટકરૂપ થનારને ચાતુર્યપૂર્વક છેતરી પ્રિયતમના શર્ણમાં સત્વરે પ્હોંચી જાઓ ! આમ રૂદન કરવાથી અંતરની આશા કદીપણ પાર પડી શકશે નહિ.

આવાં ઉત્સાહપ્રેરક વાક્ય સાંભળી પુષ્પાવતિ તો આશ્ચર્યમાં લીન બની ગઇ. તે અશ્રુને લુછી કહેવા લાગી ! બ્હેન ! શું તું મ્હારા મનની વાત જાણે છે ! જો જાણતી હોય તો કહે જોઇએ આ દુઃખમાંથી છુટવાનો શું ઉપાય છે !

મોતી—કુંવરી બા ! રાજયમ્હેલમાં રહી આપનું લુણ ખાઇએ છીએ ને શું આટલા દિવસથી આપના દુઃખનો પ્રકાર પણ નહિ જાણી શકયાં હોઇયે ! જો આપ માનો તો દુઃખમાંથી છુટવાની ચોક્કસ ગોઠવણ પણ કરતી આવી છું.

પુષ્પાવતિ—કેવી રીતે બ્હેન !

મોતી—(પોતે પહેરેલાં કપડાંના જેવાજ રંગનાં કપડાંની એક જોડી કાઢીને) લ્યો ! કંઇપણ આનાકાની કર્યા વિના આ કપડાં પ્હેરી લો અને આપનાં કપડાં મ્હને આપો. દ્વાર રક્ષકો

આપને ઓળખી શકશે નહિ. વળી ગામ બ્હાર મ્હારા પિતાજીને અશ્વ સાથે ઉભા રાખ્યા છે. તે તમારી આતુરતાથી માર્ગ પ્રતિક્ષા કરતા હશે. તેઓ તમને સહિસલામત કુસુમપુર પહોંચાડી દેશે.

પુષ્પાવતિ—એટલે શું ! બાપદિકરી બન્નેને મૃત્યુના મુખમાં મૂકી હું સુખી થાઉં કેમ ! મોતી ! મ્હારે એવું સુખ નથી જોઇતું. માત્ર નિર્વાહ પુરતું પ્રાપ્ત કરી અમારે ત્યાં નોકરી કરનારના જીવ લઇ મ્હારે સુખી નથી થવું. મોતી ! શું તું મ્હને એટલી બધી નીચ હૃદયની ધારે છે કે હું મ્હારો પ્રજારક્ષક ધર્મ વિસરી જઇ મ્હારા સુખ માટે મ્હારીજ પ્રજાનું બલિદાન અપાવું ?

મોતી—પુષ્પાબ્હેન ! આપ આમ કેમ બોલો છો ? પ્રભુએ જેમ ત્હમારા છુટકારા માટે ઉચીત સંયોગ મેળવ્યો છે તેમ શું અમારા માટે તે દયાળુ દયા નહિ દર્શાવે ! બ્હેન ! સત્યનો હંમેશાં વિજયજ છે માટે વ્યર્થ સમય ગુમાવ્યા વિના જલદી કપડાં પહેરી વિદાય થઈ જાઓ !

પુષ્પા—નહિ મોતી ! એવા દિલાસાથી મ્હારૂં હૃદય સંતોષ પામે નહિ. હું સારી પેઠે સમજુ છું કે જયારે મ્હારા તાત આ વાતથી જ્ઞાત થાય ત્યારે તમને બાપદીકરીને દેહાંત દંડનીજ શિક્ષા આપે. મ્હારા પિતાના ક્રોધી સ્વભાવનો મ્હને પૂર્ણ પરિચય છે. તમને દુઃખી થએલાં જોઇ મ્હને સુખ મળેજ નહિ અને કદાચ માનો કે તમારા ભોગે હું સુખી થાઉં તોપણ મ્હારૂં હૃદય સંતાપના અગ્નિથી નિરંતર પ્રજવલિત થયાંજ કરે ! માટે મોતી ! એ વાતનો ઉચ્ચારજ ન કરીશ.

મોતી—(અત્યંત આર્જવતાપૂર્વક) બ્હેન ! ત્હમે સુજ્ઞ

થઇ આમ હઠ કેમ પકડો છો ! સ્વામિ ભક્તિના મનોરમ્ય પંથપર પ્રયાણ કરનારને પોતાની ફરજ બજાવવાની તક પ્રાપ્ત થતાં જે સ્વર્ગીય આનંદ પ્રાપ્ત થાય છે તેનું વર્ણન કયા શબ્દોમાં કરૂં તે હું સમજી શકતી નથી. બ્હેન ! અમારૂ એવું કયાંથી ભાગ્ય કે માલીકને માટે પ્રાણ આપીએ ? જો એમ થાય તો તો જીવ્યું પ્રમાણજ ગણાય ? તેમ છતાં ધારો કે તમે અમારા જીવનના ભોગે સુખી થવા નથી ઇચ્છતાં તો એ વિષયમાં પણ આપે ખાત્રીજ રાખવી કે સત્યમાર્ગનું અવલંબન કરનારને સર્વેશ્વર કદી દુઃખ આપેજ નહિ ! બ્હેન ! તમે ધર્મશાસ્ત્રોનું અવલોકન કર્યું છે છતાં સચ્ચિદાનંદ સ્વરૂપ ભક્તવત્સલ પ્રભુ પ્રત્યે શું તમને એટલી પણ શ્રદ્ધા નથી ? આ સાંભળી પુષ્પાવતિ સ્તબ્ધ થઇ ગઇ. હવે આ દલીલો સામે શું ઉત્તર આપવો તે એકદમ તો તેને સુજ્યું નહિ. પરંતુ કંઇક વિચાર કરી દ્રઢતાથી કહેવા લાગી–મોતી ! ત્હારા નામ પ્રમાણે તું એક કિંમતી મોતીજ છે ! ત્હારી સ્વામિભક્તિ જોઇ મને અત્યંત હર્ષ થાય છે. મ્હને જોકે પ્રભુપ્રત્યે પૂર્ણ શ્રદ્ધા છે ! પરંતુ ઘણીવાર એવું પણ બને છે કે ધર્મના પંથપર અચળ રહેનારને પ્રાણ ત્યાગવા પડે છે. માટે મારે બદલે તને અહીં મૂકીને તો હું પ્રાણાન્તે પણ જવાની નથી. ભલે મને સુખ ન મળે ! પીયુનું મધુર નામ રટતાં રટતાં ભલે મૃત્યુ આવી પહોંચે ! આવતે જન્મે મ્હારી અભિલાષા પૂર્ણ કરીશ.

મોતી—પણ બ્હેન ! અમે ચોક્કસ નિર્ભય હોવાનું સાબિત કરી બતાવીએ તો તો આપ જવાનું કબુલ કરશો ને !

પુષ્પાવતિ—જો મારા મનમાં તમારી નિર્ભયતા માટે જરા પણ શંકા નહિ ઉત્પન્ન થાય તો ખુશીથી ત્હારી વાત સ્વીકારીશ.

મોતી—જુઓ: ત્યારે બ્હેન! મને પાકે પાયે ખબર મલી છે કે તમારા પિતાએ ખંડણીનો અંતિમ નિર્ણય સાંભળવા માટે ગજસિંહને કુસુમપુર મોકલ્યા હતા, તેમને દિલીપસિંહે કેદ કર્યો છે. શા કારણથી કેદ કર્યો છે. તે સમજાયું નથી. પરંતુ આ હકીકતથી તમારા પિતાનો ક્રોધ ચોમાસાના પૂરની પેઠે ઉશ્કેરાયો છે અને તેઓ આવતી કાલેજ કુસુમપુર તરફ સબળ સૈન્ય સાથે પ્રયાણ કરવાના છે. એટલે લશ્કરની વ્યવસ્થા ઇત્યાદિ મહત્વનાં કામ મૂકી અહીં કોઇ તપાસ કરવા આવવાનુંજ નથી અને એટલામાં તો મ્હારા વૃદ્ધ પિતા મ્હને અહીં આવી મુક્ત કરી જશે. કારણકે બન્ને દ્વારપાળ મ્હારા પિતાના અંગતસ્નેહી છે. કદાચ તમે દ્વારપાળોના જીવનની ચિંતા કરશો તો તે પણ ચિંતા અસ્થાને છે. કારણકે એ દ્વારપાળો ઘોડેસ્વાર ટુકડીના હોવાથી કાલે તો તેમની જગાએ બે વૃદ્ધ માળી આવશે અને તેમને સૈન્યમાં જોડાવું પડશે એટલે એમના જીવન મરણનો સવાલ તો ભાગ્યાધીનજ છે.

હવે પુષ્પાવતિના મનની કંઇક ખાત્રી થઈ. તેણે નયનમાં હર્ષનાં આંસુ લાવી કહ્યું। બ્હેન? ત્હારા જીવનને ભયમાં મૂકી મારો ઇચ્છિત માર્ગ સરળ કરી તું મ્હને આભારના ભાર નીચે દબાવી દે છે. ત્હારા જેવી સ્વામિભકત સેવિકા પ્રાપ્ત થવા માટે હું મ્હને અત્યંત ભાગ્યશાળી માનું છું. બ્હેન! જયારે તું અહીંથી મુકત થાય ત્યારે મને સત્વરે કુસુમપુરમાં આવીને મળજે.

વાતચીત કરવાનો વધારે વખત ન હોવાથી પુષ્પાવતિએ તુર્તજ દાસીનાં કપડાં પહેર્યાં અને નગર બહાર પહોંચી ગઇ.

ત્યાં સંકેત પ્રમાણે મોતીનો પિતા અશ્વ લઇ રાજબાળાની રાહ જોતો હતો. તેણે છેક કુસુમપુર સુધી આવવાનો આગ્રહ કર્યો. પરંતુ પુષ્પાવતીએ માત્ર તેની .પાસેથી એક કટાર માગી લીધી અને અશ્વારૂઢ થઇ કહ્યું-હવે તો મ્હારી લેશ પણ ચિન્તા કરશો નહિ. તમે જેમ બને તેમ જલદી જઇ મોતીને મુક્ત કરવાની તજવીજ કરો.

વૃદ્ધ—કુંવરીબા ! તમે મ્હારી દીકરીની જરાએ ચિતા કર્યા વિના સુખેથી કુસુમપુર પહોંચી જાઓ. દ્વારવાન્ મ્હારા મિત્ર છે એટલે મોતીને તો હું હાલજ ઘેર લાવીશ.

વૃદ્ધના વચનથી પુષ્પાવતીને સંતોષ થાય છે. તેણે પોતાના કંઠમાંથી અમૂલ્ય મોતીની માળા કાઢી વૃદ્ધના હાથમાં મૂકી અને વૃદ્ધ કંઇપણ બોલે તે પહેલાં તો રાજબાળાએ અશ્વને પૂરવેગથી દોડાવી દીધો અને જોત જોતામાં તો તે દ્રષ્ટિ મર્યાદાથી દૂર થઇ ગઇ.

પ્રકરણ ૮ મું.

સતીત્ત્વનો પ્રભાવ!

સર્વેશ જો કરૂણા કરે તો લોહ કંચન થાય છે.
અપમાન નિશદિન પામનારા પૂજ્યસમ લેખાય છે,
ઉજ્જડ ભૂમિ ફળદ્રુપ બને, પળમાં ચહે જો શ્રીહરિ;
દુર્જન બને સજ્જન, સકળ નિજ પાપ કર્મો પરહરી.

પ્રિય પાઠક! અષ્ટ પ્રહર મવાલી મિત્રોના અખાડામાં પડી રહેનાર કાન્તાના કંથ કુંદનલાલ વિશે તમે હવે શું ધારો છો? પોતાના ઉચ્ચ ગુણોને લીધે પવિત્ર સતીઓની પંક્તિમાં વિરાજનારી કાન્તા શું હજુ દુઃખાઘાતને લીધે અશ્રુસારે છે? નહિ. કારણ? કારણ એજ કે હવે કાન્તાના દુર્ભાગ્યનો અંત આવ્યો છે. તેના ધૈર્યની કસોટી કરી પ્રભુએ તેનું દુખ કાપ્યું છે

જે વેળાએ દિલિપસિંહના વિક્રાળ મુખમુદ્રાવાળા રાજ્યસેવકો કુંદનલાલને પકડવા આવ્યા ત્યારે પ્રથમ તો કુંદનલાલ અત્યંત ભયભીત થઈ ગયો. આ અણધારી આપત્તિનું શું કારણ છે. તેની કંઇ પણ કલ્પના ન કરી શકયો. તેણે અત્યંત નમ્રતાથી પૂછયું–ભાઈ! મ્હારો એવો શું અપરાધ છે કે મને આમ કેદીની માફક બાંધી જાઓ છો?

રાજ્યસેવકો—ત્હારો અપરાધ કેટલો ભયંકર છે. તે તું ન્યાયાસન સમક્ષ જાણી શકીશ. હાલ તુરત ગુપચૂપ એક શબ્દ પણ બોલ્યા વિના અમારી સાથે સાથે ચાલ !

લાચાર ! એક મુંગા પ્રાણીની પેઠે ભયથી કંપતો કંપતો ચાલવા લાગ્યો. તેને પોતાના જીવનની પણ શંકા થવા લાગી. કુંદનલાલનાં માતપિતાને આ ગુપ્ત રહસ્યથી જાણીતાં કરેલાં હોવાથી તેમણે અત્યારે એક શબ્દનો પણ ઉચ્ચાર ન કર્યો.

કુંદનલાલે આજે જીંદગીમાં પહેલીજવાર ન્યાયાલયમાં પ્રવેશ કર્યો, તેનું હૃદય હાલ તેના કાબુમાં નહતું. દિલીપસિંહનું ભવ્ય, તેજસ્વી લલાટ વિલોકી તેને લાગ્યું કે હવે આ દુનિઆમાં હું માત્ર થોડીજ મિનિટનો મહેમાન છું.

કેદી આ પ્રમાણે સંકલ્પ વિકલ્પ કરે છે. એટલામાં દિલીપસિંહ મહારાજાએ ન્યાયમંદિરમાં વિરાજેલી સર્વ વ્યક્તિઓને બહાર જવાની સૂચના કરી દીધી.

હવે મકાનની અંદર માત્ર મહારાજા અને કેદી બન્નેજ રહ્યા. દિલીપસિંહે કમ્મરમાંથી ચળકતી તરવાર બહાર કાઢી, અને કેદીને સંબોધી કહેવા માંડયું કે—ઓ નીચ ! નિર્લજ્જ વણિક પુત્ર ! તું ઉચ્ચ જ્ઞાતિમાં જન્મ પામ્યો છે. ત્હારા બાપદાદાની કુલ આબરૂ માટે આખી વણિક કોમ મગરૂરી ધરાવે છે. તે સર્વની પરવા તજીને તું નીચ મિત્રોની સોબતમાં આથડે છે. અને વ્યસન, જુગાર ઇત્યાદિ નિંદ્ય કર્મોમાં જીવન ગાળે છે ? અરે ! એટલુંજ નહિ, પણ ત્હારા પિતાએ અથાગ શ્રમ કરી જે દ્રવ્ય પ્રાપ્ત કર્યું છે. તેને તું પાણીના પ્રવાહની માફક વહેવડાવે છે ? અને શિખામણના શબ્દો કહેવા જતાં ઉચ્છૃંખલ થઇ તેમનુ અપમાન કરે છે ?

દિલીપસિંહના શબ્દ પ્રહારને લીધે કેદી શરમીંદો બની નખ વડે ભૂમિ ખોતરવા લાગ્યો. દિલીપસિંહે તો બોલવાનું શરૂજ રાખ્યું–આટલાથીજ તારી નીચતાનો અંત નથી આવતો. એક આશાભરી અબળા કે જેને સુખી કરવાના ઉદ્દેશથી ત્હારી સાથે પરણાવવામાં આવી છે. તેને તું અનેક રીતે દુઃખ દઇ તેની જીંદગીને ક્રુરતાથી કચરી નાખે છે! રત્નની મૂલ્યવાન માળા કંઠમાં હોવા છતાં ઓ બેકદર મુર્ખ ? ત્હારી વૃત્તિ કાચના કકડામાંજ લોભાય છે!

હું હાલજ ત્હને આજ્ઞા કરૂં છું કે અંતરમાંથી સર્વ અધમ વાસનાઓને આ પળેજ ત્યાગી સ્રીને સુખી કરવાની દઢ પ્રતિજ્ઞા કર! અને પ્રતિજ્ઞા કરતા પહેલાં એ પણ ખૂબ લક્ષમાં રાખજે કે જો આ પ્રતિજ્ઞાના પાલનમાં જરા પણ બેદરકારી જણાશે તો આ જ દૈવી શક્તિવાળી કટાર ત્હારી છાતીમાં પ્રવેશ કરી પ્રતિજ્ઞા ભંગનો ભયાનક બદલો લેશે.

ખચીત! દિલીપસિંહના ઉપદેશની જાદુઇ અસર થઇ! કેદી નેત્રમાં શ્રાવણ ભાદરવો વર્ષાવતો કહેવા લાગ્યો! મ્હારા ભ્રષ્ટ જીવનને પવિત્રતાનો પ્રકાશ દર્શાવનાર દેવ ? હું આજથી આપના ચર્ણમાં શીશ નમાવી પ્રતિજ્ઞા કરૂં છું કે–જીંદગીના અંત પર્યન્ત નિંદ્યમાર્ગની કલ્પના પણ નહિ કરૂં. અને મારી અર્ધાંગનાને આપેલા અન્યાય માટે તેની હૃદયપૂર્વક ભક્તિ કરી ક્ષમા મેળવીશ.

તુર્તજ દિલીપસિંહે તેને બંધનમુક્ત કરી એક વયોવૃદ્ધ સદ્ગુણી અને વિદ્વાન શિક્ષકના હાથમાં સોંપ્યો. અને દરરોજ તેના હૃદયમાં ધાર્મિક અને નૈતિક જ્ઞાનામૃત રેડવાની પુખ્ત ભલામણ કરી.

પ્રિય પાઠકો ! એ વાતને આજે લગભગ છ માસ વ્યતીત થઇ ગયા છે. પ્રથમના ક્રંદન અને હાલના ક્રંદનમાં અસાધારણ ફેરફાર થઇ ગયો છે.

ઉપદેશના પ્રબળ પ્રવાહથી તેનું હૃદય અત્યારે વિશાળ અને ઉચ્ચાશયી બન્યું છે. પૂર્વનાં પાપકર્મની કલ્પના થતાં અત્યારે તેના હૃદયમાં તીવ્ર પશ્ચાત્તાપ થાય છે. અને વારંવાર નેત્ર ભીનાં થાય છે. પોતાની સાધ્વી સ્ત્રીને દીધેલા દુઃખ માટે તેના અંતરમાં હવે તીવ્ર વેદના થાય છે. હવે એ દેવીગુણ મંડિતદારાને સદ્વર્તનથી સંપૂર્ણ સંતોષ આપવાનો તેણે દૃઢ સંકલ્પ કર્યો છે.

અત્યારે તે શયનખંડની અંદર એવાજ પ્રકારના વિચારમાં તદાકાર બન્યો છે. એકાએક તેના મુખમાંથી સંગીતના રૂપમાં ઉદ્‌ગાર શ્રવવા લાગ્યા.

ઇશ્વર પધાર્યો આંગણે કંગાલ પર કરૂણા કરી
સંકટ દહી સુખ અર્પવાની, ભાવના અંતર ધરી
પણ અંધ થઇ અભિમાનમાં, હિતવાતના કંઈ સાંભળી
નિર્ભાગીએ નીર ના પીધું, નીરખ્યા છતાં નહી નિર્મળી
આલ્હાદકારક પુષ્પમાળ, ગમારના કરમાં પડી
પરિમળ મધુરની કદર કરતાં, મૂર્ખને ના આવડી
કૌસ્તુભ જડેલી મુદ્રિકાની, ના શકયો કિંમત કળી
ત્યાગી જીવન વર્ધક સુધા, વૃત્તિ હળાહળમાં ભળી
સ્વાદિષ્ટ ભોજન ગૃહતણું, ઉન્મત્ત બનીને પરહર્યું
થઈ ભ્રષ્ટ, ટુકડા માર્ગના ખાવા મલિન મન પરવર્યું
સમજ્યો ન લાભાલાભ કંઇ, વ્યાપાર અવળો આદર્યો
સોબત થકી જારી જનોની કુંભ પાપ તણો ભર્યો

પ્રમદા અતિ આનંદ પૂર્વક પ્રણય મંદિર આવતી
સત્કારની આશા ભરી અંતર અહા વિકસાવતી
થઇ ક્રુર ઉર સંતપ્ત કીધું, તીર માર્યાં વચનનાં
પસ્તાય છે પાપી હવે, શિદ સુખ લુંટયાં જીવનનાં

જાણે દુઃખી હૃદયને દિલાસો આપવા માટે સાક્ષાત્ દયાની દેવીનું જ આગમન ન થયું હોય! તેમ કાંતાએ આવીને દ્વાર ઉઘાડયાં. અને પ્રિયતમનાં અશ્રુથી ભિંજાએલાં નયન લુછીને કહ્યું–મ્હારા સૌભાગ્યતિલક! વીતક વાતોનું વારંવાર સ્મરણ કરી હવે શા માટે મનને કષ્ટ આપો છો? પીયુ! પ્રભુકૃપાથી પ્રાપ્ત થએલી મંગળપળોને આનંદપૂર્વક વધાવી લઇ તેનો સદ્ઉપયોગ કરવાને બદલે આમ ગત બનાવોને સંભારી સંભારી રૂદન કરવું એ શું ઉચિત છે? પ્રાણ? આપના કષ્ટનો મારા હૃદયમાં શું પ્રત્યાઘાત નહિ થતો હોય?

કુંદનલાલ—દેવી! ત્હારૂં હૃદય અત્યંત વિશાળ છે. તું મ્હારા ગૃહની સાક્ષાત લક્ષ્મી છે. હું નિભાગી ત્હારી કિંમત નકળી શક્યો. મ્હેં તને વિના વાંકે ઘણું કષ્ટ આપ્યું! અરે! મેં છળ કરી ત્હારા અલંકાર પણ છીનવી લીધા. પ્રિય! મ્હારા અપરાધ સાધારણ પ્રકારના નથી. કે સહજમાં વિસરી શકાય!

કાન્તા—પણ નાથ! હવે તો આપની કિંકરી સંપૂર્ણ સુખી છે ને? દુઃખ હતું ત્યારે હતું. ચંદ્રહાર આપતી વેળા જે ભાવના મ્હારા હૃદયમાં પ્રકટી હતી તે પ્રભુએ પાર પાડી છે, અને તેથી હું મ્હારા જીવનને કૃતકૃત્ય માનું છું. અમારા સાચા શણગાર તો આપ જ છો. અને અમારા હૃદય તખ્તપર નિરંતર બિરાજો છો.

પછી એવી કોણ મૂર્ખ માનુની હોય કે નિર્જીવ અલંકારોમાં અનુરાગ રાખે ?

પરંતુ કાન્તાનાં આશ્વાસનસૂચક વચનોથી કુંદનલાલના હૃદયમાં ઉદ્‍ભવેલી પશ્ચાત્તાપની જ્વાળા શાન્ત થઇ નહિ. હજુ તેની આંખમાંથી અશ્રુ નિકળ્યાં જ જતાં હતાં. કાન્તાએ ગત પ્રસંગોનું વિસ્મરણ કરાવવા માટે ઘણા પ્રયત્ન કર્યા. આર્જવતાપૂર્વક અભ્યર્થના કરી. પરંતુ પ્રત્યુત્તરમાં કુંદનલાલે કહ્યું—હૃદયેશ્વરિ ! તું ગમે તેટલા દિલાસા આપીશ પરંતુ આજે મને રૂદન વિના શાન્તિ પ્રાપ્ત થનાર નથી. માટે મ્હારા ઉરમાં જામી ગએલા શોકભારને નેત્રદ્વારા ખાલી કરી દેવા દે. ત્હારા જેવી દિવ્યાંગનાને દુઃખ આપવાથી આ શરીર અત્યંત પતિત થયું છે. માટે તેને ઉષ્ણ અશ્રુજલવડે શુદ્ધ કરવા દે.

અહા ! ભારતવર્ષના ગૌરવને પ્રકાશિત કરનાર કાન્તા ! ત્હારા સતીત્વનો કેટલો બધો પ્રભાવ ! જે કુંદનલાલ એક વખત અધમ આચરણમાં મસ્ત બની સમાજના બૂટની ઠોકરે અથડાતો હતો—શ્વાન પેઠે હડધૂત થતો હતો. તેજ કુંદનલાલ આજે સુજ્ઞ મનુષ્યોમાં અસાધારણ સન્માન પામે છે. જે કુંદનલાલ એક વખત અધમ વેશ્યાઓને હૃદયહાર સમજી પોતાના કુળની ચળકતી કીર્તિપર કલંકરૂપી કાળું કાજળ લગાડતો હતો. તે આજે પોતાનાં પૂર્વનાં કુકર્મને સંભારી સંભારી હૃદયફાટ કલ્પાન્ત કરે છે. પત્નીના ચરણમાં આર્ત સ્વરે ક્ષમાની ભીખ માગે છે. અમે કહીએ છીએ કે એ કાન્તાના ધૈર્યનું જ શુભ પરિણામ છે.

અવિશ્રાંત રૂદન વડે કુંદનલાલનાં નેત્ર રક્તવર્ણ બની ગયાં.

અપરાધ છે ગંભીર માટે યોગ્ય શિક્ષા આપશું.
છો હૃદયના અધિરાજ પ્રિય, પણ ન્યાય શુદ્ધ દીપાવશું
અપરાધીને કરતાં સજા, ના હૃદય લેશ ડગાવશું
લેશું અમલમાં કાયદો, ના પક્ષપાત ચલાવશું.

કુંદનલાલ—પણ પક્ષપાત કરવાનું કોણ કહે છે! કાયદેસર જે શિક્ષા કરીશ તે કબુલ છે।

કાન્તા—ત્યારે જુઓ—

મજબુત બેડી લોહથી પણ, પ્રેમની મુજ પાસ છે.
મમ હૃદયરૂપ કારાગૃહે, નક્કી કરેલ નિવાસ છે.
લવલેશ પણ ના મુક્ત થાવાની અહીંથી આશ છે.
પરતંત્રતામય જીવનનો સંકષ્ટકર આભાસ છે.

કુંદનલાલ—આ તો બહુ જ સખત શિક્ષા!

કાન્તા—અરે! એટલેથી જ કયાં છુટકારો છે? હજુ

હવે તેનો હૃદયઉભરો શાન્ત થએલો જણાય છે. પુનઃ તેણે કાન્તાને પ્રશ્ન કર્યો-મ્હારી પ્રેમાંગના! કહે! શું તું મ્હારા હતભાગી ભરથારના સર્વ વાંક વિસરી જઇ હૃદયપૂર્વક ક્ષમા આપીશ? કાન્તાએ મુખપર સ્મિત હાસ્યની છટા પ્રસરાવી મંજુલધ્વનિથી કહ્યું-નહિ તમે મ્હારા હૃદયરાજના ઇંદ્ર છો એ વાત ખરી! પરંતુ અપરાધી હોવાથી કાયદા પ્રમાણે શિક્ષા તો અવશ્ય કરવીજ પડશે.

કુંદનલાલ—કહે પ્રાણ! તું જે શિક્ષા કરીશ તે સહન કરવા હું તૈયાર છું.

કાન્તા—તો સાંભળો—

સાંભળો ?

જળપાન પણ કરવું હશે તો માગવી પડશે રજા !
સ્વેચ્છા પ્રમાણે વર્તવાની, ના પિયુ પડશે મઝા !
કરશો નિયમનો ભંગ તો, તોર સ્નેહ કેરાં મારશું
ખહુ યત્નથી પકડયા હવે ! કિંચીત દયા ના ધારશું.

કુંદનલાલ—વારૂવાર, હવે તમારા હૃદયરાજ્યના કેદી બન્યા છીએ એટલે જે કહેશો તે કબુલ છે.

પ્રિય પાઠકો ! બસ ! હવે કાન્તા અને તેના કેદી કન્થને શયનભુવનમાં વાર્તાલાપ કરતાં મૂકીને તમારૂં કલ્પનાયંત્ર કનકપુરના દરબાર ગઢ ભણી ગોઠવો ! કારણ કે આજે સામંતસિંહ સબળ સૈન્ય સાથે કુસુમપુર પર ચડાઈ કરવાની તૈયારી કરે છે.

પ્રકરણ ૯ મું.

સમરાંગણ.

અભિમાનમાં બની અંધ જે નર ન્યાય બુદ્ધિ પરહરે,
શિરછત્ર બનવા સૃષ્ટિનો, દુર્ભાવના અંતર ધરે,
સરિતા વહાવે રક્તની, લાખો જીવનને સંહરે,
પરિણામ દેખ્યા વિણ દુઃખદ, હિત વાત ના ઉર ઉતરે.

કુસુમપુરપતિએ પોતાના ચક્રવર્તી રાજ્યના આબરૂદાર ઉમરાવને કેદ કરેલા છે. એ સમાચાર સામંતસિંહને વિદ્યુત્ વેગે

મંડયા. રિવાજ પ્રમાણે ખંડણી ન મળવાથી સામંતસિંહ ઉશ્કેરાએલો હતો જ તેમાં વળી આ બનાવે તેના ક્રોધને અસાધારણ રીતે ઉત્તેજીત કર્યો. અગ્નિની જવાળામાં ઘૃત હોમવા જેવું થયું. તત્ક્ષણ તેણે સેનાપતિને સબળ સૈન્ય સાથે કુસુમપુરપર આક્રમણ કરવાની સૂચના કરી દીધી.

ભૂપતિની આજ્ઞા થતાં જ સૈન્યાધિપતિએ સૈન્યની વ્યવસ્થા કરવા માંડી. શસ્ત્ર બનાવનારાઓને મોટી સંખ્યામાં ભાલા, તરવાર, જમૈયા ઇત્યાદિ વિધવિધ પ્રકારનાં પ્રાણઘાતક હથિયાર બનાવવાની આજ્ઞા આપી દીધી. લશ્કરને માટે અમુક મુદત સુધી ખૂટે નહિ એ પ્રમાણે અનાજનો બંદોબસ્ત કરવા માંડયો.

કનકપુરપતિ યુદ્ધની તૈયારી કરે છે. એ વાત વાયુવેગે આખા શહેરમાં પ્રસરી ગઇ. નિર્બળ મનના કેટલાક માણસો તો યુદ્ધનું નામ સાંભળીને જ કંપવા લાગ્યા. તેમને પોતાના જીવનની શંકા થવા લાગી. કેટલાક ધનિકો જવેરાત અને સુવર્ણમુદ્રાઓને ગુપ્ત ભોંયરાઓમાં દાટવા લાગ્યા. તેમને એવા વિચાર થવા માંડયા કે, વખતે આ યુદ્ધમાં સામંતસિંહનો પરાજય થશે તો કુસુમપુર નરેશ પોતાને થએલા નુકશાનનો બદલો વાળવા માટે કનકપુરને લૂંટશે.

યુદ્ધની કલ્પના માત્રથી ચીસ પાડી ઉઠનારા કેટલાક રણભીરૂ કેવળ નામનાજ ક્ષત્રિયો કનકપુર મૂકીને છાનામાના પલાયન કરી ગયા. કારણ કે તેમનામાં શુદ્ધ ક્ષત્રિયત્વનો અભાવ હતો. કીર્તિ કરતાં જીવન બચાવવાની તેમના અંતરમાં પ્રબળ આકાંક્ષા હતી. કેટલીક સૌંદર્ય મંડિત માનુનીઓ કે જેઓ

કુસુમપુરપતિની પવિત્ર રાજયનીતિથી સર્વથા અજ્ઞાત હતી. તેમણે પોતાના શીયળની રક્ષા સારૂ યુદ્ધનો અંત આવે ત્યાં સુધીને માટે અન્યસ્થળે રહેવાની ઉચિત વ્યવસ્થા કરી દીધી.

સાધારણ રીતે માનવસ્વભાવ એવાજ પ્રકારનો હોય છે કે, સહજ ભયનું કારણ ઉપસ્થિત થતાં દુઃખદ પરિણામની કલ્પના અધિક પ્રમાણમાં થાય છે એટલે આવા યુદ્ધ જેવા ભયાનક પ્રસંગે પ્રજાવર્ગ પોતાની નિર્ભયતા માટે ઉચિત પ્રબંધ રચે તો તેમાં આશ્ચર્ય જેવું કંઇજ નથી.

બે દિવસના પ્રવાસને અન્તે સામંતસિંહ પોતાના અગણિત સૈન્ય સાથે કુસુમપુર આવી પહોંચ્યો. ગામ બહાર તેણે અસંખ્ય લશ્કરી તંબુની યોજના કરી દીધી અને ભયંકર તોપો વડે કુસુમપુરના દુર્ગને ભેદવાનો પ્રારંભ કર્યો. રાજદ્રોહી કનકસિંહ સામંતસિંહને ગુપ્ત બાતમીઓ આપી રહ્યો છે તે અત્યારથીજ કુસુમપુરનું કનક જડિત્ર રાજયછત્ર પોતાના શિરપર ધારણ કરેલું નીહાળે છે.

કુસુમપુરનો વીર કેસરી તેમને ઘટતો આવકાર આપવા માટે પ્રથમથીજ તૈયાર થઇ રહ્યો હતો. કાયરની માફક કિલ્લામાં પુરાઇ રહેવાનું તેણે પસંદ કર્યું નહિ. તેને પોતાની વિશ્વવિજયી સમશેર પર સંપૂર્ણ શ્રદ્ધા હતી. હૃદયમાં વીર ક્ષત્રિય તરીકેનું સ્તુતિપાત્ર અભિમાન હતું. વળી તેની પાસે એવા પ્રચંડ પરાક્રમી યોદ્ધા હતા કે એકેક વીર, શત્રુપક્ષના સેંકડો સૈનિકોને પણ ભારે પડે. પ્રત્યેક યોદ્ધો કુસુમપુર પતિને પ્રભુ સમાન પ્રમાણતો હતો. કુસુમપુરનું સઘળું સૈન્ય પોતાના સ્વામીને માટે

અત્યારે આનંદપૂર્વક પ્રાણ સમર્પવા માટે ઉદાર બન્યું હતું. કોઈના મુખપર દિલગીરીનું નિશાન જણાતું નથી. કારણ કે તેમના હૃદયમાં દૃઢ ખાત્રી હતી કે વીરતા પૂર્વક યુદ્ધ કરતાં મરણ પામવાથી સ્વર્ગમાં ઉત્તમ સ્થાન પ્રાપ્ત થાય છે. આવી રીતે કુસુમપુરનું સૈન્ય જીવ ઉપર આવીને લડવા તૈયાર થએલું હોવાથી ધૂર્તજ સ્વહસ્તે કિલ્લાનાં દ્વાર ઉઘાડી નાખ્યાં અને સાધારણ માણસનું કાળજું પણ ફાટી જાય એવું ભયંકર યુદ્ધ શરૂ થયું.

જે વખતે કુસુમપુરપતિનું સૈન્ય કિલ્લાના દરવાજા ઉઘાડવા આગળ વધ્યું તે વખતે એક નવીન બનાવ બન્યો. અશ્વારૂઢ થએલો એક સુંદર આકૃતિવાળો ક્ષત્રિય યુવક ત્યાં આવી પહોંચ્યો. અને અશ્વપરથી નીચે ઉતરી મહારાજા દિલીપસિંહ આગળ બન્ને હસ્ત જોડીને ઉભો રહ્યો. યુવકની મનોહર કાન્તિ મેનકાના સૌંદર્યને પણ લજ્જિત કરે તેવી હતી દિલીપસિંહે આજસુધી કોઇપણ પુરૂષ વ્યક્તિમાં આટલી સુંદરતા અવલોકી નહોતી. અધરોષ્ઠમાં અદ્વિતીય હાસ્યની છટા પ્રસરી રહી છે. પૂર્ણીમાના ચંદ્રની પેઠે ભાલપ્રદેશ શોભાયમાન જણાય છે. મુખપર ગુલાબના પુષ્પ સમાન લાલી ચમકતી હોવાથી અત્યંત આકર્ષક દેખાય છે. કોઇ પણ પ્રકારનો પરિચય ન હોવા છતાં દિલીપસિંહનું હૃદય સ્વભાવિક રીતેજ તેની તરફ લોહચુંબકની પેઠે ખેંચાવા લાગ્યું સૈન્યાધિપતિ અને અન્ય યુદ્ધ કળા કુશળ સામંતો પણ આ સૌંદર્યની પ્રતિમા પ્રતિ ધારી ધારીને જોવા લાગ્યા.

દિલીપસિંહે યુવકનો યોગ્ય સત્કાર કર્યો. અને પાસે પડેલા એક સુવર્ણાસન પર બેસાડીને પૂછ્યું, આપ કયાંથી પધારો છો? આપનું નામાભિધાન શું છે?

યુવક—ઇન્દ્રસમાન પ્રતાપી નરેન્દ્ર! મ્હારો વૃતાન્ત વિસ્તાર થી વિદિત કરવાનો હવે વખત નથી. કારણ કે, યુદ્ધનો પ્રારંભ થવામાં હવે થોડોજ વિલંબ છે એટલે સર્વ પ્રકારની વેળાસર તૈયારી કરવીજ જોઇએ. તેથી હું હાલ તો ટુંકામાં એટલુંજ જણાવીશ કે—મારૂં નામ પુષ્પસેન છે. અને હું કનકપુરથી આવું છું.

કનકપુર શબ્દ શ્રવણેન્દ્રિય પર પડતાંજ સર્વ સામંતો વિચારમાં પડી ગયા કેટલાક તો પોતાનાં અસ્ત્રશસ્ત્ર સંભાળવા લાગ્યા. આવો દેખાવ જોઇ યુવક બોલ્યો, વીર ક્ષત્રિયો! હું સમજી શકું છું કે—કનકપુર શબ્દ સાંભળી તમારાં હૃદય શંકાશીલ બન્યાં છે. પરંતુ આપે ખાત્રી રાખવી જોઇએ કે ક્ષત્રિયવંશની ચળકતી કીર્તિને કાળો ડાઘ લગાડનાર તમારા રાજયના ઉમરાવ કનકસિં-હના જેવી દુષ્ટ વાંછના ધારણ કરીને હું આવ્યો નથી. જેમ તમારા રાજયનો ઉમરાવ કનકસિંહ શત્રુ પક્ષમાં મળી જઇ કુસુમપુરને છિન્ન ભિન્ન કરવા ઉદ્યક્ત થયો છે. તે પ્રમાણે નીચ કર્મ કરવા આ રંક કિંકર કદાપિ પગલું ભરશે નહિ. મ્હારા હૃદયમાં શુદ્ધ ક્ષત્રિય રક્ત વહે છે. હું સમજી શકું છું કે—કાપટયનું અવલંબન કરવાથી ક્ષાત્રય તરીકેનું નૈસાગક ગૌરવ નષ્ટ થાય છે, પ્રાણાન્તે પણ હું નીચ માર્ગમાં પ્રવૃત્ત થઇશ નહિ. કુસુમ-પુરના વિશ્વવિખ્યાત પરાક્રમી નરેન્દ્ર એક સાચા ક્ષત્રિયનું હૃદય ઓળખી શકવા અશક્ત છે?

દિલીપસિંહ—મિત્ર ! તમારી વાણીમાં સત્યનો પ્રભાવશાળી પ્રકાશ સ્પષ્ટ જણાય છે તેમ છતાં પણ ધારો કે કદાચ કોઇ છળકપટ કરી અમને ફસાવવાની જાળ પાથરે તો પણ અમારી બહાદુર સમશેર કપટનું પ્રાણહારક પરિણામ દેખાડવા સર્વથા તૈયાર છે. એટલે અમને ભયનું પ્રયોજન છેજ નહિ. પરન્તુ આપ દેશપ્રેમી, શુધ્ધ ક્ષત્રિય હોવાનો દાવો કરો છો તેથી અમારા અંતરમાં સ્વાભાવિક રીતેજ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે-તમે તમારા રાજાના પક્ષનો પરિત્યાગ શા માટે કર્યો ?

યુવક—રાજન ! સત્યનો પક્ષ કરવો એ પ્રત્યેક વ્યકિતનો ધર્મ છે. એમ પ્રાચીન શાસ્ત્રો સાક્ષી પુરે છે. જુઓ ! સત્ય ધર્મની ખાતર વિભીષણે બંધુનો પક્ષ તજી રામચંદ્રની સેવા સ્વીકારી હતી વિશ્વવંદ્ય શ્રીકૃષ્ણચન્દ્રે પાંડવોનો પક્ષ કરી કૌરવોનો પરાજય કર્યો હતો. ન્યાયબુદ્ધિથી વિચાર કરતાં મ્હને એમજ જણાય છે કે સામંતસિંહે માત્ર મિથ્યાભિમાનથી આ યુદ્ધ ઉપસ્થિત કર્યું છે તેમ છતાં હું સત્યની ખાતર જણાવુંછું કે કનકપુર નરેશના શત્રુ તરીકે હું અહીં ઉપસ્થિત થયો નથી. પણ તમારા રાજ્યમાંથી રાજછત્રનો લોભ ધારણ કરીને આવેલા કનકસિંહનાં વર્તન મને તદ્દન નીચતાથી ભરેલાં ભાસે છે. ધર્મયુદ્ધ કરી વિજય મેળવવાને તે અશકત હોવાથી દગાથી કુસુમપુર પર જય મેળવવાની તેની આકાંક્ષા છે એમ મને અનેક ગુપ્ત ખાતમીઓ મળી છે. એટલે તેના વર્તન પ્રત્યે સાવધાનતા રાખવાના હેતુથી મ્હારૂં આગમન થયું છે. જો મ્હારા શબ્દો આપને સાચાલાગે તો સેવકને આપની સેવામાં સ્વીકારો, નહિ તો જેમ ઘટે તેમ આજ્ઞા કરો.

યુવકનું ઉચ્ચ આશય ભરેલું અન્તઃકરણ જોઇ દિલીપસિંહે ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું—મિત્ર ! હું અત્યંત હર્ષપૂર્વક તમારો સ્વીકાર કરૂં છું. તમારે જે શસ્ત્ર જોઇએ તે અંગપર ધારણ કરી તૈયાર થઇ જાઓ અને અમારી સાથે અમર કીર્તિ પ્રાપ્ત કરવામાં સહભાગીદાર થાઓ.

યુવક—આ કૃપા માટે હું આપનો અત્યંત આભાર માનું છું. એમ કહી યુવક અંગપર અનેક પ્રકારનાં શસ્ત્ર સજી તૈયાર થયો અને કુસુમપુરપતિના અંગરક્ષકનું કાર્ય બજાવવા લાગ્યો.

વાંચક બંધુઓ ! તમને સમરક્ષેત્ર જોવાનો ઉમંગ છે? જુઓ અસંખ્યાત સૈનિકો હાથમાં વિદ્યુત્‌ સમાન ચળકાટ કરતી તરવારો લઇ સમરભૂમિમાં પ્રાણની પરવા મૂકીને ઘૂમે છે. અનેક અશ્વારોહી સૈનીકો કરમાં તીક્ષ્ણ ભાલા લઇ શત્રુ પક્ષના સૈનિકોના પ્રાણ હરે છે. શસ્ત્ર ઘાથી ઘાયલ થએલા સંખ્યાબંધ સૈનિકો વેદનાને લીધે પાષાણ હૃદયને પણ પીગળાવી નાખે એવા ચિત્કાર ધ્વનિ કરે છે. કોઇ ઠેકાણે ધડ તો કોઇ ઠેકાણે હાથ, પગ, માથું. એમ ઠેક ઠેકાણે અંગના કપાએલા અવયવો દ્રષ્ટિગોચર થાય છે. યુદ્ધભૂમિ જાણે માનવ રૂધિર વડે સ્નાન કરી રહી હોય એમ જણાય છે. સર્વત્ર "મારો, કાપો" એવા ઉત્સાહપ્રેરક અવાજ સંભળાય છે. કોઇના હૃદયમાં કરૂણાનું એક ઝીણું ટીપું પણ જણાતું નથી. જાણે ક્રુરતાએ જ પોતાનું આધિપત્ય જમાવી દીધું હોય એમ પ્રતીત થાય છે.

અનેક વીર નરનારીઓને જન્મ આપનારી ભારત વર્ષની પવિત્ર ભૂમિની પાયમાલીનાં જે જે કારણો કલ્પવામાં આવે છે

તેમાં પરસ્પર વૈરને લીધે, રાજ્યલોભ માટે કે લાવણ્યમય લલના માટે ઉપસ્થિત થએલાં ભયંકર યુદ્ધ,-એ પણ સબળ કારણ છે. મહાભારતના જગત પ્રસિદ્ધ યુદ્ધમાં આર્યાવર્ત્તના કર્ણ, દ્રોણ, ભીષ્મપિતામહ, ઇત્યાદિ અનેક યુદ્ધકળા કુશળ મહાન્ યોદ્ધાઓ અકાળે વીરગતિને પામ્યા ! દેશની આબાદીને ભારે ધક્કો પહોંચ્યો. ત્યારથીજ ગૌરવ મંડિત હિન્દનો પ્રકાશ ધીમે ધીમે ઓછો થવા લાગ્યો. અને પછી દુર્ભાગ્યવશાત્ એવાં સેંકડો યુદ્ધ ઉપસ્થિત થયાં. દેશી રાજાઓ માંહે માંહે લઢીને નબળા પડવા લાગ્યા. કનકસિંહ જેવા કેટલાક નીચ, નાર્કી પિશાચોએ હૃદયમાં રાજ્ય-લોભની આશા ધારણ કરી, મુસલમાનોને મળી જઇ પોતાના સ્વતંત્ર દેશને પરતંત્રાની દુઃખદાયક શૃંખલામાં નાંખવાના દેશદ્રોહી માર્ગનો સ્વીકાર કર્યો.

આટલેથી જ હિન્દના દુર્ભાગ્યનો અંત ન આવ્યો, સમય જ્યારે પલટાય છે. ત્યારે સર્વત્ર દુઃખદ દશ્યોજ દેખાય છે એ સિદ્ધાંત પ્રમાણે પ્રજાજન પણ પોતપોતાનાં કર્તવ્ય કર્મનો પરિત્યાગ કરી સ્વેચ્છા પ્રમાણે વર્તવા લાગ્યા. બ્રાહ્મણો ધર્મ-કર્મ-વેદાધ્યયન ઇત્યાદિને ટોલ્લે મૂકી લોભી બન્યા, ભિક્ષુકની પેઠે ભટકીને માત્ર ઉદરનિર્વાહ કરવામાંજ જીવનનું સાર્થક માનવા લાગ્યા. વણિકો સત્યવ્યાપારને વિસરી જઇ સદાના કીર્તિનાશક ધંધામાં પ્રવૃત્ત થવા લાગ્યા. કોઇપણ પ્રકારે પોતાના દેશબંધુઓનાં ગળાં કાપીને પણ પોતાનીજ તિજોરી તર કરવા લાગ્યા. સમય અને પરિસ્થિતિનો લેશ પણ ખ્યાલ કર્યા વિના વિદેશી મોહકતામાં મગ્ન બની, તેમાં લાખો રૂપીઆની હોળી કરવા લાગ્યા. જે ભારત-

વર્ષની પવિત્ર ભોળી અને ધર્મપ્રિય પ્રજાને દગો, કપટ અને છળ ઇત્યાદિ શબ્દોની કલ્પના પણ નહોતી–જ્યાં લાખ્ખો રૂપીઆની લેવડદેવડ વિશ્વાસ ઉપર કરી શકાતી. ત્યાં હાલ પાંચ રૂપીઆની આપલે કરવી હોય તોપણ કાગળપર લખાવી લેવાની જરૂર પડે છે. પાંચ વર્ષનું બાળક પણ કપટ શબ્દનો અર્થ સહેલાઇથી સમજી શકે છે કારણ કે, ધીમે ધીમે પવિત્ર સંસ્કાર નષ્ટ થતા ગયા. સટ્ટાના ઝેરી પવનની હિન્દ દેશપર કેવી વિઘાતક અસર થઇ છે !

અહા ! જે દેશમાં રંકમાં રંક સ્થિતિનાં માણસો પણ આનંદપૂર્વક ઘી અને દૂધપર નિર્વાહ કરી શકતાં ત્યાં હાલ સાધારણ વર્ગ પણ ચોખ્ખું ઘી, દૂધ ભાગ્યેજ પ્રાપ્ત કરી શકે છે. પરિણામ એ આવ્યું કે, આપણી શારીરિક સંપત્તિ અત્યંત ક્ષીણ બનતી ગઇ અને વિશ્વની અન્ય પ્રજાઓમાં આપણું ઉચ્ચ સ્થાન જાળવી રાખવા આપણે અશક્ત બન્યા વળી શારીરિક સંપત્તિને છિન્નભિન્ન કરનાર બાળલગ્નરૂપી મહાન્ શત્રુને ગૃહમાં આનંદપૂર્વક સ્થાન આપ્યું. કન્યાવિક્રય જેવી નર્કગામી–પ્રણાલિકાઓનો પણ સ્વીકાર કર્યો. પછી ઉત્કર્ષની આશા કઇ રીતે રાખવી ? ક્ષત્રિયોની અધમાધમ હાલતનું વર્ણન કરતાં કલમ પણ કંપાયમાન થાય છે. હાલના રણભીરૂ, બાયલા, અફીણીઆ ક્ષત્રિયોને જોઇ સ્વર્ગમાં વીરાજેલા પૃથ્વીરાજ, પ્રતાપ ઇત્યાદિ શૂરવીર વીરોને લજ્જા પ્રાપ્ત થાય છે. પોતાના વંશજોની આવી અશ્રુજનક અવદશા અવલોકી તેમનાં નેત્રમાંથી લોહી વરસે છે સ્વર્ગ જેવું શાન્તિ દાયક સ્થાન પણ તેમને દુઃખકારક

ભાસે છે. હાય ! ક્ષત્રિયો ! ક્યાં ગઇ તમારી સ્વદેશદાઝ ? ક્યા છે તમારી પ્રાચીન શૂરવીરતા ? ક્યાં છે વિદ્યુત સમાન ચળકતી તમારી તલવારો ! ઓ ભારતના વીરશ્રેષ્ઠ ક્ષત્રિયો ! જરાક ચક્ષુઓ ઉઘાડો ! અને તમારા પૂજય વડિલોની વીરતાનું સ્મર્ણ કરો ! હથિયારનો ભાર ઉપાડવાને નાલાયક હોવાનું સાબિત કરી દાસત્વમાં જોડાએલા ક્ષત્રિયો ! ઊઠો ! હવે કુંભકર્ણની નિદ્રાનો ત્યાગ કરો ! તમારી હાલની દુર્દશાપર અશ્રુ વરસાવો ! અને પ્રાચીન પરિસ્થિતિ પુનઃ પ્રાપ્ત કરવા દ્દઢ નિશ્ચયથી કટીબદ્ધ થાઓ ! તમે તેજ પરાક્રમી ક્ષત્રિયોના વંશજો છો કે જેમના ધનુષ્યટંકાર વડે પૃથ્વી ડોલાયમાન થતી ! મહાસાગરનું પાણી ઉછળવા માંડતું ! માટે આર્યવીરો ! જાગ્રત થાઓ ! અફીણ–મદિરા આદિ વ્યસનોનો હાલ જ ત્યાગ કરો ! નાયકાઓના અભિનયયુક્ત આલાપમાં એકતાર થવાનો આ સમય નથી ! આખા દેશની રૈયત નેત્રમાંથી ઉષ્ણ નીર વર્ષાવી રહી છે ! માટે મોહનો ત્યાગ કરો અને અસ્ત્ર શસ્ત્ર સંભાળી, શૌર્ય દાખવી વિશ્વમાં અમર યશ કરવાના તમારા પ્રાચીન કર્તવ્યનો પ્રેમપૂર્વક અંગીકાર કરો !

પ્રકરણ ૧૦ મું.

નીચ કર્મનો બદલો.

છળકપટથી શયતાન મન દિગ્વિજય કરવા ચ્હાય છે,
લોભાંધ થઈ અવિનાશીનું, અસ્તિત્વ વિસરી જાય છે;
પણ સત્યનો જય થાય એ, આદિઅનાદિ ન્યાય છે,
છળ-કપટ કરનારા કપાળે, હાથ દઈ પસ્તાય છે.

કુસુમપુરના રણક્ષેત્રમાં બરાબર અગીયાર દિવસ મહાભયંકર યુદ્ધ ચાલ્યું. ઉભય પક્ષના અસંખ્યાત સૈનિકોએ શૌર્ય દાખવી પરલોકમાં પ્રયાણ કર્યું. સહેલાઇથી વિજય પ્રાપ્ત કરવાની આશાએ આવેલા સામંતસિંહને હવે સમજાય છે, કે કુસુમપુરના કેસરી સાથે હરિફાઇ કરવી એ અત્યંત વિકટ કાર્ય છે.

યુદ્ધના આરંભ વખતે સામંતસિંહના સૈન્યની સંખ્યા દિલીપસિંહ કરતાં લગભગ ત્રણ ગણી હતી, પરંતુ અગીયાર દિવસના યુદ્ધમાં દિલિપસિંહના પ્રાણાર્પણ કરવા તત્પર થએલા શૂરવીર સૈનિકોએ એટલું; બધું શૌર્ય દાખવ્યું કે, શત્રુપક્ષમાં હાહાકાર વર્તાઇ ગયો! સામંતસિંહને પોતાના સૈન્યની ગણત્રી કરતાં જણાયું કે રણભૂમિમાં સૈન્યના લગભગ પોણાભાગનું બળિદાન અપાઇ ગયું છે. હવે માત્ર ચોથો ભાગ અવશિષ્ટ રહ્યો છે. એટલે હવે જો માત્ર બે જ દિવસ આવો પ્રકાર ચાલુ રહેતો સામંતસિંહ

જેવા ચક્રવર્તી ભૂપાળનો પરાજય થાય એ વાતમાં જરા પણ શંકા જેવું નહોતું.

લગભગ મધ્યનિશાનો સમય થયો છે. ઉભય પક્ષના સૈનિકોએ આખો દિવસ અવિશ્રાંત યુદ્ધ કરેલું હોવાથી અત્યારે ગાઢ નિદ્રાને આધીન થએલા છે. માત્ર સામંતસિંહ અને દેશદ્રોહી કનકસિંહ વિજયની એકે આશા ન હોવાથી ચિંતાને લીધે જાગ્રત સ્થિતિમાં પલંગ પર આળોટે છે. ઘણીવાર વિચાર કર્યા પછી સામંતસિંહે કનકસિંહને પોતાના પલંગ પાસે બોલાવીને કહ્યું-જુઓ ! કનકસિંહજી ! અત્યાર સુધીમાં આપણું પોણા ભાગનું લશ્કર શત્રુપક્ષનાં શસ્ત્ર વડે કપાઇ ગયું છે એટલે હવે કુસુમપુરના કિલ્લા પર વિજયપતાકા ફરકાવવાની આશા રાખી શકાય એમ નથી. તેમજ હવે અકારણ સૈન્યની વધારે ખુવારી કરવાની પણ મ્હારી ઇચ્છા નથી. જયાં સુધી જય મળવાની ઝાંખી ઝાંખી પણ આશા હતી ત્યાં સુધી મેં સૈન્યનો ભોગ આપ્યાં કર્યો. પણ હવે તો મને એમજ જણાય છે કે જો યુદ્ધને લંબાવીશું તો એકપણ સૈનિકવિના આપણે કનકપુર તરફ પ્રયાણ કરવું પડશે. અથવા આપણા જીવનનો સંહાર થશે બોલો ! એ બાબતમાં તમને શું લાગે છે ?

કનકસિંહ—નામદાર ! સીધી રીતે યુદ્ધ કરીને જય મેળવી શકીએ એમ તો હવે મને પણ લાગતું નથી. કુસુમપુરનુ લશ્કર આટલું પરાક્રમી હશે એવી મને સ્વપ્ને પણ આશા નહોતી.

પરંતુ નામદાર ! કનપુરના મહાન્ ચક્રવર્તી રાજયની પ્રતિષ્ઠાનો વિચાર કરતાં શત્રુને નમી જઇ પાછા પલાયન કરવું એ ઘણું નામોશી ભરેલું લાગે છે. તેમજ જો સલાહ કરવાનું કહેણ

મોકલીશું તો પણ દિલીપસિંહ પોતાને થએલું તમામ ખર્ચ અને દંડ બદલ એક મોટી રકમ આપણી પાસેથી લીધા વિના કદાપિ સલાહ કબુલ રાખશે નહિ.

સામંતસિંહ—તમારૂં કહેવું સત્ય છે. પરંતુ વિજય મેળવવાનું એક પણ ચિહ્ન ન જણાય, અને આપણું પ્રારબ્ધ પ્રતિકૂળ દિશામાં ગમન કરતું દશ્યમાન થાય ત્યારે શું કરવું? દ્રવ્ય લોભમાં તણાઇને આપણી અમૂલ્ય જીંદગીઓને જતી કરવી એ મને ઠીક લાગતું નથી.

કનકસિંહ—પણ નામદાર! હજુ આપણા હાથમાં એક પ્રબળ યુક્તિ છે. જો એ યુક્તિનો ઉપયોગ કરવામાં આવે તો આવતી કાલના પ્રભાતમાં જ વિજયમાળ આપના કંઠમાં દેખાય. અને અભિમાનમાં અંધ બનેલા સર્વ શત્રુઓના શીશ ધૂળ ચાટતાં થઇ જાય.

સામંતસિંહે આશ્ચર્ય પામી પૂછયું કે–એવી શુ ઉત્તમ યુક્તિ છે! કનકસિંહજી! જલદી કહો! કનકસિંહ મુખમુદ્રાને અત્યંત ગંભીર બનાવીને બોલ્યો! જુઓ મહારાજ! સીધી આંગળી વડે વાસણમાંથી ઘી નીકળી શકતું નથી. એ તો વાંકી વાળીએ તો જ અર્થ સરે છે. દુનિયામાં સત્ય અને સદાચારથી ચાલનાર અનેક માણસોને "વેદીયા ઢોરની" ઉપમા અપાય છે. અને તેઓ સર્વત્ર હડધૂત થાય છે. જયારે છળ–બળથી કામ કરનાર મહા બુદ્ધિમાન મનાય છે. જનસમાજમાં તેમનું સન્માન થાય છે જમાનો જ એવો આવ્યો છે કે કપટ કર્યા વિના કામ બને નહિ. સેંકડો નિર્બળ પક્ષનો છળ–કપટ વડે પ્રબળ પક્ષપર વિજય થયાનું મારા

અનુભવમાં છે. માણસ જે કામ સહસ્ર હાથી જેટલું બળ હોવા છતાં નથી કરી શકતો તે કામ છળ-બળ વડે એક હાડપિંજર જેવો સાધારણ માણસ કરી શકે છે. શું આ વાત અનુભવ સિદ્ધ નથી? પરાજયને લીધે પ્રતિષ્ઠા હીન થવાની ભીતિથી સામંતસિંહ અત્યારે હૃદયચક્ષુ વિનાનો બન્યો હતો તેથી તેને કુકર્મ-વિશ્વાસ-ઘાતના ભયંકર દુઃખદાયક પરિણામની લેશમાત્ર પણ કલ્પના ન થઇ શકી. તેણે કનકસિંહને ધન્યવાદ આપતાં કહ્યું-કનકસિંહ! તમારી વિચારશક્તિ અમૂલ્ય અનુભવથી ભરેલી છે. તમે કહો છો તે વાત અક્ષરે અક્ષર સત્ય છે.

યુદ્ધના પરિણામ માટે સામંતસિંહ કરતાં કનકસિંહ વધારે ચિંતાતુર હતો. કારણ કે તેના હૃદયમાં રાજ્યલોભની પ્રબળ વાંછના જન્મ પામી હતી. તેણે ધાર્યું કે જો કુસુમપુર પતિની જીત થશે તો મારી સર્વ આશાઓ અને કરેલો પરિશ્રમ વ્યર્થ જશે. અને યમપુરીમાં પ્રયાણ કરવું પડશે. કન્યા મેળવવા જતાં વર ગુમાવવાનો અશ્રુજનક પ્રસંગ ઉપસ્થિત થશે. આવી ચિંતાથી રાત દહાડો તેને ચેન પડતું નહિ. તેથી છેવટે કામ પાર ઉતારવા માટે તેણે વિશ્વાસઘાતનું શસ્ત્ર યોજ્યું છે. સામંતસિંહને પોતાના મતમાં મળતો જોઇ પાપી પ્રફુલ્લ મુદ્રા વડે કહેવા લાગ્યો-નામદાર! ત્યારે આપણે પણ હારેલી બાજીને જીતવા માટે ભૂલથાપના દાવ ખેલવા જોઇએ આપણને થએલ નુકશાનનો પૂર્ણ બદલો વાળવા માટે કાપટ્યનું અવલંબન કરવું જોઇએ. કુસુમપુરનો કિલ્લો સર કરવા માટે હૃદય દૃઢ બનાવી કંઇક વધારે ક્રૂર બનવું જોઇએ. અને તે એવી રીતે કે-અત્યારે જ આપણા સર્વ સૈનિકોને નિદ્રા-

માંથી જગાડી શસ્ત્ર સજવાની આજ્ઞા કરી દેવી અને પ્રથમજ મદાંધ દિલીપસિંહના તંબુમાં પ્રવેશ કરી તેના જીવન દીપકને બુઝાવી નાખવો. અને પછી આનંદથી નિદ્રાનો ઉપભોગ કરનાર કુસુમપુરના લશ્કરને ઘાસની પેઠે કાપી નાંખવું. બસ ! માત્ર આ યુક્તિ અવશિષ્ટ છે. મારી ખાત્રી છે કે-આમ કરવાથી કાલના પ્રભાતમાં ઉદય પામતા સૂર્યના પ્રકાશમાં જ આખું વિશ્વ સામંતસિંહ મહારાજના કંઠમાં વિજયમાળ આરોપાએલી અવલોકશે.

સામંતસિંહે હર્ષપૂર્વક આ યુક્તિનો સ્વીકાર કર્યો અને તૂર્તજ તેણે સૈન્યને ગુપ્ત રીતે સજ્જ કરી દીધું.

કુસુમપુરની છાવણી કનકપુર પતિની છાવણીથી ઘણે દૂર નહોતી, પરંતુ કુસુમપુરનું સૈન્ય ભર નિદ્રામાં હોવાથી શત્રુઓની હીલચાલ જાણી શક્યું નહિ. તેમજ ધર્મ યુદ્ધ કરનાર કુસુમપુર પતિને તો આવી નીચતાની સ્વપ્ને પણ કલ્પના નહોતી.

પરંતુ " રામ રાખે તેને કોણ ચાખે " ? એ વેદવાક્ય પ્રમાણે શત્રુઓ પોતાની નીચ યુક્તિમાં ફાવી શક્યા નહિ. યુદ્ધની શરૂઆત પહેલાં પુષ્પસેન નામનો એક સુંદર આકૃતિવાળો સૈનિક કનકપુરના સૈન્યમાં દાખલ થઇ રાજાના અંગરક્ષકનું કાર્ય બજાવતો હતો. એ વાચક-બંધુઓના સ્મરણમાં હશે જ. પુષ્પસેને પોતાના બુદ્ધિબળ વડે પ્રથમથીજ એવી કલ્પના કરી હતી કે પરમ પરાક્રમી દિલીપસિંહ આગળ સત્રુપક્ષ ટકી શકશે જ નહિ, અને પ્રતિસ્પર્ધીઓ અવશ્ય કંઇ દગો કરી વિજય મેળવવાની તદબીર રચશે પુષ્પસેન યુદ્ધમાં કોઇ પણ સૈનિક પર શસ્ત્ર ઘા કરતો નહિ. તે ફક્ત લોહકવચ ધારણ કરી રાજાના અંગરક્ષક તરીકે પાછળ રહેતો હતો. અને સામા પક્ષના શસ્ત્ર ઘા ચાતુર્યપૂર્વક ચુકાવતો હતો.

દરરોજના નિયમ પ્રમાણે આજે પણ રાત્રે સકળ સૈન્ય નિદ્રાધીન થયું ત્યારે પુષ્પસેન અર્ધ વિકસિત નયને મહારાજાના તંબુની અંદર પલંગમાં પડયાં પડયાં સર્વ હીલચાલનું બારીકીથી નિરીક્ષણ કરતો હતો. સહજ અવાજ થતાં તેની તપાસ કરતો હતો. અહા! આજે તેની શંકા ખરી પડી! પુષ્પસેનને નજીકમાંજ કોઇ માણુસોનાં પગલાંનો અવાજ સંભળાયો. તૂર્તજ તેણે દીપકના મંદ પ્રકાશને સતેજ કર્યો. અને દિલીપસિંહને જગાડી અસ્ત્રશસ્ત્રથી ઉભય સજ્જ બની ગયા. તેમને તૈયાર થયે એક ક્ષણ પણ ભાગ્યેજ વ્યતીત થઈ હશે એટલામાં બે કૃષ્ણ વસ્ત્રધારી વ્યક્તિઓ કરમાં નગ્ન તરવારો લઈ તંબુના સિંહદ્વાર આગળ આવી પહોંચી. અને અર્ધ નિદ્રામાં ઝોકાં ખાતા બે પહેરેગીરને કાપી નાખ્યા. આ કામ પૂર્ણ કરીને એ ઉભય વ્યક્તિઓએ તંબુનું દ્વાર ઉઘાડવાનો પ્રયત્ન કર્યો; એટલામાં તો પુષ્પસેનની રિવોલ્વરમાંથી સનન કરતી ગોળી છૂટી. અને રાજ્યલોભી કનકસિંહના લલાટને વિંધી આરપાર નીકળી ગઇ. કનકસિંહ એક ભયંકર ચિત્કાર કરી પૃથ્વી પર પડયો, તેનો સ્વામિ–દ્રોહી, રાજ્યદ્રોહી આત્મા કુકર્મનું ફળ ભોગવવા વિશ્વપતિના ન્યાયાસન સમક્ષ હાજર થયો. સામંતસિંહ જીવન બચાવવાની આશાથી ગભરાએલા હરણની પેઠે આમતેમ નાસવાનાં ફાંફાં મારતો હતો. એટલામા દિલીપસિંહે વ્યાઘ્ર સમાન ગર્જના કરી કહ્યું–ખબરદાર! શયતાન! નાસવાનો વ્યર્થ યત્ન કર્યા વિના ત્યાંજ ઉભો રહે! જો એક ડગલું આગળ વધીશ તો તારા સાથીની ખબર લેવા તને પણ તૂર્તજ નર્કમાં મોકલી દઇશ.

સામંતસિંહ એક અક્ષરનો પણ ઉચ્ચાર કર્યો વિના પત્થરના પુતળાની પેઠે સ્થિર થઇ ગયો. એટલામાં બીજા બે સૈનિકોએ આવી તેના હાથમાં લોહ શૃંખલા પહેરાવી દીધી. વિશ્વાસઘાતના માર્ગપર પ્રયાણ કરવા માટે સજ્જ કરેલા લશ્કરને સામંતસિંહે એવી સૂચના કરી હતી કે–એક અતિ અગત્યનું કામ ગુપ્ત રીતે પાર પાડયા પછી કનકસિંહ તમને આવી મળશે. ત્યાર પછી તમે કુસુમપુરના સૈન્યને કાપવાની શરૂઆત કરજો.

આ સૂચના પ્રમાણે સૈન્યના ઉપરીએ કનકસિંહની માગ પ્રતીક્ષા કરી, પણ નર્કાલયમાં પહોંચી ગએલો કનકસિંહ હવે કયાંથી દેખાય! છેવટે કંટાળીને સેનાપતિ જાતે ગુપ્ત રીતે કુસુમપુરની છાવણીમાં તપાસ કરવા માટે નીકળ્યો. પરંતુ ત્યાં તો વિચિત્ર પ્રકારનુજ વિલોકન થયું!

"દગો" 'ફટકો' 'મારો' 'કાપો' શયતાનોને એકદમ યમપુરીમાં મોકલી દો" એવા ગગનભેદક શબ્દ થવા લાગ્યા. કુસુમપુરનું તમામ સૈન્ય નિદ્રાનો ત્યાગ કરી શસ્ત્ર ધારણ કરી તૈયાર થએલુ જોવામાં આવ્યું. સેનાપતિ જેવો આવ્યો હતો તેવો પાછા પગલે પલાયન કરી ગયો. અને તંબુમાં જઇ તૂર્તજ તેણે સુલેહનો વાવટો ચઢાવી દીધો.

આ વખતે અરૂણોદય લગભગ થઇ ચૂકયો હતો. શત્રુસૈન્ય હથિયાર નીચે મૂકી દઇ સ્પષ્ટ રીતે પરાજય સ્વીકારી જીવનદાનની ભિક્ષા માગે છે. એવું કુસુમપુરના સૈન્યે પ્રાતઃકાળના બાળ સૂર્યના સોનેરી પ્રકાશમાં જોયુ. તેથી યુદ્ધની સમાપ્તિ કરી દીધી.

પ્રકરણ ૧૧ મું.

યોગ્ય પારિતોષક.

આશાલતા વિકસાવવા, અમૃતના સિંચનવડે,
જગપાળની કરૂણા વડે, જીવન સુકાની સાંપડે;
નાચે હૃદય ઉલ્લાસપૂર્વક, સ્નેહની સરિતા વિષે,
જયમ ઇન્દુના અવલોકને, આનંદમય રજની દીસે;

વિજય દેવીએ દિલીપસિંહના કંઠમાં વિજયમાળ આરોપી. કુસુમપુરના સૈનિકોનાં અંતર આનંદના આકાશમાં ઉડવા લાગ્યાં નાગરિકોએ પોતાના યુવાન નૃપને વિજય પ્રાપ્ત થયાનો હર્ષ પ્રદર્શિત કરવા માટે આખા શહેરને ધ્વજા પતાકાથી શણગારી દીધું. ઉત્તમ કુળવાન, વનિતાઓએ મૂલ્યવાન વસ્ત્રાલંકાર સજી મંગળગીતના મંજુલ ધ્વનિ સાથે નૃપતિના શિરપર પુષ્પની વૃષ્ટિ કરી. જાણે કુસુમપુરમાં સાક્ષાત સ્વર્ગ ઉતર્યું હોય એવોજ આભાસ થતો હતો.

સાંજે ચાર વાગે રાજાએ પોતાના શૂરવીર સામંતોને આમંત્રણ કરી એક ખાસ દરબાર ભર્યો. અને પોતાના વિજય માટે અમૂલ્ય જીવનની દરકાર કર્યા વિના શૌર્યપૂર્વક લઢનારા રણવીરોને પ્રશંસનીય શબ્દોથી વધાવી અમૂલ્ય અલંકારોથી અલંકૃત કર્યા. અનાથ સ્ત્રી પુરૂષોને યોગ્ય પ્રમાણમાં દ્રવ્ય આપી

સંતુષ્ટ કર્યાં. મોટી રકમો ભરીને સાર્વજનિક હિતનાં ફંડોને પોષણ આપ્યું. કુસુમપુર પતિની ઉદારતાનો મધુર પરિમળ દશે દિશામાં પ્રસર્યો.

દરબાર બરખાસ્ત કર્યો પછી રાજા એક ગંભીર વિષય સંબંધી વિચાર કરવા લાગ્યો. હજુ એક વ્યક્તિ પારિતોષક પામ્યા વિનાની રહી જાય છે. શું એ બાબત નૃપેન્દ્રની સ્મૃતિ બહાર હતી? નહિ. પરંતુ એ વ્યક્તિને શું પુરસ્કાર આપવો એ પ્રશ્નેજ કુસુમપુરપતિને વિચાર સાગરમાં ડૂબાવી દીધો છે. એ વ્યક્તિની વફાદારીના યોગ્ય બદલા તરીકે ગણી શકાય એવી એક પણ મૂલ્યવાન ચીજ તેની પાસે નથી. રાજ્યની સર્વ સંપત્તિ એકત્ર કરવામાં આવે તોપણ તેના મહદ્ ઉપકાર આગળ તુચ્છ ગણાય!

વાંચક બંધુઓ સમજી ગયા હશે કે તે વ્યક્તિ અન્ય કોઇ નહિ પણ સૌંદર્યમૂર્તિ પુષ્પસેન છે. ખચીત! પુષ્પસેનની નિમકહલાલી અને ચાતુર્યના યોગ્ય બદલા તરીકે ગણી શકાય એવી એકે વસ્તુ વિશ્વમાં અસ્તિત્વ ધરાવતી નથી. શત્રુઓથી નિરંતર સાવધાન રહી, કટોકટીના સમયે સહાયક થનાર એ બુદ્ધિશાળી યુવક ન હોત તો પાપીઓ પોતાના વિશ્વાસઘાતના શસ્ત્ર વડે નિદ્રાધીન થએલા રાજાનો અવશ્ય સંહાર કરી સર્વ સૈન્યને ઉંઘતુંજ કાપી નાખત.

દિલીપસિંહનું હૃદય અત્યંત ઉદાર હતું. તેની ભાવનાઓ ઘણી વિશાળ હતી. પોતાને તેમજ પોતાની પ્રજાને નવજીવન સમર્પનાર એ ઉપકારક દેવને પોતાની જોડેજ સિંહાસનના અર્ધ ભાગ પર બેસાડી દિલીપસિંહે નયનમાં આનંદનાં આંસુ લાવીને

કહ્યું ! કહે, કહે ! મારા અંતરના સાચા સ્નેહી ! ત્હારી દૈવી કર્તવ્યપરાયણતાની કદર હું કયા પ્રકારે કરૂં ? હું એમ હૃદયપૂર્વક માનું છું કે–મારૂં આખું રાજ્ય તારા ચરણમાં સમર્પી જીંદગી પર્યંત સેવક તરીકે રહું છતાં ત્હારૂં ઋણ ચૂકવી શકાય તેમ નથી.

એના પ્રત્યુત્તરમાં પુષ્પસેને સિંહાસન પરથી ઉભા થઇ જઇને હાસ્યમયી મુદ્રા વડે કહ્યું ! પ્રતાપી નરેન્દ્ર ! આપ આમ સહજ બાબતમાં હર્ષોન્મત્ત કેમ થઇ જાઓ છો ? તરણાને મેરૂના સ્વરૂપમાં શા માટે કલ્પો છો ? ફિકરે એવું શું મહાન પરાક્રમ કર્યું છે કે અકારણ મોટાઈના મહાસાગરમાં ફેંકી દ્યો છો ? મેં આપનો ઔદાર્ય ભર્યો આશ્રય સ્વીકારતા પહેલાંજ કબુલ કર્યું હતું કે આપના અંગરક્ષકનું કામ હું બજાવીશ અને માત્ર એજ ફરજ મેં પ્રભુની કૃપાથી કંઇક અંશે બજાવી છે. શું આશ્રયદાતા પ્રત્યે વફાદાર રહેવું એ સેવક જનનું કર્તવ્ય નથી ?

દિલીપસિંહ—આત્મબંધુ ! ત્હારી વફાદારી સાધારણ નહિ પણ દૈવી પ્રકારની છે. છતાં ત્હારા ઉરમાં શુદ્ધ નિરાભિમાનત્વજ દર્શન દે છે. એ ત્હારા ઉત્તમ વિચારની વિશાળતાનુંજ પરિણામ છે. હું એટલો બધો નાદાન નથી કે ત્હારા કાર્યની મહત્તા ન પ્રમાણી શકું ! માટે કૃપા કરી તું મારી માગણીને માન આપી ઇચ્છિત વસ્તુ માગી મ્હારા હૃદયભારને કંઇક ઓછો કર. અને જીવનપર્યંત સાચા સ્નેહી તરીકેજ મ્હારી સાથે રહી આનંદપૂર્વક કુસુમપુરની પ્રજાનું પાલન કરવાના પુણ્યવંત કાર્યમાં સહભાગીદાર બન !

"અહા ! કેવો આનંદ ! કેવી મંગળપળો ! કેવો કર્ણપ્રિય ધ્વનિ ? કેટલા બધા મધુર શબ્દો !" આવા ઉદ્ગાર સ્વાભાવિક રીતેજ યુવકના મુખમાંથી નીકળી ગયા. વળી કંઇક શરમને આધીન થઇ પૃથ્વી ભણી મુખ કરી જોઇ રહ્યો.

દિલીપસિંહ—મિત્ર ! મનમાં જરી પણ ઓછું લાવીશ નહિ ! અંતરમાં દઢ ખાત્રી રાખજે કે આ દિલીપસિંહ પ્રણાન્તે પણ ઉપકાર કરનાર પ્રત્યે ભિન્નતા નહિ દાખવે ! માટે વિચારના વાયુમાં ડોલ્યા વિના મારી ઇચ્છાને માન્ય કર ! ત્હારી હાર્દિક ભાવનાઓ મારી આગળ પ્રદર્શિત કર !

પુષ્પસેન—શું ત્યારે ખરેખાત આપ બદલો વાળવાજ ઇચ્છો છો ? પણ જુઓ ! ઇચ્છિત વસ્તુની માગણી કરતા પહેલાં મારે તમને જણાવવું જોઇએ કે-કિંમતી વસ્ત્ર, સુવર્ણ, હીરા, મોતી ઇત્યાદિપર મારો અનુરાગ નથી. હું કંઇ એવીજ ચીજ માગીશ કે તેનું મૂલ્ય ત્રૈલોકયની સંપત્તિ કરતાં અધિક અંકાય ! એટલે આવી મોંઘા મૂલ્યની વસ્તુ આપતાં રાજવીનું દિલ તો નહિ દુઃખાય ને !

દિલીપસિંહ—એ શું બોલ્યો મિત્ર ! કહે તો આજપળે આખું રાજ્ય તને સોંપી માત્ર એક વસ્ત્ર પહેરી ભિક્ષુકની હાલતમાં ચાલ્યો જાઉં ! કહે તો જીવનપર્યંત ત્હારા મહાલયનો દ્વારપાળ બનું ! દિલીપસિંહ વચનથી કદિ ફરશે નહિ. માટે નિઃશંક થઇ ઇચ્છિત વસ્તુ માગી લે !

પુષ્પસેન—પણ એતો હું જાણું છું કે-એવી નિર્જીવ વસ્તુઓ અર્પતાં આપ લેશમાત્ર પણ કૃપણતા નહિ દર્શાવો ! પણ મારી

માગણી બહુ મૂલ્યવાન છે. નિર્જીવ વસ્તુઓ સાથે તેની સરખામણી કરી શકાય તેમ નથી.

દિલીપસિંહ—પણ કહ્યા સિવાય કેમ જાણી શકાય ? મિત્ર ! શું મારા વચનપર તને વિશ્વાસ નથી ?

પુષ્પસેન—વિશ્વાસ તો ઘણોય છે, પરંતુ મારી માગણી ઘણી મોંઘી હોવાથી આટલી પૂછપરછ કરવાની ફરજ પડે છે !

દિલીપસિંહ—પણ હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે-તું કહીશ તે હું અત્યંત ઉલ્લાસપૂર્વક આપીશ.

પુષ્પસેન—સાંભળો ત્યારે !

વૈકુંઠના આનંદ કરતાં, શ્રેષ્ઠ જે સ્હમજાય છે,
દેવેન્દ્ર ને ગાન્ધર્વ સૌ, ગુણગાન જેનાં ગાય છે;
જેના અભાવે જીવનવન, તરૂવર વિહીન જણાય છે,
હીરા, મણિ મુક્તા મનોહર, તુચ્છવત પેખાય છે.
રાત્રિ-દિવસ એનું રટણ કરતું હૃદય દેખાય છે,
પ્રિયજન તજી દે જીંદગી, જો વસ્તુ એ ખોવાય છે;
આધીન થઇ જેને પ્રભુ, વ્હારે ચડે ભજનારની,
માગું અમોલી ચીજ એ સૌ સારરૂપ સંસારની.

દિલીપસિંહ—એતો પ્રેમ ! કેમ એજ ને ?

પુષ્પસેન—હા, હા એજ !

દિલીપસિંહ—એતો હું આપી ચૂકયો છું. જેટલા પ્રેમથી હું પ્રભુનું પૂજન કરૂં છું તેટલાજ સ્નેહથી નિરંતર હું તને ચાહીશ.

પુષ્પસેન—પ્રભુપ્રત્યે તો વિશ્વમાં વસતી પ્રત્યેક વ્યક્તિ પ્રેમ રાખે છે! પ્રભુપ્રત્યે માણુસ પ્રેમ રાખે છે તે પ્રભુને કાજે નહિ પણુ પોતાના હિતને માટેજ રાખે છે. જો પ્રભુપૂજન પ્રત્યે બેદરકાર થઇએ તો જીવન, ભ્રષ્ટતાના માગપર ચઢી જાય! અને પરિણામે ભયંકર પાયમાલી થાય!

દિલીપસિંહ—ત્યારે મિત્ર! તું વળી કેવા પ્રકારનો પ્રેમ માગે છે?

પુષ્પસેન—

જે પ્રેમની અધિકારિણી રાજ્ઞીજ એક ગણાય છે,
જેના વિના આ મ્હેલ મનહર! તેજહીન દેખાય છે
જેના વિના તમથી ન કંઇ પણ, ધર્મ-કાર્ય કરાય છે
જે શાસ્ત્ર આધારે તમારૂં, અર્ધ અંગ મનાય છે.

દિલીપસિંહ—અરે! એતો પત્ની પ્રેમ!

પુષ્પસેન—

ઓ વિશ્વવિજયી રાજવી, બસ! એજ છે મુજ માગણી,
દેવાંશીનર! વર પાળવા, માનો મને પ્રિય તારણી;
અર્ધાગના માફક મનોહર, મિત્રને શોભાવજો,
જાદુ ભરેલી મોરલીના, નાદથી ડોલાવજો.
પી, પાઈ સ્નેહામૃત મધુર, લ્હાવા અનેરા અર્પજો,
અધરોષ્ઠનું મૃદુ હાસ્ય મુજને! હ્રદયરાજ સમર્પજો!
કેદી બનાવી પ્રેમ કેરો, રાખજો પાસે પતિ!
જાણી જીવનને ધન્ય નિશદિન, સ્મર્ણમાં રાખીશ રતિ!

દિલીપસિંહ—અરે મિત્ર! તું તે સૌંદર્યમંડિત તારુણી-ઓનાં હૃદયમાં પરવશતા પ્રસરાવનાર કોઇ વીર ક્ષત્રિય છે? કે ઇન્દ્રભુવનને શોભાવનાર રમણીય રમણી છે? પુરૂષને અબળાની પેઠે પ્રેમની પ્રાર્થના કરતાં હું મારી જીંદગીમાં પહેલીવારજ સાંભળું છું.

પુષ્પસેન—હું પુરૂષ હોઉં કે પ્રેમદા હોઉં, વૃક્ષ હોઉં કે સરિતા હોઉં એ પ્રશ્ન કદાચ બાજુએ રાખીએ તોપણ અત્યારે એટલું તો ચોક્કસ છે કે–હું કોઇપણ અવતારમાંથી અબળારૂપે તમારા હૃદયરાજ્યપર સત્તા ચલાવવાની વાંછના રાખું છું.

દિલીપસિંહ—મિત્ર! આમ મશ્કરી તે શું કરે છે? શુ અદ્યાપિ કોઇએ પુરૂષને નારી બનેલી, જોઇ કે સાંભળી છે?

પુષ્પસેન—જો અંતઃકરણમાં પ્રેમની પ્રબળતા પ્રકટે તો કંઇ પણ વાત અસંભવિત નથી. જુઓ! નરસિંહ મહેતાના પ્રેમને આધીન થઇ પ્રભુએ તેમની હુંડી સ્વીકારવા માટે વણિકનું રૂપ ધારણ કર્યું હતું. ભક્તરાજ દામાજીના સ્નેહને વશ થઇ વિશ્વપતિએ મહારનું રૂપ ધારણ કર્યું હતું. તો હું તમારા વ્હાલમાં વિહ્વળ બની વનિતા થઇ જાઉં તો તેમાં આશ્ચર્ય જેવું શું છે?

દિલીપસિંહ—પણ એ તો સાક્ષાત્ પ્રભુ હતા! પ્રભુની શક્તિ અગાધ છે. એટલે તેઓ ચ્હાય તે કરી શકે! પરંતુ મર્યાદિત શક્તિવાન મનુષ્ય કેવીરીતે અવતારનું પરિવર્તન કરી શકે?

પુષ્પસેન—રાજેન્દ્ર! શું આપ પ્રેમની સત્તા ઓછી સમજો છો? સત્ય પ્રેમના પ્રભાવ વડે તો પ્રભુ પણ વશ થઇ શકે છે માટે આ બાબતમાં શંકા કરવા જેવું છેજ નહિ.

દિલીપસિંહ—ત્યારે જો તું તારૂણીના રૂપમાં દર્શન આપે તો અત્યંત આનંદપૂર્વક તારો સ્વીકાર કરી કૃતાર્થ થઇશ !

" ત્યારે હૃદયરાજ ! જરા, મંત્ર પ્રયોગ કરૂં ત્યાંસુધી તમે નેત્રપર આ પાટો બાંધો " પુષ્પસેને દિલીપસિંહના કરમાં એક શ્વેત વસ્ત્રને ા કકડો આપતાં કહ્યું.

રાજાએ પ્રથમ તો પાટો બાંધ્યો. પરંતુ અંતઃકરણમાં કુતૂહલ ઉત્પન્ન થવાથી તુર્તજ પાછો છોડી નાખ્યો.

અરે ! પણ આ શું ? પુષ્પસેનને બદલે ઉર્વશી કે રંભાની સ્પર્ધા કરે એવી અપૂર્વ લાવણ્યમયી લલના ક્યાંથી ? દિલીપ-સિંહના આશ્ચર્યની સીમાનું ઉલ્લંઘન થયું. અહા ! યુવતિને ા વાસુકિ સમાન કૃષ્ણ કેશકલાપ, મૃગ જેવાં મનોહર નેત્ર, તમે કાંચન સમાન અંગની કાન્તિ ઇત્યાદિ દૈવી વસ્તુઓ આ આશ્ચર્યમાં મિશ્રિત થવાથી દિલીપસિંહનું હૃદય લોહચુંબકની માફક આકર્ષાવા લાગ્યું. તે કાષ્ટના પુતળાની માફક ઉભો રહી સ્થિર દૃષ્ટિથી આ સૌંદર્યની પ્રતિમૂર્તિનું વિલોકન કરવા લાગ્યો અને મનોગત ઉદ્ગાર કાઢવા લાગ્યો-અરે ! આ તે સ્વપ્ન છે કે સત્ય ?

યુવતિ—કાન્ત ! તમે જુઓ છો તે સત્યજ છે. સાંભળો !

અનુરાગ લાગ્યો અંતરે પ્રિય ! શૌર્ય કીર્તિ સાંભળી,
મુગ્ધા તણા કરમાં જડાણી, પ્રેમ કેરી સાંકળી;
સહભાગી થઇ સંસારમાં, દાંપત્યધર્મ દીપાવવા;

પુષ્પાવતીનો ભેદ પ્રિયતમ ! આજ ખુલ્લો થાય છે,
ઇચ્છિત વર પામી અહા ! ઉર હર્ષથી ઉભરાય છે;
દીન કિંકરીની એક છેલ્લી માગણી ઉર ધારશો,
કરી મુક્ત મ્હારા તાતને, દઈ જીવનદાન, ઉગારશો. ૪

ઉપર્યુક્ત વર્ણનના શ્રવણથી દિલીપસિંહના હૃદયમાં કેવો અલૌકિક આનંદ થયો હશે તેની યથાર્થ કલ્પના સુજ્ઞ, વાંચક બંધુ કરી લેશે એવી અમને આશા છે.

અહા ! જેના અતુલનીય લાવણ્યની પ્રશંસા સાંભળી અનેક રાજછત્રધારીઓ પોતાનું સર્વસ્વ સમર્પવા તૈયાર થયા હતા. જેને વરવાની આશામાં અનેક યુવરાજો સત્તા અને સામર્થ્યનું ભાન ભૂલી દીવાના દર્દીની દશા ભોગવતા હતા તે સૌંદર્યની સાક્ષાત પ્રતિમા દિલીપસિંહ પાસે પ્રેમ ભિક્ષા માગી તેની અર્ધાંગના થવા ચ્હાય છે. દિલીપસિંહે વિશ્વનું આ અમૂલ્ય રત્ન અર્પવા માટે વિશ્વપતિનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો ત્યાર

પણ તાત અંગત દ્વેષથી મુજ પ્રાર્થના ઉર ના ધરે,
આશા–તરૂવર છેદવાના, ક્રૂર યત્નો આદરે;
વૃદ્ધિ થતાં વિવાદની, નાખી મ્હને કારાગૃહે,
દર્શન વિના રસરાજનાં, નિર ઉષ્ણ નયનોમાં વહે. ૨

પણ અર્જ દિન અબળાતણી, ઇશ ચર્ણમાં પહોંચી ગઇ.
કરી મુક્ત મુજને દાસીએ, ઇચ્છા સફળ મનની થઇ,
વળી સાંભળી વિગ્રહ ખબર, કર્તવ્યશર કરમાં ધર્યું;
રક્ષક બની નર વેશમાં, રઘુવીરનું અંતર હર્યું. ૩

પછી કુસુમપુરપતિએ જેમ શ્રીકૃષ્ણ પ્રભુએ પોતાની હૃદયેશ્વરી રૂક્મિણીની માગણીને માન આપી રૂકમૈયાનો વધ કરવા માટે લંબાવેલું પ્રાણહારક શસ્ત્ર પાછું ખેંચી લીધું હતું. તેમ સામંતસિંહને બંધનમુક્ત કરી અત્યંત સન્માન પૂર્વક પોતાની પાસે બોલાવ્યો.

આ વખતે પુષ્પાવતી બાજુના ખંડમાં ચાલી ગઇ હતી. સામંતસિંહ અદ્યાપિ જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાતો અંધકારમય કારાગૃહમાં અનેક પ્રકારના વિચાર કરતો હતો. પોતે કનકપુરમાં પુત્રીને કેવી કરૂણાજનક સ્થિતિમાં મૂકી આવ્યો હતો. તેનો અત્યારે તેને લેશમાત્ર ખ્યાલ નથી. તેની મનોદેવતા તેને નિરંતર એમજ સૂચવતી હતી કે આવીજ અનુકંપાજનક દશામાં એક દિવસ જીવન દીપક બૂઝાઈ જશે. પરંતુ આજે અચાનક દિલીપસિંહે બંધનમુક્ત કરી અત્યંત સત્કાર પૂર્વક બોલાવ્યો એ જોઇ તેના આશ્ચર્યનો અવધિ થયો. તે મ્લાન મુખ વડે પૃથ્વી ભણી મુખ કરી જોઇ રહ્યો. દિલીપસિંહના વિશાળ હૃદયમાંથી અમૃતધારા છૂટવા લાગી ! સામંતસિંહજી ! આપે જો કે ક્ષત્રિયધર્મનું ઉલ્લંઘન કરી મ્હારી સાથે દગાબાજીનો દાવ ખેલી ક્ષત્રિયવંશની ચળકતી પ્રતિભાને લાંછન લગાડવા જેવું કર્યું છે. તથાપિ પરાજય પામેલા રિપુને ક્ષમા અર્પી અપકારનો બદલો ઉપકારથીજ વાળવામાં એક આદર્શ ભૂપતિનું ગૌરવ સમાયેલું હોવાથી હું કનકપુરનું રાજ્ય પુનઃ આપને સ્વાધીન કરૂં છું !

ખચીત! જે અસર જીવનઘાતક શસ્ત્ર વડે નથી થઇ શકતી તે ક્ષમાના પરિબળ વડે સહજ વારમાં થઇ શકે છે. સામંતસિંહ શરમથી મુખને ઉંચું કરવાનું પણ સાહસ ન કરી શક્યો. પોતાનો અક્ષમ્ય પ્રમાદ અને નીચતા યુક્ત વર્તન તેના અંતઃકરણમાં શલ્ય સમાન ખૂંચવા લાગ્યાં. તેણે અત્યંત વિશાદયુક્ત વાણીથી કહ્યું રાજેન્દ્ર! જે અસહ્ય વેદના મ્હને કારાગૃહનાં દારૂણ કષ્ટ વડે નહોતી થતી તે આપનાં નમ્રતા ભરેલાં વચનો વડે થાય છે. કીર્તિહીન જીવન ધારણ કરવા કરતાં આત્મઘાત કરી સર્વેશ્વરના શરણમાં જવાનું મને વધારે સારૂં જણાય છે. હવે મને સ્પષ્ટ સમજાય છે કે મહાન રાજયનો ગર્વ કરી અકારણ યુદ્ધ ઉપસ્થિત કરવું એ મોતને આમંત્રણ કરવા સમાન છે.

દિલીપસિંહ—આપના ઉત્કૃષ્ટ ઉદ્દગારો ઉદાર હ્રદયનો પરિચય કરાવે છે. પોતાની પ્રમાદશીલતા માટે આપ આટલી સીમા પર્યંત અંતઃકરણપૂર્વક પશ્ચાત્તાપ કરો છો એ જોઇ આપને માટે મારા હ્રદયમાં મોટું માન ઉત્પન્ન થાય છે. કૃપા કરી હવે ગતવાતનું વારંવાર સ્મરણ કરી અંતરને વ્યથિત કર્યા વિના આનંદ પૂર્વક પૂર્વવત કનકપુરની પ્રજાનાપાલનના કર્તવ્યમાં ઉદ્યુક્ત થાઓ.

સામંતસિંહ પણ એક આદર્શ ક્ષત્રિય ભૂપાળ હતો. આ સ્વર્ગીય ઉદારતાનો યતકિંચિત અદલો આપવાની તેને સ્વાભાવિક ઇચ્છા થઇ. તેણે ઘણીવાર સુધી મન સાથે વિચાર કર્યો. એટલામાં અચાનક તેને પુષ્પાવતીનું સ્મરણ થયું તત્કાળ તેણે દિલીપસિંહને

કહ્યું પ્રતાપી નરેન્દ્ર ! આપના મહાન્ ગુણોથી મુગ્ધ થઇ હુ આપને એક અમૂલ્ય રત્ન આપવા ઇચ્છુંછું. મારી ખાત્રી છે કે તમે તેનો સહર્ષ સ્વીકાર કરશો.

દિલીપસિંહ—એવું કયું રત્ન છે સામંતસિંહજી !

સામંતસિંહ—મારી પુત્રી પુષ્પાવતી ! કે જેણે તમારા પરાક્રમની પ્રશંસા સાંભળી ઘણા વખતથી તમને વરવાનો દૃઢ નિશ્ચય કરી રાખ્યો છે. અને એ નિર્ણયમાં મેરૂ સમાન અચળ રહેવાથી જે પોતાના ક્રોધી પિતાની ક્રોધ જવાળાનો ભોગ થઇ અત્યારે કનકપુરના કેદખાનામાં નજર કેદી તરીકે દુ:ખી દિવસ ગુજારે છે ! મારી પુત્રીની ઇચ્છા કેટલી પ્રશંસા પાત્ર હતી તે હવે મને સ્હમજાય છે.

દિલીપસિંહ—કદાચ આપની એ વીરપુત્રી અહીંજ આપનાં નેત્ર સમક્ષ ઉપસ્થિત થાય તો ?

સામંતસિંહ—તો હું હાલજ તેની આંતરિક ભાવના સફળ કરી અક્ષય સુખદાયક આશીષને મસ્તકપર ધારણ કરૂં !

બાજુના ખંડમાં એક ચિરો બેઠેલી પુષ્પાવતીએ પિતાનાં વચન સાંભળતાંજ મહાન્ આશ્ચર્યની વચ્ચે બહાર આવી સામંતસિંહના ચરણમાં શિર નમાવ્યું અને તેના હૃદયપર પ્રતિપળે ઉપસ્થિત થતા તર્ક-વિતર્કને ટાળવા માટે બની ગએલી હકીકતનું ટુંકામાં વર્ણન કરી બતાવ્યું.

સમાપ્ત

ઉપસંહાર.

કિરતારની કરૂણા વડે, પરિપૂર્ણ પુસ્તક થાય છે.
અંતઃકરણ આનંદના, અતિરેકથી ઉભરાય છે.
નિજ દોષની કિંકર ક્ષમા, અંતઃકરણથી ચ્હાય છે.
સર્વેશ વિણ સર્વજ્ઞ ના, કો, વિશ્વમાંહી ગણાય છે. ૧
પુષ્પાવતીનો કર દિલીપના, હસ્તમાં અર્પાય છે.
શોભે યુગલ રતિ–કામનું, મંગળ ગીતો સૌ ગાય છે.
આકાશમાંથી પુષ્પની, વૃષ્ટિ થતી દેખાય છે.
નરનારીઓના હૃદય હર્ષ તણું, ન માપ મપાય છે. ૨
સુણી મરણ પતિનુ કોકિલા, પૃથ્વી ઉપર પટકાય છે!
અશ્રુતણી ધારા વડે, અંતર મલીન ધોવાય છે.
પરિભ્રમમાં વાળી મતિ, ગંગા કિનારે જાય છે.
માયા રહિત જીવન તણો, ઉત્તમ અનુભવ થાય છે. ૩

અગાઉથી ગ્રાહક થનાર ઉદારચિત્ત ગૃહસ્થોનાં નામ.

જાદર.

૨ શ્રીયુત મણિલાલ જેઠાલાલ
૧ ,, લલ્લુભાઇ કાળીદાસ
૧ ,, ખેમચંદ ચુનીલાલ
૧ ,, ચકુલાલ વિઠ્ઠલદાસ
૧ ,, મગનલાલ દેવચંદ
૧ ,, સાંકળચંદ પાનાચંદ
૧ ,, ધરમચંદ મોતીચંદ
૧ ,, રામપ્રસાદ સીતારામ
૧ ,, ચીમનલાલ નરોત્તમદાસ
૧ ,, પુનમચંદ મોહનલાલ
૧ ,, સ્ટેશન માસ્તર નાથાભાઇ
૧ ,, રેવાભાઈ નાથાભાઇ
૨ ,, જેઠાલાલ કેશવલાલ
૧ ,, મણીલાલ મોહનલાલ

મોડાસા.

૧ ,, ભોગીલાલ અખેરચંદ
૧ ,, ચુનીલાલ ગોકળદાસ

રૂપાલ.

૧ શ્રીયુત સાંકળચંદ મનસુખલાલ શાહ

મુંબઇ

૨ શ્રીયુત ઉમિયાશંકર હરગોવિંદ આચાર્ય
૧ શ્રીયુત દામોદરદાસ નરભેરામ
૧ ,, રત્નેશ્વર ખુશાલદાસ

સાદરા.

૧૦ શ્રીયુત ભોગીલાલ દામોદરદાસ વકીલ

વડોદરા.

૨ શ્રીયુત મગનભાઇ શંકરભાઇ
૧ ,, અમૃતલાલ મણીલાલ
૧ ,, મોહનલાલ દયાશંકર

અમદાવાદ.

૧ શ્રીયુત હરગોવિંદ ડોદર શાહ
૧ ,, રમણલાલ રેવાશંકર
૨ ,, આર. એલ. મહેતા
૧ ,, રામશંકર જેઠાલાલ
૧ ,, ખબાલાલ મગનલાલ
૧ ,, રવિશંકર ગણપતરામ
૧ ,, ફુલશંકર દયાશંકર
૧ ,, અંબાલાલ જેઠાલાલ

વડાગામ

૧૫ શ્રીયુત વાસુદેવ શામળદાસ
૧ ,, પુંજીરામ હેમચંદ
૨ ,, પીતામ્બર ઝવેરદાસ
૨ ,, નરસિંહદાસ શાન્તિદાસ
૪ ,, માસ્તરસાહેબ નાથાભાઇ
૪ ,, ખેમચંદ નાથાલાલ
૧ ,, મગનલાલ પુરૂષોત્તમદાસ
૨ ,, પરસોત્તમ ઝવેરદાસ
૨ ,, મગનલાલ શાન્તિદાસ
૨ ,, મોતિસિંહ માલજીભાઇ
૧ ,, દલસુખરામ મોતીરામ
૧ ,, પીતામ્બર પ્રેમચંદ
૬ ,, નવનિધરાયભાઇ પ્રેમાનંદ દનાક
૪ ,, મૂળશંકર ખેમરામ
૨ ,, બાળકૃષ્ણ વલ્લભરામ

સરડોઇ.

૧ શ્રીયુત કાલીદાસ નાનચંદ
૧ ,, કેશવલાલ અંબારામ
૧ ,, હરગોવિંદ ગીરધર

મોડાસા.

૧ શ્રીયુત દેવચંદ વહાલજી
૧ ,, તુલસી ગોવિંદજી
૧ ,, વલ્લવ લીલાચંદ
૧ ,, મગનલાલ ગીરધર
૧ ,, કાશીરામ ત્રીકમદાસ
૧ ,, જેઠાભાઇ કીશોરભાઇ

ગાબટ

૩૦ નામદાર ઠાકોર સાહેબ શ્રી રૂપસિંહજી સાહેબ
૫૦ શેઠ શ્રી ચુનીલાલ કાશીદાસ
૨૦ મીસ્રી ગીરધરલાલ કીશોરભાઇ
૧૦ મીસ્રી અંબાલાલ કાળીદાસ
૧૦ કામદાર સાહેબ શામળદાસ નાનચંદ
૧૦ ફોજદાર સાહેબ સૈયદઅલી કાદરી
૧૦ શ્રીયુત શામળદાસ દલુચંદ
૫ ,, પ્રતાપસિંહ ગુલાબસિંહ
૫ ,, ફકીરદાસ વિરમજી
૪ ,, ગોકળદાસ ભાઇચંદ
૪ ,, પટેલ નાથાલાલ કીશોરદાસ
૩ ,, ચુનીલાલ નાનચંદ
૨ ,, મીસ્રી જીવરામ લાલજીભાઇ
૧ ,, મગનલાલ ખુશાલદાસ
૨ ,, હરગોવિંદ શિવલાલ
૧ ,, મણિલાલ શામળદાસ

૧ ,, ડાહ્યાભાઇ બહેચરરામ
૧ ,, મુળશંકર નાનારામ
૧ ,, બહેચરદાસ વનમાળીદાસ
૧ ,, ચુનીલાલ નરસિંહદાસ
૧ ,, છગનલાલ રાયચંદ
૧ ,, મુળજી કોયાદાસ
૧ ,, ગોકળભાઇ જેચંદભાઇ
૧ ,, પુંજાલાલ ખેમચંદ
૧ મુખી કોદરદાસ કોહ્યાદાસ
૧ પટેલ દલસુખ કીશોરદાસ
૧ શ્રીયૂત દેવશંકર પીતાંબર
૧ ,, બાપુજી સવજી પટેલ
૧ ,, બહેચરદાસ કાળીદાસ
૧ ,, ઇસબમીયાં અમીદમીયાં પટેલ
૧ ,, સદુમીયાં મીરૂમીયાં મલેક રસાણા નાકાદાર
૪ ભોગીલાલ મગનલાલ શાહ

કડીઆદરા.

૮ શ્રીયુત રમણીકલાલ જગજીવનદાસ

વસાઇ

૩ શ્રીયુત વિષ્ણુપ્રસાદ દામોદરદાસ

બોલુંદરા.

૨ શ્રીયુત લક્ષ્મણસિંહજી સાલમસિંહજી

સરડોઇ.

૩ શ્રીયુત જગદેવસિંહ હિંમતસિંહ

રૂદરડી.

૧ શ્રીયુત ચુનીલાલ મણીલાલ

બાલેટા.

૧ શ્રીયુત દલજી ધુલાજી

ચોરીવાડ.

૬ શ્રીયુત મોહનલાલ મોતીરામ

પ્રજપુર.

૧ શ્રીયુત શંકરલાલ કુબેરદાસ

ઈડર.

૧ શ્રીયુત ડાહ્યાલાલ જયચંદ કંદોઇ
૧ ,, હિંમતરામ લક્ષ્મિચંદ

બાદરપુરા

૧૦ શ્રીયુત શંકરલાલ કાળીદાસ
૧ ,, રણછોડલાલ હરીભાઇ

સીણોલ.

૩ શ્રીયુત મણીભાઇ નરસીંહભાઇ

દેશોતર.

૧ શ્રીયુત તુલજારામ જયશંકર

મલાસા

૨૦ શ્રીયુત કીશોરસિંહ લક્ષ્મણસિંહ

દાંતા ભવાનગઢ

૪ શ્રીયુત દોલતસિંહ કેસરીસીંહ

૧ ,, શંભુસિંહ કાળુસિંહ વાઘેલા

૫ ,, શંભુસિંહ માનસિંહ

બામણા.

૨ શ્રીયુત ઉમિયાશંકર જેઠાલાલ

૧ ,, દેવશંકર ધનેશ્વર

૧ ,, નાથાલાલ ધનેશ્વર

૧ ,, ચુનીલાલ જેઠાલાલ

હિંમતનગર.

૪ શ્રીયુત મૂળસિંહ હરલાલજી

૨ ,, રૂપસિંહ સેતાનસિંહજી

૨ ,, વિજયાશંકર દેવશંકર

૪ ,, અલીમહમદ જેથરાજી

,, ગુલામમહમદ જેથરાજી

રૂપાલ.

૫ ,, રેવાશંકર દલસુખરામ

રાયગઢ.

૩ શ્રીયુત મુગટલાલ કેશવલાલ

૨ ,, ઉમિયાશંકર પુનમલાલ

સોનાસણ.

૧ શ્રીયુત ફુલાભાઇ રેવાભાઇ

૧ ,, મથુરભાઇ જેસંગભાઇ

કેસરપુરા

૧ શ્રીયુત ખેમચંદ કસ્તુરદાસ

બરોલી.

૧ શ્રીયુત ભાઇશંકર ખેમરામ

૧ ,, ઝવેરીશંકર મહાશંકર

દેશોત્તર.

૧ શ્રીયુત કેશવલાલ ભગવાનદાસ

૧ ,, સાંકળચંદ નગિનદાસ

ગોતા.

૧ શ્રીયુત ભવાનીશંકર નર્મદાશંકર

ઈડર.

૫ શ્રીયુત જસુભાઇ નરસિંહભાઇ

૧ ,, ચંદુલાલ કાલીદાસ

ધનસુરા.

૧ શ્રીયુત પ્રેમચંદ કાળીદાસ

વસાદરા.

૧ શ્રીયુત તુળશીભાઇ નારણભાઇ

કુકડીઆ.

૧ ફોજદાર સાહેબ બહેચરસીંગજી

મૂડેટી.

૧ કારકુન મોતીજી જેઠાજી

ભીલોડા.

૧ શ્રીયુત શીવશંકર શંભુરામ

૨ ,, ચુનીલાલ મલુકચંદ

૨ ,, સાંકલચંદ તલકચંદ

૧ ,, હાથીરામ કેશવરામ નાકાદાર

૧ ,, મોહનલાલ ભવાનીદાસ

૧ ,, પુરસોત્તમ મોહનલાલ

૧ ,, એમ. એમ. એચ, પી પી. કું.

૧ ,, સોમનાથ સાંકળેશ્વર

૧ ,, ભવાનીશંકર રઘુરામ

બામણાં.

૧ શ્રીયુત લલ્લુભાઇ ખેમજી નાકાદાર

૧ ,, જીવરામ છગનલાલ

ચોહલા.

૧ શ્રીયુત કહાનલાલ મલુકચંદ

વડાલી.

૧ શ્રીયુત ડાહ્યાલાલ ખુબચંદ

૧ ,, બલદેવ ગુલાબરામ

૧ ,, પ્રલ્હાદજી ચુનીલાલ

ખાણુંશા.

૧ શ્રીયુત ચંદણસિંહ ઉજમસિંહ

મેઘરજ.

૧ શ્રીયુત હરિશંકર ત્રીભોવન

સરસોલી.

૧૦ શ્રીયુત હરગોવિંદ કાશીદાસ

દહેગામડા

૧૦ ઠાકોર સાહેબ શ્રીપ્રતાપસિંહજી

બાકરોલ.

૩ શ્રીયુત ચુચીલાલ નાનચંદ

નરસિંહપુર.

૧ શ્રીયુત ગિરધરલાલ બાળકૃષ્ણ

મણિલાલ જીવરામ ગાંધીકૃત અન્ય પુસ્તકો.

અભિમન્યુનું યુદ્ધગમન—આ પુસ્તકમાં અભિમન્યુ અસાધારણ વિરતા, [illegible] હૃદયદ્રાવક સ્વપ્ન, ભારતવર્ષની પ્રાચીન, અર્વાચીન તુલના, વિષયો આલ્હાદક શૈલીથી આલેખેલા છે. ઉંચા ગ્લેઝડ કાગ કીંમત માત્ર ૦—૬—૦.

સરસ્વતી લેખમાળા—આ લેખમાળાની અંદર કવિતા રૂપમાં કેટલાક મનોરંજન સં૦ યોજેલા છે. આ ઉપરાંત 'બાળલગ્નનું દુઃખકારક પરિણા 'દશા પરિવર્તન' અને 'શ્વસુરગૃહે સિધાવતી પુત્રીને 'માતા ઉપદેશ' ઈત્યાદિ વિષયો રસપૂર્ણ ભાષામાં લખેલા છે. અંતિમ કાવ્ય, આધુનિક આર્ય બાળાઓને અંતરમાં ઉતારવા લાયક છે. કીંમત માત્ર ૦—૨—૦.

વસંત-સુલોચના—કન્યાવિક્રયની હૃદયવેધક પ્રણાલિકાનું તાદૃશ્ય ચિત્ર દર્શાવનાર, પતિભક્તીનો પવિત્ર સિદ્ધાન્ત સમજાવનાર અને દગાના દુઃખદાયક પરિણામની પ્રતિતી કરાવનાર સામાજીક નવલકથા. પૃષ્ઠ લગભગ ૧૫ કીંમત માત્ર ૦—૮—૦.

સૌભાગ્ય-લક્ષ્મી—(નાટક) સાક્ષરોના ઉત્તમ અભિપ્રા પામેલું ત્રીઅંકી નાટક. કીંમત ૦—૮—

પુસ્તકો મળવાનું ઠેકાણું:—

મણિલાલ જીવરામ ગાંધી [બાદરપુર

હેડ માસ્તર, એ. વી. સ્કુલ,

ગાબટ (મહિકાંઠા) તલોદ સ્ટેશન થઈ